# Government of Gujarat
# Legal Department

# Bombay Act No. XXIX of 1950
# The Bombay Public Trusts Act, 1950
# (As modified upto 31st December, 1980)

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

સન ૧૯૫૦નો મુંબઈ અધિનિયમ નંબર - ૨૯

મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦

(સન ૧૯૮૦ના ડિસેમ્બર મહિનાની (૩૧મી તારીખ સુધી સુધાર્યા મુજબ)

**Printed in India by the Manager, Government Press Bhavnagar, Published by the Director, Government Printing , Publications And Stationery, Gujarat State, Ahmedadad.**

**1982**

**[Price Rs. 3-80 Paisa]**

# THE BOMBAY PUBLIC TRUST ACT, 1950.

## મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦

## અનુક્રમણિકા

પ્રસ્તાવના

કલમો


પ્રકરણ-૧

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, અમલ અને લાગુ પાડ્યા બાબત.

૨. વ્યાખ્યા.

૨ક. (રદ કરી)

૨ખ. ગુજરાતના જે ભાગને અધિનિયમ લાગુ પડતો હોય તે ભાગ પૂરતા અધિનિયમમાંના કેટલાક ઉલ્લેખો અન્વય.

પ્રકરણ-૨

મહેકમ

૩. ચેરિટી કમિશનર.

૩ક. સંયુકત ચેરિટી કમિશરો.

૪. ચેરિટી કમિશનરની અને સંયુકત ચેરિટી કમિશનરની નિમણૂંક માટેની લાયકાત.

૫. નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો.

૬. તાબાના અધિકારીઓ.

૬ક. ચેરિટી કમિશનર અને બીજા અધિકારીઓ રાજય સરકારના નોકરો ગણાશે.

૬ખ. ચેરિટી કમિશનર, વગેરેના પગારો, પેન્શનો વગેરેનું ખર્ચ સરકારને સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાંથી આપવા બાબત.

૭. એસેસરો.

૮. સત્તા સોંપવા બાબત.

પ્રકરણ - ૩

સખાવતી હેતુઓ અને કેટલાંક સાર્વજનિક ટ્રસ્ટોના કાયદેસરપણા બાબત.

૯. ધર્માદા હેતુઓ.

૧૦. અનિશ્ચિતાના કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ ગણાશે નહિ.


(પુ)-એચ-૫૧૧-(૧).

૧૧. બિન-સખાવ

તી અથવા બિન-ધાર્મિક હેતુ માટે રદબાતલ હોય એ કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

૧૨. ફરજ ન હોવાના કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

૧૩. નિર્દિષ્ટ ઉદેસ રહ્યો ન હોવાથી અથવા મંડળી વગેરે અસ્તિત્વમાં ન રહેવાથી સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

## પ્રકરણ - ૩

## સાર્વજનીક ટ્રસ્ટોની નોધણી

૧૪. પ્રદેશો અને પેટા-પ્રદેશો.

૧૫. સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસ.

૧૬. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસના ઉપરી બનશે.

૧૭. ચોપડા, સૂચિઓ, અને રજિસ્ટરો.

૧૮. સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી.

૧૯. નોંધણી માટે તપાસ.

૨૦. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિસનરોનો નિર્ણય.

૨૧. રજિસ્ટરમાં કરવાની નોંધો.

૨૨. ફેરફાર.

૨૨ક. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કરવાની વધુ તપાસ.

૨૨ખ. જે સાર્વજનિક ટ્રસ્ટ અગાઉથી નોંધાયેલું હોય તેનાં નામે ટ્રસ્ટની મિલકતની નોંધણી કરવા, વગેરે બાબત.

૨૨ગ. કેટલાક અધિકારીઓ અને સત્તાધિકારીઓ પાસે અગાઉ નોંધણી કરેલ ટ્રસ્ટની સ્થાવર મિલકતની વિગતોની નોંધણી કરવા બાબત.

૨૩. ટ્રસ્ટની મિલકત જુદા જુદા પ્રદેશો અથવા પેટા-પ્રદેશોમાં આવેલી હોય ત્યારે કાર્યરીતિ.

૨૪. તપાસનું કામ અટકાવવા બાબત.

૨૫. સાર્વજનિક ટ્રસ્ટ બાબતની તપાસ એકથી વધુ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કરવી નહિ.

૨૬. કોર્ટે ચુકાદાની નકલ ચેરિટી કમિશનરે મોકલી આપવી.

૨૭. (રદ કરી)

૨૮. અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કાયદાઓ હેઠળ અગાઉ નોંધવામાં આવેલા સાર્વજનિક ટ્રસ્ટો.

૨૮. સબ-રજિસ્ટ્રારને, મહેસૂલી અને સ્થાનિક સત્તામંડળોને મોકલવાની સ્થાવર મિલકતને લગતી નોંધોની નકલ.

૨૮ખ. (રદ કરી)

કલમો

૨૯. વિલથી કરેલું સાર્વજનિક ટ્રસ્ટ.

૩૦. રજિસ્ટરમાં નોંધેલી સ્થાવર મિલકતની વિગતોની ખબર હોવા બાબત.

૩૧. દાવો સાંભળવા અથવા નિર્ણય કરવા ઉપર પ્રતિબંધ.

## પ્રકરણ-૫

## હિસાબ અને ઓડિટ

૩૨. હિસાબ રાખવા બાબત.

૩૩. હિસાબોનું સરવૈયું કાઢવા અને ઓડિટ કરવા બાબત.

૩૪. સરવૈયું તૈયાર કરવાની અને અનિયમિતતા, વગેરે જણાવવાની ઓડિટરની ફરજ.

૩૫. સાર્વજનિક ટ્રસ્ટના પૈસાનું રોકાણ.

૩૬. સાર્વજનિક ટ્રસ્ટની સ્થઆવર મિલકત તબદીલ કરવા બાબત.

## પ્રકરણ-૬

## નિયંત્રણ

૩૭. તપાસ અને તપાસણીની સત્તા.

૩૮. ઓડિટરના હેવાલ વિષે મોકલવા બાબત.

૩૯. ચેરિટી કમિશન્રને હેવાલ મોકલવા બાબત.

૪૦. કલમ ૩૯ હેઠળના હેવાલ ઉપર ચેરિટી કમિશનરનો નિર્ણય.

૪૧. સરચાર્જનો હુકમ.

૪૧ક. ટ્રસ્ટીઓને અને બીજી વ્યક્તિઓને સૂચનો આપવાની ચેરિટી કમિશનરની સત્તા.

## પ્રકરણ-૭

## ચેરિટી કમિશનરનાં બીજાં કાર્યો અને સત્તા.

૪૨. ચેરિટી કમિશનર સંસ્થાપિત વ્યક્તિ ગણાશે.

૪૩. ચેરિટી કમિશનર સન ૧૮૯૦ના છઠ્ઠા અધિનિયમ હેઠળ સખાવતી દેણગીઓનો કોષાધ્યક્ષ રહેશે.

૪૪. ચેરિટી કમિશનર સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરી શકશે.

૪૫. ટ્રસ્ટ રચનાર ચેરિટી કમિસનરને તેની સંમતિથી સેટલમેન્ટના ટ્રસ્ટી નીમી શકશે.

૪૬. વિલમાં ચેરિટી કમિશનરની ટ્રસ્ટી તરીકે નિમણૂંક.

૪૭. યથાપ્રસંગ, નવો ટ્રસ્ટી અથવા ટ્રસ્ટીઓ નીમવાની કોર્ટની સત્તા.

૪૭કક. અધિનિયમ હેઠળ ટ્રસ્ટી દોષિત ઠર્યો હોય ત્યારે, નવા ટ્રસ્ટીની નિમણૂંક કરવા માટે કોર્ટને અરજી કરવાની ચેરિટી કમિશનરની સત્તા.

૪૭ક. નવા ટ્રસ્ટીમાં મિલકત નિહિત કરવાની કોર્ટની સત્તા.

૪૭ખ. કોર્ટે સખાવતી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ચેરિટી કમિશનરની નિમણૂંક કરવી નહિ અને ચેરિટી કમિશનરે જો સખાવતી કામની વ્યવસ્થા કરવાની હોય તો આવા ટ્રસ્ટનો તેણે સ્વીકાર કરવો નહિ.

૪૮. વહીવટી ખર્ચ નાંખવા બાબત.

૪૯. ચેરિટી કમિશનરે મિલ્કતની તબદીલી કરવા બાબત.

૫૦. સાર્વજનિક ટ્રસ્ટોને લગતા દાવા.

૫૦ક. યોજનાઓ ઘડવાની, એકત્રિત કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની ચેરિટી કમિશનરની સત્તા.

૫૧. દાવા માંડવા માટે ચેરિટી કમિશનરની સંમતિ.

૫૨. દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમો ૯૨ અને ૯૩ સાર્વજનિક ટ્રસ્ટોને લાગુ નહિ પાડવા બાબત.

૫૩. સાર્વજનિક ટ્રસ્ટના લાભ માટે વિલથી આપેલી બક્ષિસ.

૫૪. ધર્માદા.

૫૫. સદંશ હેતુ.

૫૬. અરજી સાંભળવાની કોર્ટની સત્તા.

૫૬ક. સૂચનાઓ મેળવવા માટે અરજી કરવાની ટ્રસ્ટીઓની સત્તા.

૫૬ખ. સાર્વજનિક સખાવતી અથવા ધાર્મિક હેતુઓને અસર કરતી બાબતવાળાં કામો.

## પ્રકરણ ૭-ક

જે ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ અને દેણગીઓ રાજય સરકારમાં નિહિત થાય અથવા જેનો વહીવટ રાજય સરકારમાં નિહિત થાય તે ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ અથવા દેણગીઓ સંબંધમાં ખાસ જોગવાઈ.

૫૬ગ. પ્રકરણ ૭-કની જોગવાઈઓ કેટલીક દેણગીઓને લાગુ પાડવા બાબત.

૫૬ઘ. કેટલીક દેણગીઓ નિહિત થવા બાબત અથવા તેનો વહીવટ સોંપવા બાબત.

૫૬ચ. વહીવટ સમિતિઓ.

૫૬જ. સભ્યપદ માટે ગેરલાયકાત.

૫૬ઝ. નવા સભ્યની નિમણૂક કરવાની સરકારની સત્તા.

૫૬ટ. સમિતિના અધ્યક્ષ અને કોષાધ્યક્ષ.

૫૬ઠ. સમિતિની બેઠકો અને કાર્યરીતિ.

૫૬ડ. પેટા-સમિતિઓની નિમણૂક કરવાની સમિતિની સત્તા.

૫૬ઢ. સમિતિના સેક્રેટરી અને બીજા અધિકારીઓ.

૫૬ત. સેક્રેટરી અને બીજા નોકરોની શરતો.

૫૬થ. સમિતિની સામાન્ય ફરજો.

૫૬દ. ખાલી પડેલી જગા અથવા ખામીને કારણે સમિતિનું કાર્ય ગેરકાયદેસર ગણાશે નહિ.

૫૬ધ. સૂચનો આપવાની રાજય સરકારની સત્તા.

૫૬ન. સમિતિની ફરજો બજાવવાનું ફરમાવવાની અને તેના સંબંધમાં થયેલું ખર્ચ સમિતિના ફંડમાંથી આપવાનું સૂચન કરવાની ચેરિટી કમિશનરની સત્તા, વગેરે.

૫૬પ. સમિતિને પદચ્યુત કરવાની સત્તા.

૫૬ફ. વિનિયમો કરવાની સત્તા.

૫૬બ. આ અધિનિયમની અમુક જોગવાઈઓ દેણગીને લાગુ પડશે નહિ.

## પ્રકરણ-૮

## સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડ

૫૭. સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડ.

૫૮. સાર્વજનિક ટ્રસ્ટો તરફથી સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં ફાળો.

૫૯. દંડ અને ફાળાની વસૂલાત.

૬૦. સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડનો ઉપયોગ.

૬૧. અનુસૂચિમાં જણાવેલા કોઈ અધિનિયમ હેઠલ રચેલું ફંડ આ પ્રકરણ હેઠળ રચેલા સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં જમે કરવાનું રાજય સરકારે ફરમાવવા બાબત.

## પ્રકરણ-૯

## એસેસરો

૬૨. એસેસરોની યાદી.

૬૩. નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેવા માટે બોલાવેલી વ્યક્તિ.

૬૪. એસેસરોને કઈ બાબતોમાં બોલાવવા તે.

૬૫. બોલાવવાના એસેસરોની સંખ્યા.

## પ્રકરણ-૧૦

## ગુનાઓ અને શિક્ષા

૬૬. શિક્ષા.

૬૭. બીજા ગુનાઓ.

પ્રકરણ-૧૧

ચેરિટી કમિશનરોનાં કાર્યો, કાર્યરીતિ, હકૂમત અને અપીલ


૬૮. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની ફરજો, કાર્યો અને સત્તા.

૬૯. ચેરિટી કમિશનરની ફરજો, કાર્યો અને સત્તા.

૭૦. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર નિર્ણય ઉપર અપીલ.

૭૦ક. ચેરિટી કમિશનરે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના સમક્ષના રેકર્ડો અને કાર્યવાહી મંગાવવી અને તપાસવી.

૭૧. મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલને અપીલ.

૭૨. કલમ ૪૦, ૪૧, ૫૦ક, ૭૦ અથવા ૭૦ક વગેરે હેઠળના ચેરિટી કમિસનરના નિર્ણય ઉપર અરજી.

૭૩. તપાસ કરતા અધિકારીને દીવાની કોર્ટની સત્તા રહેશે.

૭૪. તપાસ ન્યાનિક તપાસ ગણાશે.

૭૫. મુદ્દત.

૭૬. આ અધિનિયમ હેઠળની કોર્ટ સમક્ષની કાર્યવાહીઓને દીવાની કાર્યરીતિ અધિનિયમ લાગુ પડશે.

૭૭. કલમ ૧૮,૨૦,૪૧,૪૮,૭૯ક, ૭૯-ગ, અથવા ૭૯-ગગ હેઠળ અથવા નિયમો હેઠળ લેણી થતી રકમ વસૂલ કરવા બાબત.


## પ્રકરણ-૧૨

## પરચૂરણ


૭૮. ચેરિટી કમિશનર અને બીજા અધિકારીઓ અને એસેસરો રાજય સેવકો ગણાશે.

૭૯. કોઈ મિલકત સાર્વજનિક ટ્રસ્ટની મિલકત છે કે નહિ તેનો નિર્ણય.

૭૯ક. કાયદેસર કાર્યવાહીઓ અંગે ચેરિટી કમિસનર વગેરેએ કરેલું તમામ પ્રકારનું ખર્ચ વસૂલ કરવા બાબત.

૭૯ખ. હાઈકોર્ટ સહિત કોર્ટો સમક્ષની કાર્યવાહીઓનું ખર્ચ.

૭૯ગ. ચેરિટી કમિશનર વગેરે સમક્ષ ચાલતી કાર્યવાહીનું ખર્ચ.

૭૯ગગ. ચેરિટી કમિશનર વગેરે સમક્ષના ક્ષુલ્લક અથવા ત્રાસદાયક કામ માટે વળતરનું ખર્ચ.

૭૯ઘ. અનુસૂચિ ખ થી ઠરાવેલી રીતે કોર્ટ-ફી આપવી.

૮૦. હકૂમતની મર્યાદા.

૮૧. દાવા અને કાર્યવાહીમાંથી ક્ષતિપૂર્તિ.

૮૨. આ અધિનિયમ હેઠળના ગુનાઓ ઈન્સાફ કરવા બાબત.

૮૩. ફોજદારી કાર્યવાહી માટે ચેરિટી કમિસનરની અગાઉથી સંમતિ લેવી જરૂરી છે.

કલમો

૮૪. નિયમો.

૮૫. રદ કરવા બાબત.

૮૬. રાજયના બીજા વિસ્તારોમાં સન ૧૯૫૦ના મુંબઈના ૨૯મા અધિનિયમના આરંભ થયાના પરિણામે વધુ અધિનયમો રદ કરવા બાબત અને અપવાદરૂપ ઠરાવ.

૮૭. સન ૧૯૫૪નો ૨૯મો અધિનિયમ લાગુ પડતો હોય તેવા કેટલાક વકફોને અથવા સન ૧૯૫૬નો હૈદરાબાદનો ૩૭મો અધિનિયમ લાગુ પડતો હોય તેવા  ગુરૂદ્વારોને આ અદિનિયમ લાગુ પડશે નહિ.

૮૮. મુશ્કેલી નિવારવા માટે જોગવાઈ.

અનુસૂચિ-ક.

અનુસૂચિ-કક.

અનુસૂચિ-ખ.

સન૧ ૧૯૫૦નો મુંબઈ અધિનિયમનંબર-૨૯

(મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦)

(૧૪મી ઓગષ્ટ, ૧૯૫૦)

સન ૧૯૫૦ના મુંબઈના ૪૭મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૧ના મુંબઈના ૩૯મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૪ના મુંબઈના ૨૧મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમથી સુધારેલો.

મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ(કોર્પોરેશન) હુકમ, ૧૯૫૯થી સુધારેલો.

સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમથી સુધારેલો.

મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુનરચના) હુકમ, ૧૯૬૦થી  સુધારેલો.

ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધારેલો.

સન ૧૯૬૧ના મુંબઈના ૩૬મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૬૨ના મુંબઈના ૩૧મા અધિનિયમથી સુધારેલો.

સન ૧૯૬૩ના મુંબઈના ૩૧મા અધિનિયમથી સુધારેલો.

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ, સન ૧૯૪૯નું મુંબઈ રાજપત્ર, ભાગ ૫, પાનાં ૨૩૫-૨૩૯.

આ હુકમ ભારત સરકારના ગૃહ મંત્રાલયના સન ૧૯૫૯ના માર્ચ મહિનાની ૨૧મી તારીખના જાહરનામા નંબર એફ-૮/૧૫/૫૭/એસઆર/(આર૦-૫માં પ્રસિદ્ધ કર્યો હતો. તે સન ૧૯૫૯ના એપ્રિલ (વાય)-એચ-૫૧૧-૧.

મુંબઈ રાજયમાં સાર્વજનિક ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોના વહીવટનું નિયમન કરવા અને તેને માકે વધુ સારી જોગવાઈ કરવા માટેનો અધિનિયમ.

મુંબઈ રાજયમાં સાર્વજનિક, ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોના વહીવટનું નિયમન કરવું અને તે માટે વધુ સારી જોગવાઈ કરવી જરૂરી છે, આથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છેઃ-

## પ્રકરણ-૧

## પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, અમલ અને લાગુ પાડવા બાબત.

૧.(૧) આ અધિનિયમ ‘મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અદિનિયમ, ૧૯૫૦’ કહેવાશે.

૧((૨) તે સમગ્ર ૨ (ગુજરાત રાજયને) લાગુ પડશે.)

(૩) આ અધિનિયમ તુરત અમલમાં આવશે પરંતુ તેની જોગવાઈઓ સાર્વજનિક ટ્રસ્ટને અથવા સાર્વજનિક ટ્રસ્ટોના કોઈપણ વર્ગને પેટા-કલમ (૪) હેઠળના જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી તારીખથી લાગુ પડશે.

(૪) રાજય સરકાર, રાજયપત્રમાં જાહેરનામું બહાર પાડીને, કઈ તારીખે આ અધિનિયમની જોગવાઈઓ કોઈ સાર્વજનિક ટ્રસ્ટને અથવા ૩/સાર્વજનિક ટ્રસ્ટોના કોઈ વર્ગને લાગુ પડશે તે નિર્દિષ્ટ કરી શકશે, અને જુદા જુદા વિસ્તારોમાં આવા ટ્રસ્ટો માટે જુદી જુદી તારીખો નિર્દિષ્ટ કરી શકાય.

પરંતુ રાજય સરકાર ેવા જાહેરનામાથી એવું ફરમાવી શકશે કે કોઈ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગ આ અધિનિયમની જોગવાઈઓમાંથી તેમાં નિર્દિષ્ટ કરેલી તારીખેથી મુક્ત રહેશે :

વધુમાં, તે પ્રમાણે લાગુ પાડવાનું અથવા મુક્તિનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તે પહેલાં, તેનો મુસદ્દો રાજયપત્રમાં ઠરાવવામાં આવે તેવી બીજીરીતે, જેમને અસર પહોંચવાનો સંભવ હોય વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવો જોઈશે, અને તે સાથે, કઈ તારીખે અથવા તારીખ પહેલાં અથવા સૂચનો સ્વીકારવામાં આવશે અને કઈ તારીક પછી તે મુસદા ઉપર વિચારણા ચલાવવામાં આવશે તે નિર્દિષ્ટ કરતી નોટિસ પણ પ્રસિદ્ધ કરવી જોઈશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી વિરૂદ્ધ ન હોય તો,-

(૧) ''એસેસર'' એટલે કલમ ૭ હેઠળ એસેસર તરીકે નીમેલી વ્યક્તિ :

(૨) ''મદદનીશ ચેરીટી કમિશનર'' એટલે કલમ ૫ હેઠળ નિમાયેલા મદદનીશ ચેરીટિ કમિશનર.

(૩) ''ચેરિટી કમિશનર'' એટલે કલમ ૩ હેઠળ નિમાયેલા કમિશનર :

(૪) ''કોર્ટ'' એટલે બૃહદ મુંબઈમાં સિટી સિવિલ કોર્ટ અને બીજે સ્થળે જિલ્લા કોર્ટ.

(૫) ''નાયબ ચેરિટી કમિશનર'' એટલે કલમ ૫ હેઠળ નિમાયેલા નાયબ ચેરિટી કમિશનર.

૧. સન ૧૯૬૦ના મુંબઈના છઠ્ઠા અધિનિયમની કલમ ૩(ક)થી અસલને બદલે આ પેટા-કલમ મૂકી છે.

૨. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતિકરણ હુકમ, ૧૯૬૦થી ''મુંબઈ રાજયને'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના છઠ્ઠા અધિનિયમની કલમ ૩ (ખ)થી ''સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગ'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(૬) ''હિન્દુ'' એ શબ્દમાં, જૈન, બૌદ્ધ અને શીખનો સમાવેશ થાય છે.

(૭) ''ઈન્સપેકટર'' એટલે, કલમ ૬ હેઠળ નિમાયેલો ઈન્સ્પેકટર :

૧(૭-ક) ''ટ્રસ્ટનો લેખ'' એટલે જે લેખ દ્વારા ટ્રસ્ટના કર્તાએ ટ્રસ્ટ કર્યું હોય તે લેખ અને સત્તા ધરાવતા અધિકારીએ ઘડેલી યોજનાનો તેમા સમાવેશ થાય છે.

(૭-ખ) ''સંયુક્ત ચેરિટી કમિશનર'' એટલે કલમ ૩-ક હેઠળ નિમાયેલા સંયુકત ચેરિટી કમિસનર.

(૮) ''મેનેજર'' એટલે (ટ્રસ્ટી સિવાયની) જે વ્યક્તિ તે સમયે પોતે એકલી અથવા બીજી કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓની સાથે કોઈ સાર્વજનિક ટ્રસ્ટની ટ્રસ્ટ કરેલી મિલકતનો વહીવટ કરતી હોય તે વ્યક્તિ અને એ શબ્દમાં નીચેની વ્યક્તિનો સમાવેશ થાય છે -

(ક) કોઈ મઠની બાબતમાં, તે મઠનો ઉપરી,

(ખ) કોઈ વકફની બાબતમાં, તે વકફનો મુત્તવલ્લી,

સન ૧૮૬૦નો ૨૧મો.

(ગ) મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હઠળ નોંધાયેલી કોઈ મંડળીની બાબતમાં, તે મંડળીની મિલકત ટ્રસ્ટીને હસ્તક ન હોય, તો તેનું સંચાલક મંડળ :

(૯) ''મઠ'' એટલે શિષ્યમંડળને ધાર્મિક શિક્ષણ આપવાની અથવા તેમને માટે આધ્યાત્મિક સેવા કાર્ય કરવાની જેની ફરજ હોય અથવા શિષ્યમંડળ ઉપર જે આધિપત્ય ચલાવતી હોય અથવા આધિપત્ય ચલાવવાનો દાવો કરતી હોય તે વ્યક્તિના આધિપત્યવાળી હિન્દુ ધર્મની પ્રગતિ માટેની સંસ્થા, અને તે શબ્દમાં તે સંસ્થા સાથે જોડાયેલી ધાર્મિક પૂજાચર્ચા અથવા શિક્ષણના સ્થળોનો સમાવેશ થાય છે.

(૧૦) ''હિત ધરાવતી વ્યક્તિ'' માં ૨ (નીચેનાનો સમાવેશ થાય છેઃ-)

(ક) કોઈ મંદિરની બાબતમાં, જે વ્યક્તિ તે મંદિરમાં પૂજાચર્ચા અથવા પ્રાર્થના થતી વખતે હાજર રહેવાનો હકદાર હોય અથવા જેને હાજર રહેવાની ટેવ હોય, અથવા જે પ્રસાદની વહેંચણીમાં ભાગ લેવાને હકદાર હોય અથવા જેને ભાગ લેવાની ટેવ હોય તે વ્યક્તિનો.

(ખ) કોઈ મઠની બાબતમાં, જે મઠનો શિષ્ય અથવા મઠનો જે ધાર્મિક પંથ હોય તે પંથની વ્યક્તિનો.

(ગ) વકફની બાબતમાં, તે વકફમાંથી કાંઈપણ આર્થિક અથવા બીજો લાભ મેલવવાનો જેને હક હોય તે, ૧ (વ્યક્તિનો સમાવેશ થાય છે.) અને તે શબ્દમાં તે વકફ સાથે સંબંધ ધરાવતી કોઈ મસ્જીદ, ીદગાહ, ઈમામબાર, દરગાહ, મકબરા અથવા બીજી ધાર્મિક સંસ્થામાં પૂજાઅર્ચા કરવાનો અથવા કોઈ ધાર્મિક ક્રિયા કરવાનો અથવા વકફ મુજબ કોઈ ધાર્મિક અથવા સખાવતી સંસ્થામાં ભાગ લેવાનો જેને હક હોય તે વ્યક્તિનો,

સન ૧૮૬૦નો ૨૧મો.

(ઘ) મંડલી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટ્રર થયેલી મંડળીની બાબતમાં, તે મંડળીના કોઈ સભ્યોનો, અને

(ચ) બીજી કોઈ સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, કોઈ હિતાધિકારી :

(૧૧) ''ઠરાવેલું'' એટલે નિયમોથી ઠરાવેલું :

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૭ા અધિનિયમની કલમ ૪થી આ ખંડો દાખલ કર્યા છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૨થી અસલ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૨ થી અસલ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૧૨. ''સરકારી જામીનગીરીઓ'' એટલે -

(ક) કેન્દ્ર સરકારની અથવા કોઈ રાજય સરકારની જામીનગીરીઓ,

(ખ) જેનો વ્યાજ અથવા ડિવિડન્ડ માટે કેન્દ્ર અથવા રાજય સરકારે બાંયધરી આપી હોય તેવી રેલ્વે અથવા બીજી કંપનીઓના સ્ટોકો, ડીબેન્ચરો અથવા શેરો.

(ગ) કેન્દ્ર અથવા રાજય વિધાનમંડલના અધિનિયમથી મળેલી સત્તાની રૂએ કોઈ સ્થાનિક સત્તામંડળે કાઢેલ અથવા તેના વતી કાઢવામાં આવેલ નાણાં માટેનાં ડીબેન્ચરો, અથવા બીજી જામીનગીરીઓ,

(ઘ) રાજય સરકાર આ અર્થે કરે તે હુકમથી સ્પષ્ટ રીતે અધિકૃત કરેલી જામીનગીરી.

સન ૧૮૬૦નો ૨૧મો.

(૧૩) ''સાર્વજનિક ટ્રસ્ટ'' એટલે સાર્વજનિક ધાર્મિક અથવા સખાવતી હેતુ માટેનું અથવા એ બન્ને હેતુ માટેનું સ્પષ્ટ અથવા અન્વયસિદ્ધ ટ્રસ્ટ અને તે શબ્દોમા કોઈ દેવળ, મઠ, વકફ ૨ (ધર્માદા) અથવા બીજી કોઈ ધાર્મિક અથવા સખાવતી દેણગીનો અને ધાર્મિક અથવા સખાવતી હેતુ માટે અથવા એ બંને હેતુ માટે રચેલી અને મંડળી નોંધણી મંડળીનો સમાવેશ થાય છે :

(૧૪) ''પ્રદેશ'' અથવા ''પેટા-પ્રદેશ'' એટલે એવી રીતે નામ આપેલા જે વિસ્તારો માટે આ અધિનિયમ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટોની રજિસ્ટ્રેસન ઓફિસ સ્થાપવામાં આવી હોય તે વિસ્તારોઃ

(૧૫) ''નિયમો'' એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો :

(૧૬) ૩ (★ ★ ★ ★ ★ ★)

(૧૭) ''મંદિર'' એટલે જે સ્થળ ગમે તે નામે સાર્વજનિક ધાર્મિક પૂજાસ્થાન તરીકે ઓળખાતું અથવા વપરાતું હોય અને જે હિન્દુ કોમને અથવા તેના કોઈ ભાગને અથવા તેના લાભ માટે સાર્વજનિક ધાર્મિક પૂજાસ્થાન તરીકે અર્પણ કર્યું હોય અથવા જેનો તે કોમ અથવા કોમનો ભાગ હકની રૂએ તેનો સ્થાન તરીકે ઉપયોગ થતો હોય તે સ્થળ :

(૧૮) ''ટ્રસ્ટી'' એટલે જેને`કલીને અથવા બીજી વ્યક્તિઓની સાથે મળીને ટ્રસ્ટની મિલકત સોંપવામાં આવી હોય તે વ્યક્તિ, અને એ શબ્દમાં મેનેજરનો સમાવેશ થાય છે :

(૧૯) ''વકફ'' એટલે ઈસ્લામ ધર્મ પાળનારી વ્યક્તિએ ઈસ્લામી કાયદાની રૂએ, પવિત્ર, ધાર્મિક અથવા સખાવતી ગણાતા કોઈ હેતુ માટે, કોઈ સ્થાવર અથવા જંગમ મિલકત કાયમને માટે અર્પણ કરી હોય તે, અને તે શબ્દમાં સતત ઉપયોગ કરવાથી થયેલા વકફનો પણ સમાવેશ થાય છે. પરંતુ મુસલમાન વકફ કાયદેસર ઠરાવવા બાબતના અધિનિયમ, ૧૯૧૩ની કલમ ૩માં વર્ણન કરવામાં આવેલા જે વકફ હેઠળ કોઈ લાભ માટે, જેણે તે વકફ કર્યું હોય તે વ્યક્તિ, તેના પોતાના માટે અથવા તેના કુટુંબના કોઈ સભ્ય અથવા વંશજ, તે સમયે માંગણી કરી શકે તેનો સમાવેશ થતો નથી :

(૨૦) આ અધિનિયમમાં જે શબ્દો અને સંજ્ઞાઓ વાપરવામાં આવી હોય, પરંતુ જેમની વ્યાખ્યા આ અધિનિયમમાં આપી ન હોય પણ ભારત ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨માં આપી હોય, તેમનો તે અધિનિયમમાં જે અર્થ થતો હોય તે અર્થ થાય છે એમ સમજવું.

૨.ક (મહેસુરના જે ભાગને અધિનિયમ લાગુ પડતો હોય તે ભાગ પૂરતા અધિનિયમમાંના કેટલાક ઉલ્લેખોનો અન્વય) સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૫થી રદ કરી.

૨. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૨ થી આ શબ્દ મૂકયો છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૩૯મા અધિનિયમની કલમ ૨ અને પહેલી અનુસૂચિથી ખંડ (૧૬) રદ કર્યો છે.

૧/૨ ખ. ગુજરાત રાજયના જે ભાગને આ અધિનિયમ લાગુ પડતો હોય તે ભાગને સદરહુ અધિનિયમ લાગુ પાડતી વખતે તેમાં ગમે તે શબ્દોથી કરેલા -

(૧) રાજય અથવા રાજય સરકાર અથવા હાઈકોર્ટ વિષેનો કોઈ ઉલ્લેખ ગુજરાત રાજય, ગુજરાત સરકાર અથવા ગુજરાતની હાઈકોર્ટ વિષેનો ઉલ્લેખ હોય,

(૨) મુંબઈ મહેસુલ ટ્રિબ્યુનલ વિષેનો કોઈ ઉલ્લેખ, મુંબઈ મહેસુલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૫૭ હેઠળ ગુજરાત મહેસુલ ટ્રિબ્યુનલ વિષેનો ઉલ્લેખ હોય એમ સમજવું.)

સન ૧૯૫૮નો ૨૧મો.

ગુજરાતના જે ભાગને અધિનિયમ લાગુ પડતો હોય તે ભાગ પૂરતા અધિનિયમમાંના કેટલાક ઉલ્લેખોનો અન્વય.

૧. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતતીકરણ હુકમ, ૧૯૬૦થી કલમ ૨-ખ દાખલ કરી છે.

(વાય) - એચ-૫૧૧-૨.

## પ્રકરણ-૨

## મહેકમ

૩.　૨(રાજય સરકાર), રાજયપત્રમાં જાહેરનામું બહાર પાડીને, ચેરિટી કમિશનર નામના અધિકારી નીમી શકશે, અને તે અધિકારી આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તેની રૂએ તેને મળી હોય તે સત્તા વાપરશે અને તે ફરજો અને કાર્યો બજાવશે, અને રાજય સરકાર કરે તે સામાન્ય અથવા ખાસ હુકમોને આધીન રહીને ૩ (સમગ્ર રાજયમાં) આ અધિનિયમના અમલ વહીવટ ઉપર દેખરેખ રાખશે અને તેની જોગવાઈઓનો અમલ કરશે :

સન ૧૯૬૦નો મુંબઈનો ૨૧મો.

૪) પરંતુ મુંબઈ વૈધાનિક કોર્પોરેશન (પ્રાદેશિક પુર્નરચના) અધિનિયમ ૧૯૬૦ હેઠળ કરેલા મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુર્નરચના) હુકમ, ૧૯૬૦ના આરંભ વખતે અને ત્યારપછી રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચેરિટી કમિશનર, મુંબઈ અને ચેરિટી કમિશનર, ગુજરાત, એ નામે જુદા જુદા અધિકારીઓ નીમી શકશે અને આવા જુદા જુદા અધિકારીઓની હકૂમત તે અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે અનુક્રમે મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રદેશ પૂરતી રહેશે. બે જુદા જુદા ચેરિટી કમિશનરો નીમવામાં આવે ત્યારે, આ અધિનિયમમાં ચેરિટી કમિશનર વિષેનો ઉલ્લેખ હોય એમ સમજવું.)

સંયુક્ત ચેરિટી કમિશનરો.

૧(૩-ક, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, સંયુક્ત ચેરિટી કમિશનરો નામના એક અથવા વધારે અધિકારીઓ નીમી શકશે અને આવા સંયુક્ત ચેરિટી કમિશનરો ચેરિટી કમિશનરના નિયંત્રણને અને રાજય સરકાર કરે તે સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન, રહીને, ચેરિટી કમિશનરની તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા વાપરી શકશે અને તેની તમામ ફરજો અને કાર્યો અથવા તે પૈકી કોઈ ફરજ અથવા કાર્ય બજાવી શકશે.)

ચેરિટીકમિસનરની ૪ અને સંયુક્ત ચેરિટી કમિશનરની(નિમણૂક માટેની લાયકાત.)

૨(૪-૩) ચેરિટી કમિશનર અથવા સંયુક્ત ચેરિટી કમિશનર તરીકે નિમાનારી વ્યક્તિ નીચે જણાવેલ વ્યક્તિ હોવી જોઈએ.

(ક)　જે વ્યક્તિ જિલ્લા ન્યાયાધીશના અથવા મુંબઈ સીટી સિવિલ કોર્ટના ન્યાયાધીશ અથવા પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના દરજ્જાથી ઉતરતો ન હોય તે દરજ્જાનો ન્યાયિક હોદ્દો ધરાવતી હોય અથવા જેણે ધરાવ્યો હોય તે વ્યક્તિ, અથવા

(ખ)　જે વ્યક્તિ ઓછામાં ઓછા દસ વર્ષની મુદત માટે -

(૧)　ભારતના બાર કાઉન્સિલ અધિનિયમ, ૧૯૨૬ હેઠળ નોંધાયેલ એડવોકેટ હોય,

(૨)　હાઈકોર્ટનો એટર્ની હોય, અથવા

સન ૧૯૨૬નો ૩૮મો.

સન ૧૯૨૦નો મુંબઈનો ૧૭મો.

(૩)　મુંબઈ પ્લીડર અધિનિયમ, ૧૯૨૦ હેઠળ નોંધાયેલ પ્લીડર હોય,

તે વ્યક્તિ.)

૫.(૧)જરૂરી જણાય તે પ્રદેશો અથવા પેટા-પ્રદેશો માટે અથવા તે સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગ માટે, જરૂરી ગણાય તેટલી સંખ્યામાં નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો રાજય સરકાર નીમી શકશે.

૫(૨) નાયબ ચેરિટી કમિશનર તરીકે નીમાનારી વ્યક્તિ નીચે જણાવેલી વ્યક્તિ હોવી જોઈએ -

(ક)　જે વ્યક્તિ સિવિલ જજ (સિનિયર ડિવિઝન) ના અથવા મુંબઈના સ્મોલ કોઝ કોર્ટના ન્યાયાધીશના અથવા રાજય સરકારને જે કોઈ હોદ્દો તેને સમાન હોવાનું લાગે તે હોદ્દાના દરજ્જાથી ઉતરતો ન હોય તેવો ન્યાયિક હોદ્દો ધરાવતી હોય અથવા ધરાવ્યો હોય, અથવા

(ખ)　જે વ્યક્તિ ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી -

(૧)　ભારતના બાર કાઉન્સિલ અધિનિયમ, ૧૯૨૬ હેઠળ નોંધાયેલ એડવોકેટ હોય,

(૨)　હાઈકોર્ટનો એટર્ની હોય, અથવા

(૩) મુંબઈ પ્લીડર અધિનિયમ, ૧૯૨૦ હેઠળ નોંધાયેલ પ્લીડર હોય.

(૨ક) મદદનીશ ચેરિટી કમિશનર તરીકે નીમાનારી વ્યક્તિ નીચે જણાવેલ વ્યક્તિ હોવી જોઈએ -

(ક) જે વ્યક્તિ સિવિલ જજ (જુનિયર ડિવિઝન)ના અથવા રાજય સરકારને જે કોઈ હોદો તેને સમાન હોવાનું લાગે તે હોદાના દરજજાથી ઉતરતો ન હોય તેવો ન્યાયિક હોદો ઓછામાં ઓછા ચાર વર્ષ સુધી ધરાવતી હોય અથવા ધરાવ્યો હોય, અથવા

(ખ) જે વ્યક્તિ ઓછામાં ઓછા સાત વર્ષ સુધી,

(૧) ભારતના બાર કાઉન્સિલ અધિનિયમ, ૧૯૨૬ મુજબ નોંધાયેલ એડવોકેટ હોય,

(૨) હાઈકોર્ટનો એટર્ની હોય, અથવા

(૩) મુંબઈ પ્લીડર અધિયિમ, ૧૯૨૦ હેઠળ નોંધાયેલ પ્લીડર હોય.

(૨ક) મદદનીશ ચેરિટી કમિશનર તરીકે નીમાનારી વ્યક્તિ નીચે જણાવેલ વ્યક્તિ હોવી જોઈએ.

(ક) જે વ્યક્તિ સિવિલ જજ (જુનિયર ડિવિઝન)ના અથવા રાજય સરકારને જે કોઈ હોદ્દો તેને સમાન હોવાનું લાગે તે હોદ્દોના દરજજાથી ઉતરતો ન હોય તેવો ન્યાયિક હોદ્દો ઓછામાં ઓછા ચાર વર્ષ સુધી ધરાવતી હોય અથવા ધરાવ્યો હોય, અથવા

(ખ) જે વ્યક્તિ ઓછામાં ઓછા સાત વર્ષ સુધી,

(૧) ભારતના બાર કાઉન્સિલ અધિનિયમ, ૧૯૨૬ મુજબ નોંધાયેલ એડવોટેક હોય,

(૨) હાઈકોર્ટનો એટર્ની હોય, અથવા

(૩) મુંબઈ પ્લીડર અધિનિયમ, ૧૯૨૦ હેઠળ નોંધાયેલ પ્લીડર હોય,) તે વ્યક્તિ

સન ૧૯૨૬નો ૩૮મો

સન ૧૯૨૦નો મુંબઈનો ૧૭મો.

(૩) નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તેની રૂએ ઠરાવવામાં આવે તે સત્તા વાપરશે અને તે ફરજો અને કાર્યો બજાવશે.

૬. ૧(આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે, રાજય સરકાર, ઠરાવેલી લાયકાતો ધરાવતા હિસાબ નિયામકો અને મદદનીશ હિસાબ નિયામકો, ઈન્સ્પેકટરો અને બીજા તાબાના અધિકારીઓ નીમી શકશે) અને આ અધિનિયમ અન્વયેની જરૂરી જણાય તે સત્તા, ફરજો અને કાર્યો તેમને સોંપી શકશે :

૨(પરંતુ સામાન્ય અથવા ખાસ હુકમથી અને પોતાને યોગ્ય લાગે તે શરતોને અધીન રહીને રાજય સરકાર ચેરિટી કમિશનરને અને ૩ (સંયુકત ચેરિટી કમિશનરને) અને નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરોને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ તેમના હાથ નીચેના અધિકારીઓ અને નોકરો નીમવાની સત્તા સોંપી શકશે.)

૫. એજનની કલમ ૯થી આ પેટા-કલમો મૂકી છે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦(ક)થી ''ચેરિટી કમિશનર અને ડેપ્યુટી અને એસિસ્ટન્ટ ચેરિટી કમિનશનરને એ શબ્દોથી શરૂ થતા અને ''તેવા હોદ્દા વાળા બીજા તાબાના અમલદારો નીમવાને'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે આ શબ્દ મૂકયા છે.

૨. સન ૧૯૫૦ના મુંબઈના ૪૭મા અધિનિયમની કલમમ ૨ થી આ પરંતુક ઉમેર્યો છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦(ખ) થઈ આ શબ્દો દાખલ કર્યા છે.

ચેરિટી કમિશનર અને બીજા અધિકારીઓ રાજય સરકારના નોકરો ગણાશે.

ચેરિટી કમિશનર, વગેરેના પગારો, પેન્શનનો વગેરેનું ખર્ચ સરકારને સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાંથી આપવા બાબત.

૧(૬-ક) ૨ (ચરીટી કમિશનર), ૩(સંયુકત ચેરિટી કમિશનર,) નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો, ૩ (હિસાબ નિયામક, મદદનીશ હિસાબ નિયામક) ઈન્સ્પેકટરો અને આ અધિનિયમ હેઠળ નીમવામાં આવેલા બીજા તાબાના અધિકારીઓ અને નોકરો રાજય સરકારના નોકરો ગણાશે અને રાજયના એકત્રિત ફંડમાંથી તેમને તેમનો પગાર અને ભથ્થાં મળશે. એવા અધિકારીઓની નોકરીની શરતો રાજય સરકાર નક્કી કરે તે પ્રમાણેની રહેશે.

૬-ખ. ચેરિટી કમિશનર, ૩ (સંયુક્ત ચેરિટી કમિશનર), નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો, ૩(હિસાબ નિયામક, મદદનીશ હિસાબ નિયામક,) ઈન્સપેકટરો અને આ અધિનિયમ મુજબ નીમવામાં આવેલા બીજા તાબાના અધિકારીઓ અને નોકરોના પગાર, પેન્શન, રજાનાં અને બીજા ભથ્થા માટે રાજય સરકાર નક્કી કરે તેટલું ખર્ચ દર વર્ષે રાજય સરકારના સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાંથી આપવું જોઈશે.)

એસેસરો.

૭.(૧) કોઈ પ્રદેશ અથવા પેટા પ્રદેશ માટે અથવા કોઈ ખાસ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગની બાબતમાં અથવા તે ટ્રસ્ટ અથવા ટ્રસ્ટોના લગતી કોઈ ખાસ બાબત અથવા બાબતોના વર્ગના સંબંધમાં પ્રકરણ ૯માં ઠરાવેલી રીતે એસેસરો નીમવામાં આવશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તેની રૂએ ઠરાવવામાં આવે તે કાર્યો એસેસરો બજાવશે.

સત્તા સોપંવા બાબત

૮.(૧) આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તેની રૂએ ઠરાવવામાં આવે તે કાર્યો એસેસરો બજાવશે.

(૨) પોતાને યોગ્ય લાગે તે શરતોને આધીન રહીને આ અધિનિયમ હેઠળ નિમાયેલા હોઈ અમુક અધિકારીએ વાપરવાની સત્તા અને બજાવવાનાં ફરજો અથવા કાર્યો બીજા કોઈ અધિકારીએ બજાવવાં, એવું પણ રાય સરકાર ફરમાવી શકશે.

૧. સન ૧૯૫૦ના મુંબઈના ૪૭મા અધિનિયમની કલમ ૩ થી કલમો ૬-ક અને ૬-ખ દાખલ કરી છે.

૨. મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુર્નરચના) હુકમ, ૧૯૬૦, અનુસૂચિથી ''ચેરિટી કમિશનર'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬૬ા અધિનિયમની કલમ ૧૧થી આ શબ્દો દાખલ કર્યા છે.

પ્રકરણ -૩

સખાયતી હેતુઓ અને કેટલાક  સાર્વજનિક ટ્રસ્ટોના કાયદેસરપણા બાબત

૯. આ અધિનિયમના હેતુઓ માટે, સખાવતી હેતુમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) ગરીબી અથવા દુઃખ નિવારણ,

(૨) શિક્ષણ

(૩) તબીબી મદદ, અને

(૪) સામાન્ય રીતે સર્વ લોકોપયોગી બીજો કોઈ ઉદ્દેશ આગળ ધપાવવો,

પરંતુ જે હેતુ-

(ક) ફકત રમતગમતને લગતો હોય, અથવા

(ખ) ફકત ધાર્મિક શિક્ષણ  અથવા પૂજાઅર્ચાને લગતો હોય,

તેનો તેમાં સમાવેશ થતો નથી.

૧૦. ગમે તે કાયદ, રિવાજ અથવા પ્રથા હોય, તે છતાં જે વ્યક્તિઓના અથવા જે ઉદ્દેશોના લાભ માટે સાર્વજનિક ટ્રસ્ટ કરવામાં આવ્યું હોય તે અનિશ્ચિત છે અથવા નિશ્ચિત થઈ શકે એમ નથી, એટલા જ કારણે તે ટ્રસ્ટ રદબાતલ ગણાશે નહિ.

અનિશ્ચિતાના કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ-ધર્મ, ધર્માદા, અથવા પુણ્યકાર્ય, પુણ્યદાન, જેવા ઉદ્દેશો માટે કરવામાં આવેલું સાર્વજનિક ટ્રસ્ટ, જે ઉદ્દેશો માટે તે કરવામાં આવ્યું હતું તે અનિશ્ચિત છે અથવા નિશ્ચિત થઈ શકે એમ નથી, તેટલા જ કારણે રદબાતલ છે એમ ગણાશે નહિ.

૧૧. જે હેતુઓમાંથી કેટલાક હેતુઓ સખાવતી અથવા ધાર્મિક હોય અને કેટલાક હેતુઓ સખાવતી અથવા ધાર્મિક ન હોય, તે હેતુઓ માટે કરેલું સાર્વજનિક ટ્રસ્ટ તે બિન-સખાવતી અથવા બિન-ધાર્મિક હેતુના સંબંધમાં રદબાતલ છે એટલા જ કારણે સખાવતી અથવા ધાર્મિક હેતુના સંબંધમાં પણ રદબાતલ છે એમ ગણાશે નહિ.

બિન-સખાવત અથવા બિન-ધાર્મિક હેતુ માટે રદ બાતલ હોય એ કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

ફરજ ન હોવાના કારણે સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

૧૨. ધાર્મિક અથવા સખાવતી હેતુ માટે મિલકતની કરેલી કોઈ વ્યવસ્થા સાર્વજનિક ટ્રસ્ટ તરીકે ફકત એટલા કારણે રદબાતલ ગણાશે નહિ કે જે વ્યક્તિની તરફેણમાં તે કરવામાં આવી હોય તે વ્યક્તિએ સખાવતી અથવા ધાર્મિક ઉદ્દેશ માટે તે ધરાવવી - એવું બંધન, તે વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યું નથી.

૧૩. કોઈ સાર્વજનિક ટ્રસ્ટ સખાવતી અથવા ધાર્મિક પ્રકારના નિર્દિષ્ટ ઉદ્દેશ માટે અથવા સખાવતી અથવા ધાર્મિક હેતુ માટે રચેલી મંડળી અથવા સંસ્થાના લાભાર્થે કર્યુ હોય, તો તે ટ્રસ્ટ નીચેના કારણે રદબાતલ  થાય છે એમ ગણાશે નહિ -

(ક) જે નિર્દિષ્ટ ઉદ્દેશ માટે ટ્રસ્ટ કરવામાં આવ્યું હતું તે પાર પાડવાનું અશક્ય અથવા અવ્યવહારૂ બન્યું છએ, અથવા

(ખ) તે મંડળ અથવા સંસ્થા અસ્તિત્વમાં નથી અથવા અસ્તિત્વમાં રહી નથી, અને સામાન્ય સખાવતી અથવના ધાર્મિક હેતુ માટે તે ટ્રસ્ટની મિલકતનો ઉપયોગ કરવાનો ઈરાદો ન હતો, એ હકીકત હોવા છતાં તે રદબાતલ ગણાશે નહિ.

નિર્દિષ્ટ ઉદ્દેશ રહ્યો ન હોવાથી અથવા મંડળી વગેરે અસ્તિત્વમાં ન રહેવાથી સાર્વજનિક ટ્રસ્ટ રદબાતલ થતું નથી.

(વાય)-એચ-૫૧૧-૩.

## પ્રકરણ-૪

# સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી

પ્રદેશો અને પેટા-પ્રદેશો

૧૪(૧) આ અધિનિયમના હેતુઓ માટે, રાજય સરકાર પ્રદેશો અને પેટા-પ્રદેશો રચી શકશે અને તે પ્રદેશો અને પેટાપ્રદેશોની હોદો ઠરાવી શકાશે અને તેમાં ફેરફાર કરી શકશે.

(૨) આ કલમ હેઠળ રચવામાં આવેલા પ્રદેશો અને પેટા-પ્રદેશો તેમજ તેમની હદો અને તે હદોમાં કરેલો દરેક ફેરફાર રાજપત્રમાં જાહેર કરવાં જોઈશે.

સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસ.

૧૫. દરેક પ્રદેશ અથવા પેટા-પ્રદેશોમાં સાર્વજનિક ટ્રસ્ટોની એક નોંધણી ઓફિસ રહેશે.

પરંતુ બે અથવા વધુ પ્રદેશ અથવા પેટા-પ્રદેશમાં સાર્વજનિક ટ્રસ્ટોની એક નોંધણી ઓફિસો રાખી શકાશે.

વધુમાં એક પ્રદેશ અથવા પેટા-પ્રદેશો માટે સાર્વજનિક ટ્રસ્ટોની એક નોંધણી ઓફિસ રાખી શકાશે.

૧૬. રાજય સરકાર એક અથવા વધુ સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસો અથવા સંયુક્ત સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસોના ઉપરી તરીકે નાયબ ચેરિટી કમિશનર અથવા મદદનીશ ચેરિટી કમિશનર નીમી શકશે.

નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસના ઉપરી બનશે.

૧૭. દરેક સાર્વજનિક ટ્રસ્ટોની ઓફિસમાં અથવા સંયુક્ત સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી ઓફિસમાં ઠરાવવામાં આવે તો ચોપડા, સૂચિઓ અને બીજા રજિસ્ટરો રાખવાની ફરજ ઈન્ચાર્જ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની રહેશે, તે ચોપડા, સૂચિઓ અને રજિસ્ટ્રારમાં ઠરાવવામાં આવે તેવી વિગતો હોવી જોઈશે.

૧૮.(૧) આ અધિનિયમ જેને લાગુ પાડવામાં આવ્યો હોય તે સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીની ફરજ ચે કે તેણે સદરહુ સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે અરજી કરવી.

(૨) તે અરજી ૧(યથા પ્રસંગ) સદરહુ ટ્રસ્ટના વહીવટ માટેની ટ્રસ્ટીની ઓફિસ ૧(અથવા) ટ્રસ્ટની મિલકત ટ્રસ્ટની મિલકતનો મોટો ભાગ) જે પ્રદેશ અથવા પેટા-પ્રદેશની હદમાં હોય તેના નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને કરવી જોઈશે.

(૩) તે અરજી લેખિત હોવી જોઈશ અને ઠરાવવામાં આવે તે નમૂનામાં કરવી જોઈશે અને ઠરાવવામાં આવે તે ફી તેની સાથે મોકલવી જોઈશે.

(૪) તે અરજી -

(ક) આ અધિનિયમ લાગુ પાડવામાં આવ્યો હોય તે પહેલાં કરેલા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, આ અધિનિયમ લાગુ પાડવાની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવી જોઈશે અને

(ખ) આ અધિનિયમ અમલમાં આવે ત્યાર પછી કરેલા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, તે ટ્રસ્ટ કરવામાં આવે ત્યારથી ત્રણ મહિનાની અંદર કરવી જોઈશે.

(૫) તે અરજીમાં બીજી વિગતનોની સાથે નીચેની વિગતો હોવી જોઈશે :

૧(ક-૧) સાર્વજનિક ટ્રસ્ટો જે નામથી જાણીતા હોય અથવા જાણીતા થશે તે નામ (જેનો આમાં હવે પછી સાર્વજનિક ટ્રસ્ટના નામ તરીકે ઉલ્લેખ કર્યો છે.)

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૫ થી આ શબ્દો ઉમેર્યા છે.

૧. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનયમની કલમ ૨(૧) થી આ ખંડ દાખલ કર્યો છે.

(૧) ટ્રસ્ટીઓ અને મેનેજરનાં નામો અને સરનામાં,

(૨) ટ્રસ્ટીનાં હોદ્દા ઉપર અનુગામી નીમવાની પદ્ધતિ,

(૩) ટ્રસ્ટની સ્થાવર અને જંગમ મિલકતની યાદી અને તેને ઓળખવા માટે પૂરતા હોય તેવા વર્ણનો અને વિગતો.

(૪) સ્થાવર અને જંગમ મિલકતની લગભગ કિંમત,

(૫) જે તારીખે અરજી કરવામાં આવી હોય તેની તરત પહેલાંના ત્રણ વરસ અથવા ટ્રસ્ટ કરવામાં આવ્યું ત્યાર પછી જે મુદત વીતી હોય તે મુદત, બેમાંથી જે ઓછી હોય તે મુદતની આવક ઉપરથી અંદાજેલી ટ્રસ્ટની મિલકતની કુલ સરેરાશ વાર્ષિક આવક.

(૬) ખંડ (૫) હેઠળની વિગતો જે મુદતને લગતી હોય તે મુદતમાં થયેલા ખર્ચ ઉપરથી અંદાજેલી તે સાર્વજનિક ટ્રસ્ટ સંબંધમાં સરેરાશ વાર્ષિક ખર્ચની રકમ.

(૭) સાર્વજનિક ટ્રસ્ટ સંબંધમાં ટ્રસ્ટી અથવા મેનેજરને કોઈ પત્ર મોકલવાનું સરનામું.

(૮) ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો :

પરંતુ નિયમોમાં એવી જોગવાઈ કરી શકાસે કે કોઈપણ અથવા તમામ સાર્વજનિક ટ્રસ્ટોની બાબતમાં, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે કિંમતની અને તે જાતની ટ્રસ્ટની મિલકતની વિગતો આપવાનું જરૂરી નથી.

(૬) પેટા-કલમ (૧) હેઠળ કરેલી દરેક અરજી ઉપર, ટ્રસ્ટીએ અથવા તેણે આ અર્થે ખાસ અધિકૃત કરેલા એજન્ટે સહી કરવી જોઈશે અને ઠરાવેલી રીતે એકરાર કરવો જોઈશે. તેની સાથે ટ્રસ્ટનું ખત કરવામાં આવ્યું હોય અને અસ્તિત્વમાં હોય તો તેની નકલ મોકલવી જોઈશે.

૨(૭) સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકતને લગતી વિગતો આપતી એક યાદી સાર્વજનિક ટ્રસ્ટનું નામ અને વર્ણન સહિત ઠરાવેલા નમૂનામાં ૩ (ભારત નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ રચાયેલ જે પેટા-જિલ્લામાં આવી સ્થાવર મિલકત આવેલી હોય તે પેટા-જિલ્લાના સબ-રજિસ્ટ્રારને નોંધણીના હેતુ માટે ) મોકલવાની સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીની ફરજ રહેશે.

સન ૧૯૦૮નો મુંબઈનો ૧૬મો.

એવી યાદી સાર્વજનિક ટ્રસ્ટ થયાની તારીખથી ત્રણ મહિનામાં મોકલવી જોઈશે અને ટ્રસ્ટીએ અથવા તેણે આ અર્થે ખાસ અધિકૃત કરેલા તેના એજન્ટે ઠરાવેલ રીતે તેમાં સહી કરવી જોઈશે અને તે તપાસવી જોઈશે.

૧૯. કલમ ૧૮ અન્વયે અરજી મળ્યેની અથવા સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવતી કોઈ વ્યક્તિએ કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મુનસુફીથી નાયબ અથવા મદદનીશ કમિસનરે નીચેની બાબતો નક્કી કરવા માટે ઠરાવેલી રીતે તપાસ કરવી જોઈશે :-

૧(૧) ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે કેમ અને એવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે કેમ,

(૨) કોઈપણ મિલકત તે ટ્રસ્ટની મિલકત છે કે કેમ,

(૩) ટ્રસ્ટના વિષયનો આખો અથવા કોઈ મહત્ત્વનો ભાગ તેની હકૂમતમાં આવેલો છે કે કેમ,

(૪) તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મેનેજરનાં નામો અને સરનામાં,

(૫) તે ટ્રસ્ટના ટ્રસ્ટીના હોદ્દા ઉપર એકની જગાએ બીજો ટ્રસ્ટી કેવી રીતે આવે તે,

૨. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ (૨)થી આ ખંડ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૨ થી અસલ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૬થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

(૬) તે ટ્રસ્ટ કેવી રીતે કરવામાં આવ્યું તે, તેનો પ્રકાર અને ઉદેશ.
(૭) તે ટ્રસ્ટની કુલ સરેરાશ વાર્ષિક આવક અને ખર્ચની રકમ, અને
(૮) કલમ ૧૮ની પેટા-કલમ (૫) અન્વયે ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો.

નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિસનરોનો નિર્ણય.

૨૦. કલમ ૧૯ હેઠળ જોગવાઈ કરેલી તપાસ પૂરી થયે, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે સદરહુ કલમમાં જણાવેલી બાબતો અંગે પોતાનો નિર્ણય, તે માટેનાં કારણો આપીને નોંધવો જોઈશે ૨(અને નોંધણી માટેની ફી આપવા માટે તે હુકમ કરી શકશે.)

રજિસ્ટ્રરમાં કરવાની નોંધો

૨૧.(૧) પોતે કલમ ૨૦ અન્વયે નોંધેલા નિર્ણયો અનુસાર નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે, કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં, નોંધો કરવી જોઈશે, અથવા આ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણે અપીલ ૩ (અથવા અરજી) કરવામાં આવે, તો આ અધિનિયમથી ઠરાવેલ સત્તા ધરાવતા અધિકારીના આખરી નિર્ણય અનુસાર નોંધો કરવી જોઈશે.

(૨) આવી રીતે કરેલી નોંધો, આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને અને નીચેની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કોઈપણ ફેરફારને આધીન રહીને, આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

ફેરફાર

૨૨(૧) કલમ ૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં કરેલી નોંધોમાંથી કોઈ નોંધમાં કાંઈ ફેરફાર થાય ત્યારે, ટ્રસ્ટીએ તે ફેરફારથયાની તારીખ થી ૯૦ દિવસની અંદર, અથવા તે સાર્વજનિક ટ્રસ્ટના વહીવટના હિતમાં તે નોંધોમાં કોઈપણ ફેરફાર કરવા ધાર્યુ હોય ત્યારે, તે ફેરફાર અથવા કરવા ધારેલા ફેરફાર વિષે, રજિસ્ટર જ્યાં રાખવામાં આવતું હોય તે સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી ઓફિસના ઈન્ચાર્જ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને ખબર આપવી જોઈશે. તે ખબર ઠરાવેલા નમૂના પ્રમાણે મોકલવી જોઈશે.

૧(૧-ક) પેટા-કલમ (૧) હેઠળ જણાવવાનો ફેરફાર કોઈ સ્થાવર મિલકને લગતો હોય, ત્યારે ટ્રસ્ટીએ, હેવાલ સહિત, આવા સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકતમાં કોઈ ફેરફારને લગતી વિગતો (સાર્વજનિક ટ્રસ્ટનું નામ અને વર્ણન સહિત) આપતી ઠરાવેલા નમૂના પ્રમાણેની યાદી, કલમ ૧૮ની પેટા-કલમ (૭)માં ઉલ્લેખેલા સબ-રજિસ્ટ્રારને તે મોકલવા માટે પૂરી પાડવી જોઈશે.

આવી યાદી પર ટ્રસ્ટીએ અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા તેના એજન્ટે ઠરાવેલી રીતે સહી કરવી જોઈશે અને તેની ખરાઈ કરવી જોઈશે.)

(૨) કલમ ૧૭ હેઠળ રાકેલા રજિસ્ટરમાં નોંધો ખરી ચે કે કેમ તે તપાસી જોવા માટે, અથવા રજિસ્ટરમાં નોંધેલી વિગતોમાં કોઈપણ ફેરફાર થયો છે કે કેમ નક્કી કરવા માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર તપાસ કરી શકશે.

(૩) પેટા કલમ(૧) હેઠળ ખબર મળ્યા પછી અને જરૂર જણાય, તો પેટા-કલમ (૨) હેઠળ તપાસ કર્યા પછી, અથવા સદરહુ પેટા-કલમ (૨) હેઠળ ફકત તપાસ કર્યા પછી, યથાપ્રસંગ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને ખાતરી થાય કે કોઈ અમુક સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં કલમ ૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં કરેલી નોંધોમાંની કોઈ નોંધાં ફેરફાર થયો છે, તો તેણે તે અંગેનો નિર્ણય તેનાં કારણો આપીને નોંધવો જોઈશે. તે નિર્ણય ઉપર ચેરિટી કમિશનરને અપીલ થઈ શકશે. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને તે નિર્ણય ઉપર ચેરિટી કમિશનરને અપીલ થઈ શકશે. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે તે નિર્ણય ઉપર ચેરિટી કમિશનરને અપીલ થઈ શકશે. નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે તે નિર્ણય અનુસાર સદરહુ રજિસ્ટરમાંની નોંધો સુધારવી જોઈએ અને તે નિર્ણય ઉપર અપીલ ૨ (અથવા અરજી) કરવામાં આવી હોય, તો આ અધિનિયમમાં ઠરાવેલા સત્તા ધરાવતા અધિકારીના છેવટના ચુકાદા અનુસાર તેમાં સુધારો કરવો જોઈશે. તેવી રીતે નોંધમાં કરેલા સુધારા, આગળ ઉપર કોઈ ફેરફાર થાય તે ઉપરથી કરેલા વધુ સુધારાને આધીન રહીને, આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૩થી આ શબ્દો દાખલ કર્યા છે.
૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ટ્ઠા અધિનિયમની કલમ ૧૩(ક) થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૨. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૭થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩((૪) પેટા-કલમ (૩) હેઠળ નોંધ સુધારવામાં આવતી હોય, ત્યારે યથા પ્રસંગ, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે, પેટા-કલમ (૧-ક) હેઠળ તેને પૂરી પાડવામાં આવેલી યાદી, સુધારેલી નોંધ પ્રમાણિત કર્યા પછી ફેરફાર નોંધવાના હેતુ માટે કલમ ૧૮ની પેટા-કલમ (૭)માં ઉલ્લેકેલા સબ-રજિસ્ટ્રાને મોકલવી જોઈએ.

૪(૨૨-ક કલમ ૨૧ અથવા ૨૨ હેઠળના રજિસ્ટ્રરમાં નોંધો કરવામાં આવે તે પછી કોઈપણ સમયે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનને એમ લાગે કે યથાપ્રસંગ, કલમ ૧૯ અથવા કલમ-૨૨ની પેટા-કલમ (૩) હેઠળ તપાસનો વિષય ન હોય તેવી કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટને લગતી કોઈ વિગતમાં તપાસ કરવાની બાકી રહી ચે, તો યથાપ્રસંગ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર ઠરાવેલી રીતે વધુ તપાસ કરી શકશે, તેના ચુકાદાની નોંધ કરી શકશે અને આપવામાં આવેલ નિર્ણય અનુસાર અથવા આ અધિનિયમ અનુસાર અપીલો અથવા અરજીઓ ઠરાવ્યા પ્રમાણે કરવામાં આવે, તો આ અધિનિયમ અનુસાર ઠરાવેલ સત્તા ધરાવતા અધિકારીના નિર્ણય અનુસાર રજિસ્ટરમાં નોંધો કરી શકશે. કલમો ૧૯,૨૦,૨૧ અને ૨૨ની જોગવાઈઓ, બને ત્યાં સુધી આ કલમ, હેઠળ તપાસ ચુકાદાની નોંધ કરવા અને રજિસ્ટરમાં નોંધો કરવા બાબતમાં લાગુ પડશે.)

જે સાર્વજનિક ટ્રસ્ટ અગાઉથી નોંધાયેલું હોય તેના નામે ટ્રસ્ટની મિલકતની નોંધણી કરવાં વગેરે. બાબત.

૧(૨૨-ખ. (૧) જે કોઈ સાર્વજનિક ટ્રસ્ટ -

(ક) આ અધિનિયમ હેઠળની કલમ ૨૮ હેઠળ નોંધવામાં આવ્યું હોય, અથવા

(ખ) કલમ ૧૮ હેઠળ કરેલી અરજી ઉપરથી મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (સુધારા) અધિનિયમ, ૧૯૫૫, જે તારીખે અમલમાં આવ્યો હોય તે તારીખ (જેને આમાં હવે સદરહુ તારીખ કહી ચે તે)ની પહેલાં આ અધિનિયમ હેઠળ નોંધવામાં આવ્યું હોય, અથવા

(ગ) જેની બાબતમાં કલમ ૧૮ હેઠળ નોંધણી માટે અરજી કરી હોય અને તેની અરજી સદરહુ તારીખે અનિર્ણિત હોય, તે સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, આવા સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીએ સદરહુ તારીખથી ત્રણ મહિનામાં તે ટ્રસ્ટની મિલકતની નોંધણી તે ટ્રસ્ટના નામે કરવા માટે લેખિત અરજી કરવી જોઈશે અને તે અરજીમાં તે સાર્વજનિક ટ્રસ્ટનું નામ જણાવવું જોઈએ.

(૨) આવી અરજી પર ટ્રસ્ટીએ અથવા તેણે આ અર્થે ખાસ અધિકૃત કરેલા તેના એજન્ટે ઠરાવેલી રીતે સહી કરવી જોઈશે અને તે તપાસવી જોઈશે અને યથાપ્રસંગ, કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં ત સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં જેણે નોંધો કરી હોય અથવા જેની પાસે સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે અરજી અનિર્ણિત હોય તે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને કરવી જોઈશે.

(૩) તેવી અરજી મળ્યેથી, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે -

(ક) જે સાર્વજનિક ટ્રસ્ટ કલમ ૨૮ હેઠળ નોંધણી કરેલું ગણાતું હોય અથવા જે આ અધિનિયમ હેઠળ સદરહુ તારીખ પહેલાં નોંધાયું હોય તે સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, આવા સાર્વજનિક ટ્રસ્ટનું નામ નીર્દિષ્ટ કરવું જોઈશે, અને

(ખ) જેની નોંધણી માટેની અરજી સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં તે સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, કલમ ૨૧ હેઠળ નોંધો કરવામાં આવે તે સમયે તે સાર્વજનિક ટ્રસ્ટનું નામ નિર્દિષ્ટ કરવું જોઈશે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬ટ્ઠા અધિનિયમની કલમ ૧૩(ખ)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૪. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમથી કલમ ૨થી આ કલમ દાખલ કરી છે.

૧. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમન કલમ ૩ થી કલમો ૨૨-ખ અને ૨૨-ગ દાખલ કરી ચે.

(વાય) - એચ-૫૧૧-૪.

કેટલાક અધિકારીઓ અને સત્તાધિકારીઓ પાસે અગાઉ નોંધણી કરેલ ટ્રસ્ટની સ્થાવર મિલકતની વિગતોની નોંધણી કરવા બાબત.

૨૨-ગ. ૨(૧) જે સાર્વજનિક ટ્રસ્ટ, -

(ક) આ અધિનિયમ હેઠળની ૩(કલમ ૨૮ અને અનુસૂચિ-ક)હેઠળ નોંધણી કરેલું ગણાતું હોય. અથવા

(ખ) કલમ ૧૮ હેઠળ કરેલી અરજી ઉપરથી મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ જે તારીખે અમલમાં આવ્યો હોય તે તારીખ પહેલાં (જેને આમાં હવે પછી સદરહુ તારીખ કહી છે તેની પહેલાં) આ અધિનિયમ હેઠળ નોંધવામાં આવ્યું હોય, અથવા

(ગ) જેના સંબંધમાં કલમ ૧૮ હેઠળ અરજી કરવામાં આવી હોય, અને આવી અરજી સદરહુ તારીખે અનિર્ણિત હોય, તે સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં,

આવા સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીએ સદરહુ તારીખથી ત્રણ મહિામાં, ૧(નોંધણીા હેતુઓ માટે કલમ ૧૮ની પેટા-કલમ (૭)માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને,) સાર્વજનિક ટ્રસ્ટનું નામ અને વર્ણન સહિત આવા સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવરમિલકતને લગતી વિગતોનો સમાવેશ કરતી એક યાદી ઠરાવેલ નમૂનામાં મોકલવી જોઈશે.

આવી યાદીમાં ટ્રસ્ટીએ અથવા તેણે આ અર્થે ખાસ અધિકૃત કરેલા તેના એજન્ટે ઠરાવેલ રીતે સહી કરવી જોઈશે અને તેની ખરાઈ કરવી જોઈશે.)

૨(૨) કલમ ૨૮ અને અનુસૂચિ હેઠળ નોંધાયેલ ગણાતા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, પેટા-કલમ (૧)ની જોગવાઈઓ, સદરહુ તારીખનો ઉલ્લેખ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (એકીકરણ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૯ અમલમાં આવવાની તારીખનો છે એવા ફેરફાર સાથે, લાગુ પડશે.)

ટ્રસ્ટની મિલકત જુદાજુદા પ્રદેશો અથવા પેટા-પ્રદેશોમાં આવેલી હોય ત્યારે કાર્યરીતિ.

૨૩. કોઈ સાર્વજનિક ટ્રસ્ટની મિલકતનો કોઈ ભાગ એકથી વધુ પ્રદેશ અથવા પેટા-પ્રદેશની હદમાં આવેલો હોય, તો જે પ્રદેશ અથવા પેદા-પ્રદેશની હદમાં તે સાર્વજનિક ટ્રસ્ટ નોંધવામાં આવ્યું હોય, તેના નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે ટ્રસ્ટની મિલકતનો તેવો ભાગ જે પ્રદેશમાં અથવા પેટા-પ્રદેશની હદમા આવેલો હોય તેના ઈનચાર્જ નાયબ અથવા ચેરિટી કમિશનરને નોંધોની એક નકલ મોકલવી જોઈશે. તે પ્રદેશ અથવા પેટા-પ્રદેશના ઈનચાર્જ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે તે હેતુ માટે ઠરાવવામાં આવે તે ચોપડામાં નોંધ કરવી જોઈશે. એવી નોંધની એક નકલ યથાપ્રસંગ, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે ભારત નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નિમાયેલા, જે પેટા-જિલ્લાની હદમાં એવી મિલ્કત અથવા તેનો ભાગ આવેલો હોય તે પેટા-જિલ્લાના સબ-રજિસ્ટ્રારને પણ મોકલવી જોઈશે.

૨૪. બીજા કોઈ પ્રદેશ અથવા પેટા-પ્રદેશમાં નોંધાઈ ગયેલું હોય તેવા કોઈ સાર્વજનિક ટ્રસ્ટ સંબંધમાં, કોઈ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર કલમ ૯ અથવા ૨૨ હેઠળ તપાસનું કામ આગળ ચલાવી શકશે નહિ.

૨૫. (૧) કોઈ સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં કલમ ૧૯ અથવા ૨૨ હેઠળની તપાસ એકથી વધુ નાયબ કે મદદનીશ ચેરિટી કમિશનરનો આગળ ચાલુ હોય, તો ચેરિટી કમિશનરે તે સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યક્તિઓમાંની કોઈ વ્યક્તિની અરજી ઉપરથી અથવા જેની આગળ તેવી તપાસ ચાલુ હોય તે કોઈ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની અરજી ઉપરથી તેના પોતાના મુનસફીથી, તે ટ્રસ્ટ સંબંધી તપાસનું કામ તેવા નાયબ અથવા મદદનીશ કમિશનરોમાંથી કોણે આગળ ચલાવવું તેવો નિર્ણય કરવો જોઈશે.

૨. સન ૧૯૬૦ના મુંબઈ છટ્ઠા અધિનિયમની કલમ ૧૪(૧)થી કલમ ૨૨-ગ ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૩. એજન્ટની કલમ ૧૪-(૧) થી “કલમ ૨૮” એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે આ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ટ્ઠા અધઈનિયમની કલમ૧૪(૧) થી “કલમ ૨૮-ખ અન્વયે નિભાવેલા નોંધપત્રકમાં નોંધવાના હેતુઓ સારુ, કલમ ૧૮ની પેટા-કલમ (૭)માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓ અને પ્રાધિકારીઓ”એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે આ શબ્દો, કૌંસ અને આંકડા મૂકયા છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬ટ્ઠા અધિનિયમની કલમ ૧૪(૨) થી આ પેટા-કલ ઉમેરી છે.

(૨) પેટા-કલમ (૧) હેઠળના ચેરિટી કમિશનરનો નિર્ણય આખરી અને નિર્ણયાત્મક ગણાશે, અને તેવો નિર્ણય થયેલી, ચેરિટી કમિશનરે નિર્દિષ્ટ કરેલા નાયબ અથવા મદદનીશ ચેરીટી કમિશનર સિવાય બીજા કોઈ પણ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે, યથાપ્રસંગ, કલમ ૧૯ અથવા ૨૨ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ અંગે તપાસનું કામ આગળ ચલાવવું નહિ.

સાર્વજનિક ટ્રસ્ટ બાબતની તપાસ એકથી વધુ નાયબ અથવા મદદનીસ ચેરિટી કમિશનરે કરવી નહિ.

૨૬. કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટને લગતા કોઈ પ્રશ્નનો નિર્ણય કરનારી યોગ્ય હકૂમતવાળી કોઈપણ કોર્ટે, જેને આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તેની રૂએ સ્પષ્ટ રીતે અથવા ગર્ભિત રીતે નિર્ણય કરવાનો પ્રતિબંધ કર્યો ન હોય, તે કોર્ટે તે નિર્ણયની નકલ ચેરિટી કમિશનરને મોકલાવવી જોઈશે અને ચેરિટી કમિશનરે કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં તે નિર્ણય અનુસાર સાર્વજનિક ટ્રસ્ટના સંબધમાં નોંધો કરાવવી અથવા સુધરાવવી જોઈશે. તેવી રીતે કરેલા સુધારામાં, તે નિર્ણય અપીલમાં અથવા ફેરતપાસમાં યોગ્ય હકૂમતવાળી કોર્ટે ફેરવ્યો હોય તે સિવાય, ફેરફાર કરી શકાશે નહિ. તેવા ફેરફારોને અધીન રહીને કરેલા સુધારા આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

કોર્ટે ચૂકાદાની નકલ ચેરિટી કમિશનરને મોકલી આપવી.

૨૭. (સ્કપો ઉપર સિક્કા મારવા બાબત) સન ૧૯૫૧ના મુંબઈના ૩૯મા અધિનિયમની કલમ રદ કરી,

૨૮.(૧) ૧(અનુસૂચિ કમાં) ૨ (અને અનુસૂચિ કકમાં) નિર્દિષ્ટ કરવામાં આવેલા અધિનિયમો પૈકી કોઈ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવેલા તમામ સાર્વજનિક ટ્રસ્ટો, જે તારીખે તેમને આ અધિનિયમ લાગુ પાડવામાં આવે તે તારીખથી, આ અધિનિયમથી નોંધાયેલા હોય એમ ગણવામાં આવશે. ૩(જે પ્રદેશ અથવા પેટા-પ્રદેશની હદમાં સદરહુ કોઈ કાયદા હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ નોંધવામાં આવ્યું હોય તેના) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે તે ટ્રસ્ટના ટ્રસ્ટીને, કલમ ૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં તે ટ્રસ્ટને લગતી નોંધો કરવાના હેતુ માટે, નોટિસ આપવી જોઈશે અને ટ્રસ્ટીને સાંભળ્યા પછી અને તેને યોગ્ય તેવી તપાસ કર્યા પછી પોતાનો નિર્ણય તેનાં કારણો આપીને નોંધવો જોઈશે. તેવો નિર્ણય સદરહુ કાયદાઓ

હેઠળ રજિસ્ટારોમાં અત્યાર અગાઉ કરેલી નોંધો અનુસાર હોવો જોઈશે, પરંતુ તે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા ફેરફારોને અધીન રહેશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નોંધેલા કોઈપણ ચુકાદાથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ ચેરિટી કમિશનરને અપીલ કરી શકશે.

(૩) આ પ્રકરણની જોગવાઈઓ, બને તેટલે સુધી, કલમ ૧૭ હેઠળ રાખવામાં આવતા રજિસ્ટરમાં નોંધો કરવાની બાબતમાં લાગુ પડશે અને તેવી નોંધો આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

૪(૨૮-ક નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે સાર્વજનિક ટ્રસ્ટનું નામ અને વર્ણનની નોંધ સહિત કલમ ૧૭ હેઠળ રાખેલ રજિસ્ટરમાં તેણે કરેલ આવા સાર્વજનિક ટ્રસ્ટની સ્થઆવર મિલકતને લગતી નોંધોનો સમાવેશ કરતી એક યાદી ઠરાવેલા નમૂનામાં નીચેના અધિકારીઓને મોકલવી જોઈશે.

(૧) ભારત નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નીમેલા, જે પેટા-જિલ્લામાં આવી સ્થાવર મિલકત આવેલ હોય તે પેટા-જિલ્લાના સબ-રજિસ્ટ્રાને,

૫ ★ ★ ★

૫ ★ ★ ★

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૮(૧) થી "અનુસૂચિ"એ શબ્દને બદલે આ શબ્દ અને અક્ષર મૂકયા છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૫થી આ શબ્દો અને અક્ષરો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૮(૨)થી "ટ્રસ્ટની મિલકત અથવા ટ્રસ્ટની મિલકતનો મહત્વનો ભાગ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૪થી કલમો ૨૮ક અને ૨૮-ખ દાખલ કરી છે.

૫. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૬થી ખંડો (૨) અને (૩) કમી કર્યા છે.

૨૮-ખ (ટ્રસ્ટની મિલકતનાં રજિસ્ટ્રરો રાખવાની કેટલાક અધિકારીઓ અને સત્તાધિકારીઓ ફરજ.) સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૭થી રદ કરી.

વિલથી કરેલું સાર્વજનિક ટ્રસ્ટ.

૨૯. વિલથી કરેલું હોય એવા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, તે વિલના એકઝીકુટરે, વિલનું પ્રોબેટ જે તારીખે મળે ત્યારથી એક મહિનામાં અથવા વિલ કરનારના મરણની તારીખથી છ મહિના ની અંદર, ૧(બે માંથી જે વહેલું હોય તેની અંદર) કલમ ૧૮માં ઠરાવેલી રીતે નોંધણી માટે અરજી કરવી જોઈશે અને આ પ્રકરણની જોગવાઈઓ યોગ્ય ફેરફારો સાથે તે ટ્રસ્ટની નોંધણીને લાગુ પડશે.

૨(પરંતુ આમાં નોંધણી સારું અરજી કરવા માટે ઠરાવેલી મુદત વધારવા માટે પૂરતાં કારણો હોય તો, સંબંધ ધરાવતા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર તે મુદત વધારી શકશે.)

રજિસ્ટ્રરમાં નોંધેલી સ્થાવર મિલકત ઉની વિગતોની ખબર હોવા બાબત.

૩૦. આ પ્રકરણ હેઠળ નોંધવામાં આવેલા સાર્વજનિક ટ્રસ્ટની કોઈ સ્થાવર મિલકત ૪ ★★ અથવા સદરહુ ટ્રસ્ટની સદરહુ મિલકતમાં ૪ ★★★★ કોઈપણ ભાગ અથવા હિસ્સો અથવા હિતસંબંધ પ્રાપ્ત કરનાર કોઈપણ વ્યક્તિને રજિસ્ટ્રરમાં ૫(અથવા કલમ ૨૮-ખ હેઠળ રાખેલાં રજિસ્ટ્રારોમાં) નોંધેલી તેવા ટ્રસ્ટને લગતી સંબંધ ધરાવતી વિગતોની ખબર છે, એમ ગણવામાં આવશે.

૬(સ્પષ્ટીકરણ-આ કલમના હેતુઓ માટે-

(૧) કોઈ વ્યક્તિ કોઈપણ વિગત ખરેખર જાણતી હોય ત્યારે અથવા તેણે કરવી જોઈતી હતી તેવી કોઈપણ તપાસ અથવા શોધમાં જાણી જોઈને ટાળ્યું ન હોત અથવા તેમાં ભારે બેદરકારી બતાવી ન હોત તો તેણે તે જાણી હોત ત્યારે,

(૨) તેના એજન્ટ, જે ધંધા માટે આવી વિગતોની હકીકત મહત્ત્વની હોય તે ધંધાના ક્રમમાં તેના વતી કામ કરતો હોય ત્યારે તેને તેની નોટિસ મળે તો,

તે વ્યક્તિને રજિસ્ટ્રોમાંની કોઈપણ વિગતોની જાણ છે એમ સમજવું.

દાવો સંભળાવ અથવા નિર્ણય કરવા ઉપર પ્રતિબંધ.

૩૧.(૧) આ અધિનિયમ હેઠળ નોંધવામાં આવ્યું ન હોય તેવા સાર્વજનિક ટ્રસ્ટની વતી કોઈ હકનો અમલ કરાવવા માટેનો કોઈ દાવો કોઈપણ કોર્ટથી સાંભળી શકાશે નહિ અથવા તેનો નિર્ણય કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ સામા લેણાના દાવાને અથવા તેવા સાર્વજનિક ટ્રસ્ટની વતી હકનો અમલ કરાવવા માટેનો કોઈ દાવો કોઈપણ કોર્ટથી સાંભળી શકાશે નહિ અથવા તેનો નિર્ણય કરી શકાશે નહિ.

૧. સન ૧૯૫૧ના મુંબઈ ૧૪મા અધિનિયમની કલમ ૯(૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એઐજનની કલમ ૯(૨)થી આ પરંતુક ઉમેર્યો છે.

૩. એજનથી અને ''અને સ્ક્રિપો'' એ શબ્દો કમી કર્યા છે.
૪. સન ૧૯૫૧ના મુંબઈના ૩૯મા અધિનિયમની કલમ ૨, પહેલી અનુસૂચિથી ''અથવા સ્ક્રિપ'' એ શબ્દો કમી કર્યા છે.
૫. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધઇનિયમની કલમ ૫(૧)થી આ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.
૬. એજનની કલમ ૫(૨)થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે.

## પ્રકરણ - ૫
## હિસાબ અને ઓડિટ.

૩૨(૧) ૧ ★ ★ ★ સાર્વજનિક ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીએ નિયમિત હિસાબ રાખવા જોઈશે.
હિસાબ રાખવા બાબત.
(૨) આવા હિસાબો ચેરિટી કમિશનર મંજૂર કરે તે નમૂનામાં રાખવા જોઈશે અને ઠરાવવામાં આવે તે બાબતોનો તેમાં સમાવેશ કરવો જોઈશે.
૩૩(૧) કલમ ૩૨ હેઠળ રાખેલા હિસાબોનું દરેક વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા ચેરિટી કમિશનર નક્કી કરે તેવા બીજા દિવસે સરવૈયું કાઢવું જોઈશે.
હિસાબોનું સરવૈયું કાઢવા અને ઓડિટ કરવા બાબત.
(૨) હિસાબો ઠરાવવામાં આવે તે રીતે અને ૨(ચાટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯ના અર્થ મુજબ ચાટર્ડ એકાઉન્ટન્ટ હોય) તેવી વ્યક્તિ પાસે અથવા આ અર્થે રાજય સરકારે જેમને અધિકૃત કરી હોય તેવી વ્યક્તિઓ પાસ દર વર્ષે ઓડિટ કરાવવા જોઈશે.
(૩) પેટા-કલમ (૨) હેઠળ કાર્ય બજાવતા દરેક ઓડિટર હિસાબો અને ૩ (ટ્રસ્ટીના)કબજામાં અથવા તેના નિયંત્રણ હેઠળના તમામ ચોપડાઓ, વાઉચરો, બીજા દસ્તાવેજો અને પત્રકો જોઈ શકશે.
(૪) ઉપરની પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં -
૪(ક) ચેરિટી કમિશનરના અભિપ્રાયમાં કોઈ સાર્વજનિક ટ્રસ્ટના હિસાબનું ખાસ ઓડિટ કરવાનું જરૂરી જણાય ત્યારે તેઓ એવું ખાસ ઓડિટ કરવાનું ફરમાવી શકશે. પેટા-કલમો (૨) અને (૩)ની જોગવાઈઓ, લાગુ પાડી શકાય ત્યાં સુધી આવા ખાસ ઓડિટને લાગુ પડશે. ચેરિટી કમિશનર આવા ખાસ ઓડિટ માટે ઠરાવવામાં આવે તેવી ફી આપવાનું ફરમાવી શકશે, ૫ અને
(ખ) રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ બહાર પાડીને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને આધીન રહીને પેટા-કલમ (૨)ની જોગવાઈઓમાંથી કોઈ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગને મુકત રાખી શકશે.
૩૪(૧) કલમ ૩૩ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટના હિસાબનું ઓડિટ કરતા દરેક ઓડિટરની ફરજ છે કે તેણે સરવૈયું તેમજ આવક અને જાવકનો હિસાબ તૈયાર કરવા જોઈશે અને તેની નકલ તે પ્રદેશ અથવા પેટા-પ્રદેશના નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને અથવા ચેરિટી કમિશનર ફરમાવે તો ચેરિટી કમિશનરને મોકલવી જોઈશે.
સરવૈયું તૈયાર કરવાની અને અનિયમિતતા વગેરે જણાવવાની ઓડિટરની ફરજ.
(૨) ઓડિટરે પોતાના હેવાલમાં અનિયમિત, ગેરકાયદેસર અથવા અયોગ્ય ખર્ચના, અથવા તે સાર્વજનિક ટ્રસ્ટના પૈસા અથવા બીજી મિલકત વસૂલ કરવામાં નિષ્ફળ જવાના અથવા ચૂક કરવાના અથવા તેના પૈસા અથવા બીજી મિલકત ગુમાવ્યા અથવા બગાડયાના તમામ કેસો બતાવવા જોઈશે અને એવો ખર્ચ, નિષ્ફળતા, ચૂક, અથવા બગાડ ટ્રસ્ટીના અથવા બીજી કોઈ વ્યક્તિના પક્ષે વિશ્વાસ ભંગ અથવા ગેરઉપયોગ અથવા બીજા કોઈ ગેરવર્તનના પરિણામે થયો હતો કે કેમ તે જણાવવું જોઈશે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૮થી આ શબ્દો રદ કર્યા છે.
૨. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૦થી અસલ શબ્દોને બદલે આ શબ્દો અને આંકડા મૂકયા છે.
૩. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૪(૧) થી "મેનેજર"એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.
૪. એજનની કલમ ૪(૨)થી "ક" એ કૌંસ અને અક્ષર દાખલ કર્યા છે.
૫. એજનની કલમ ૪(૨)થી આ શબ્દ અને ખંડ(ખ) ઉમેર્યો છે.

(વાય) -એચ-૫૧૧-૫.

સાર્વજનિક ટ્રસ્ટના પૈસાનું રોકાણ..

૩૫.૧(૧) ટ્રસ્ટની મિલકત પૈસાની બનેલી હોય અને સાર્વજનિક ટ્રસ્ટના હેતુઓ માટે તુરત અથવા કોઈ વહેલી તારીખે ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય ત્યારે, ૨(ટ્રસ્ટના લેખમાં આપેલી કોઈપણ સૂચના હોય તે છતાં) ભારત રીઝર્વ બેન્ક અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા આપેલી કોઈ અનુસૂચિત બેન્કમાં, પોસ્ટલ સેવિંગ બેન્કમાં અથવા રાજય સરકારે સદરહુ હેતુ માટે મંજુર કરેલી સહકારી બેન્કમાં નાણાં અનામત મૂકવાને અથવા તે સરકારી જામીનગીરીઓમાં રોકવાને ટ્રસ્ટી બંધાયેલો છે.

પરંતુ મિલકતનો અમુક વરસની મુદત માટે પટ્ટો આપ્યો ન હોય અને મિલકતની કિંમત ગીરો રાખેલા પૈસાના અર્ધાથી વધુ હોય તો, ૩(ભારતનાં કોઈ ભાગમાં) આવેલી સ્થાવર મિલકતના પહેલા ગીરોમાં આવા પૈસાનું રોકાણ થઈ શકશે.

વધુમાં ચેરિટી કમિશનર, સામાન્ય અથવા ખાસ હુકમથી, કોઈપણ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીને અથવા એવા ટ્રસ્ટીઓના વર્ગને તે પૈસા બીજી કોઈપણ રીતે રોકવાની પરવાનગી આપી શકશે.

૪(૨) પેટા-કલમ (૧)માંના કોઈપણ મજકૂરથી, ટ્રસ્ટના લેખમાં આપેલી સૂચના અનુસાર મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (સુધારા) અધિનિયમ, ૧૯૫૪ અમલમાં આવે તે પહેલાં અગાઉ કરેલું કોઈ રોકાણ અથવા મૂકેલી અનામતને અસર થશે નહિઃ

પરંતુ સદરહુ અધિનિયમ અમલમાં આવે ત્યારે અથવા તે પછી આવા રોકાણ અથવા અનામતમાંથી મળેલ અથવા પ્રાપ્ત થતું કોઈ વ્યાજ અથવા ડિવિડન્ડ અથવા સદરહુ રોકાણ અથવા અનામતની મુદત પાકયેથી ૫(એવી રીતે રોકેલી અથવા અનામત મૂકેલી) કોઈ રકમનો પેટા-કલમ(૧)માં ઠરાવેલી રીતે ઉપયોગ કરવો જોઈશે અથવા તેનું રોકાણ કરવું જોઈશે.)

સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા બાબત.

૩૬.૧. ૧(૧) ૨ ટ્રસ્ટના લેખમાં ગમે તે મજકૂર હોય તે છતાં -

ચેરિટી કમિશનરની અગાઉથી મંજૂરી મેળવ્યા વગર, સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની-

(ક) કોઈ સ્થાવર મિલકતનું કોઈ વેચાણ, ગીરો, વિનિમય અથવા બક્ષિસ, અને

(ખ) ખેતીની જમીન બાબતમાં, ૧૦ વરસ કરતાં વધારે મુદત માટેનો પટ્ટો અથવા બિનખેતીની અથવા મકાન બાબતમાં, ૩ વરસ કરતાં વધારે મુદત માટેનો પટ્ટો કાયદેસર ગણાશે નહિ.

૩(૨) પેટા-કલમ (૧) હેઠળ ચેરિટી કમિશનરનો નિર્ણય ટ્રસ્ટીઓને મોકલવો જોઈશે અને ઠરાવવામાં આવે તે રીતે તે પ્રસિદ્ધ કરવો જોઈશે.

(૩) આવા નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, નિર્ણયની પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની અંદર, ગુજરાત મહેસુલ ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

(૪) આવો નિર્ણય, પેટા-કલમ (૩)ની જોગવાઈઓને આધીન રહીને, આખરી ગણાશે.

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૩ થી કલમ ૩૫ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૨. એજનની રકમ ૩ (૧) થી આ ભાગ મૂકયો છે.

૩. મુંબઈ જાહેર ટ્રસ્ટ (કોર્પોરેશન) હુકમ, ૧૯૫૯થી "ભાગ-ક રાજય અથવા ભાગ-ખ રાજય" એ શબ્દો અને અક્ષરોને બદલે આ શબ્દો મુકયા છે.

૪. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૩(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૫. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૯થી "ઉપજેલી" એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૧. સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૨ થી કલમ ૩૬ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૦થી "ટ્રસ્ટના ખતમાંની સુચનાઓને પાત્ર રહીને" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૨થી આ પેટા-કલમો દાખલ કરી છે.

# પ્રકરણ-૬

# નિયંત્રણ

**તપાસ અને તપાસણીની સત્તા.**

૩૭(૪)(૧) ચેરીટી કમિશનરને, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને અથવા રાજય સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી જેને અધિકૃત કર્યો હોય તેવા કોઈ અધિકારીને નીચેની સત્તા રહેશે.

(ક) સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની કોઈ મિલકતમાં દાખલ થવાની અને તપાસ કરવાની અથવા દાખલ કરાવવાની અને તપાસવવાની સત્તા :

(ખ) કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓની કોઈ કાર્યવાહીઓમાંથી કોઈ ઉતારા અને ૫(ટ્રસ્ટીઓના અથવા ટ્રસ્ટીઓના વતી કોઈ વ્યક્તિના કબજામાં અથવા નિયંત્રણ હેઠળ હોય તેવા કોઈ ચોપડા અથવા દસ્તાવેજો) માગવાના અને તપાસવાની સત્તા.

(ગ) ટ્રસ્ટીઓ પાસેથી અથવા સાર્વજનિક ટ્રસ્ટ સાથે સંકળાયેલી કોઈ વ્યક્તિ પાસેથી પોતાને યોગ્ય હિસાબના લાગે તેવું કોઈ પત્રક, નિવેદન, હિસાબ અથવા હેવાલ માંગવાની સત્તા :

પરંતુ સાર્વજનિક ટ્રસ્ટની માલિકીની કોઈ મિલકતમાં દાખલ થતી વખતે દાખલ થનારા અધિકારીએ ટ્રસ્ટીને વાજબી નોટિસ આપવી જોઈશે, અને તેણે તે ટ્રસ્ટના ધાર્મિક આચાર અથવા પ્રથાને યોગ્ય માન આપવું જોઈએ.

૧(૨) પેટા-કલમ (૧) હેઠળની કોઈ સત્તા વાપરતા કોઈ અધિકારીને તમામ વાજબી સગવડો આપવાની દરેક ટ્રસ્ટીની ફરજ રહેશે અને સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ૨ (અને પેટા-કલમ(૧)માં ઉલ્લેખેલી વ્યક્તિએ) પેટા-કલમ(૧) થી અથવા તે હેઠળ તેને સોપેંલી સત્તા વાપરતી વખતે આવા અધિકારીએ કરેલા કોઈ હુકમનું અથવા ફરમાનનું પાલન કરવું જોઈશે.

૩૮. કલમ ૩૪ હેઠળ ઓડિટરનો હેવાલ ૩ (અથવા કલમ ૩૭ હેઠળ અધિકૃત કરેલા અધિકારીએ કોઈ હેવાલ કર્યા હોય તો તે) મળ્યેથી, જેને હેવાલ સાદર કરવામાં આવ્યો હોય તે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે , પોતાને યોગ્ય લાગે તેટલી મુદતની અંદર, ટ્રસ્ટી અથવા સંબંધ ધરાવતી બીજી કોઈ વ્યક્તિને તે વિશે ખુલાસો રજૂ કરવા ફરમાવવું જોઈએ.

૪(૩૯.) કલમ ૩૮માં ઉલ્લેખેય હેવાલ અને ટ્રસ્ટીઓની અથવા બીજી કોઈ વ્યક્તિએ પૂરા પાડેલા હિસાબ અને ખુલાસો હોય, તો તેના ઉપર વિચારણા ચલાવતાં અને ઠરાવેલી રીતે તપાસ કર્યા પછી ટ્રસ્ટીઓએ અથવા બીજી કોઈ વ્યક્તિએ, ભારે બેદરકારી, વિશ્વાસભંગ, ગેરઉપયોગ અથવા ગેરવર્તનનો ગુનો કર્યો છે કે કેમ અને તેને લઈને સાર્વજનિક ટ્રસ્ટને નુકશાન થયું છે કે કેમ એ સંબંધી નાયબ અથવા મદદનીશ કમિશનરે, પોતાનો નિર્ણય નોંધવો જોઈશે અને તે બાબત ચેરિટી કમિશનરને હેવાલ મોકલવો જોઈશે.)

કલમ ૩૯ હેઠળના હેવાલ ઉપર ચેરિટી કમિશનરનો નિર્ણય.

૪૦. ચેરિટી કમિશનરે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના હેવાલ ઉપર વિચારણા કર્યા બાદ, સંબંધ ધરાવતી વ્યક્તિને તક આપીને અને તેને યોગ્ય લાગે તેવી તપાસ કરીને, નીચેની બાબતો નક્કી કરવી જોઈશે -

(ક) સાર્વજનિક ટ્રસ્ટને કરવામાં આવેલા નુકશાનની રકમ ,

(ખ) આવું નુકશાન કોઈ વ્યક્તિની ૫ (ભારે બેદરકારી, વિશ્વાસભંગ,) ગેરઉપયોગ અથવા ગેરવર્તનના કૃત્ને લઈને થયું હતું કે કેમ :

૪. સન ૧૯૬૦ના મુંબઈનો ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૧થી કલમ ૩૭ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૫. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૨(૧)થી "ટ્રસ્ટીઓના કબજામાં અથવા નિબંધ હેઠળ હોય તેવા કોઈપણ ચોપડો અથવા હિસાબ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ-૨૧થી પેટા-કલમ ઉમેરી છે.

૨. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૨(૨)થી "અથવા તેનો હવાલો ધરાવતા બીજા કોઈપણ શખશે"એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ-૫થી આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.

૪. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ-૩થી અસલ કલમ ૩૯ને બદલે આ કલમ મૂકી છે.

૫. એજનની કલમ ૪થી ''વિશ્વાસ ભંગ''એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

(ગ) આવા નુકશાન માટે ટ્રસ્ટીઓમાંનો કોઈ ટ્રસ્ટી અથવા બીજી કોઈ વ્યક્તિ જવાબદાર હતી કે કેમ :

(ઘ) આવા નુકશાન માટે ટ્રસ્ટીઓમાંના કોઈ ટ્રસ્ટી અથવા બીજી કોઈ વ્યક્તિ સાર્વજનિક ટ્રસ્ટને જે રકમ ભરવાને જવાબદાર હોય તે રકમ.

સરચાર્જનો હુકમ.

૪૧(૧) ચેરિટી કમિશનર એમ નક્કી કરે કે ટ્રસ્ટને થયેલા નુકશાન માટે કોઈ વ્યક્તિ સાર્વજનિક ટ્રસ્ટને કોઈ રકમ ભરવાને જવાબદાર છએ, તો ચેરિટી કમિશનર એમ ફરમાવી શકશે કે તે રકમ તે વ્યક્તિ પાસેથી સરચાર્જ તરીકે વસુલ કરવી જોઈશે.

(૨) કલમ ૭૨ની જોગવાઈઓને આધીન રહીને પેટા-કલમ (૧) હેઠળનો ચેરિટી કમિશનરનો હુકમ આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

ટ્રસ્ટીઓને અને બીજી વ્યક્તિઓને સૂચનો આપવાની કમિશનરની સત્તા.

૧(૪૧-ક)(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, ચેરિટી કમિશનર, કોઈ સાર્વજનિક ટ્રસ્ટનો યોગ્ય રીતે વહીવટ કરવામાં આવે છે અને તેની આવકનો યોગ્ય રીતે હિસાબ રાખવામાં આવે છે અથવા ટ્રસ્ટના ઉદેશો અને હેતુઓ માટે તેનો યોગ્ય રીતે વિનિયોગ અને ઉપયોગ કરવામાં આવે છે તેની ખાતરી કરવાને, આવા ટ્રસ્ટના કોઈ ટ્રસ્ટીને અથવા તેની સાથે સંકળાયેલી કોઈ વ્યક્તિને વખતોવખત સૂચનો આપી શકશે.

(૨) આવા દરેક ટ્રસ્ટીની અને વ્યક્તિની પેટા-કલમ (૧) હેઠળ તેને આપેલા સૂચનનું પાલન કરવાની ફરજ રહેશે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૨૧ થી આ પેટા-કલમ ઉમેરી છે.

૨. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ૨(૨)થી ''અથવા તેનો હવાલો ધરાવતા બીજા કોઈપણ શખ્શો'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૫ થી આ અધિનિયમની કલમ ૫ થી આ શબ્દો અને આંકડાં દાખલ કર્યા છે.

૪. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૩ થી અસલ કલમ ૩૯ને બદલે આ કલમ મૂકી છે.

૫. એજનની કલમ ૪ થી ''વિશ્વાસ ભંગ'' એ શબ્દને આ શબ્દો મૂકયા છે.

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૫થી કલમ ૪૧-ક દાખલ કરી છે.

## પ્રકરણ-૭

## ચેરિટી કમિશનરનાં બીજા કાર્યો અને સત્તા.

ચેરિટી કમિશનર સંસ્થાપિત વ્યક્તિ ગણાશે.

૪૨.૨ (દરેક ચેરિટી કમિશનર) સંસ્થાપિત વ્યક્તિ ગણાશે અને તેને કાયમી ઉત્તરાધિકાર અને સામાન્ય સિક્કો રહેશે અને તેને કાયમી ઉત્તરાધિકાર અને સામાન્ય સિક્કો રહેશે અને તેના સંસ્થાપિત નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

સન ૧૮૯૦ ના અધિનિયમ હેઠળ સખાવતી દેણગીઓનો કોષાધ્યક્ષ રહેશે.

૪૩.૩/૪સખાવતી દેણગી અધિનિયમ, ૧૮૯૦માં ગમે તે મજકૂર હોય તે છતાં ૫ (ચેરીટી કમિશનર, મુંબઈ ★ જેનો આ કલમમાં હવે પછી "ચેરિટી કમિશનર" તરીકે ઉલ્લેખ થયો છે તે) સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નિમાયેલા ૬(મુંબઈ રાજયના જે ભાગને આ અધિનિયમ લાગુ પડે છે તે ભાગ) માટે સખાવતી દેણગીઓના કોષાધ્યક્ષ છે અને તે હંમેશા કોષાધ્યક્ષ હતા એમ ગણાશે, અને આ અધિનિયમ અમલમાં આવે તે તારીખ પહેલાં સદરહુ કોષાધ્યક્ષમાં નિહિત થયેલી હોય તેવી મિલ્કત સખાવતી દેણગીઓના કોષાધ્યક્ષ તરીકે ચેરિટી કમિશનરનાં નિહીત થયેલી ગણાશે, અને સદરહુ અધિનિયમની જોગવાઈઓ, સદરહુ અધિનિયમ હેઠળ નીમાયેલા સખાવતી દેણગીઓના કોષાધ્યક્ષ તરીકે ચેરિટી કમિશનરને લાગુ પડશે.

૪૪(૧) આ અધિનિયમની જોગવાઈઓ ૧(અને) તે હેઠળ કરેલા નિયમોને આધીન રહીને યોગ્ય હકૂમત ધરાવતી કોર્ટ અથવા ટ્રસ્ટ કરનાર, ચેરિટી કમિશનરને કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરવા નીમી શકશે.

(૨) આમાં જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરતા ચેરિટી કમિશનરને, સાર્વજનિક ટ્રસ્ટના બીજા કોઈ ટ્રસ્ટી જેવી જ સત્તા, ફરજો અને જવાબદારીઓ રહેશે અને તેમના જેવા જ હશે અને વિશેષાધિકારો માટે તેઓ હકદાર થશે.

(૩) ચેરિટી કમિશનર પૂરેપૂરી રીતે અથવા પોતે મૂકે કે શરતોથી હોય તે સિવાય, કોઈ ટ્રસ્ટ સ્વીકારવાની ના પાડી શકશે.

(૪) ચેરિટી કમિશનર એક માત્ર ટ્રસ્ટી બનશે અને બીજી વ્યક્તિઓ સાથે તેને ટ્રસ્ટી તરીકે નીમવામાં આવે, તે કાયદેસર ગણાશે નહિ.

ટ્રસ્ટ રચનાર ચેરિટી કમિશનરને તેની સંમતિથી સેટલમેન્ટના ટ્રસ્ટી નીમી શકશે.

પરંતુ ચેરિટી કમિશનરની સંમતિનો સદરહુ લેખમાં ઉલ્લેખ કરવો જોઈશે અને ચેરીટી કમિશનરે અથવા તેણે તે અર્થે યોગ્ય રીતે જેને અધિકૃત કર્યા હોય તે કોઈ અધિકારીએ એવો લેખ કરી આપવો જોઈશે.

૨. મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુનર્રચના) હુકમ, ૧૯૬૦ અને તેની અનુસૂચિથી "ચેરિટી કમિશનર" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. મુંબઈ સાર્વજનિકન ટ્રસ્ટ (કોર્પોરેશન) હુકમ, ૧૯૫૯થી આ કલમને પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૪. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ-૨૨(ક) થી કૌંસ અને આંકડા "(૧)" કમી કર્યો છે.

૫. મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુનર્રચના) હુકમ, ૧૯૬૦ની અનુસૂચીથી "ચેરિટી કમિશનર" આ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૬. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (કોર્પોરેશન) હુકમ, ૧૯૫૯થી "મુંબઈ રાજય" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૭. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ-૨૨ (બ)થી પેટા-કલમ (૨) કાઢી નાખી છે. ★આ અધિનિયમની કલમ-૨ખ જુઓ.

(૫)-અચ-૫૧૧-૬.

(૨) આવી નિમણૂક થયે ટ્રસ્ટની મિલકત ચેરિટી કમિશનરમાં નિહિત થશે અને એવા લેખમાં જાહેર કરેલી શરતોએ તે મિલકત તેઓ ધરાવશે.

વિલમાં ચેરિટી કમિશનરની ટ્રસ્ટી તરીકે નિમણૂંક.

૪૬. ચેરિટી કમિશનરને, તે નામે અથવા બીજા કોઈપણ પૂરતા વર્ણનથી કોઈ વીલમાં કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે નીમવામાં આવ્યા હોય ત્યારે વિલ કરનારના એકઝીકયુટરે અથવા તેની એસ્ટેટના વહીવટદારે પ્રોબટ અથવા વહીવટપત્ર ૨(મેળવ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર), એવા વિલની વિગતો ચેરિટી કમિશનરને ઠરાવેલી રીતે જણાવવી જોઈશે, અને ચેરિટી કમિશનર તે ટ્રસ્ટનો સ્વીકાર કરવાની સંમતિ આપે, તો પછી એવા એકઝીકયુટર અથવા વહીવટદાર ટ્રસ્ટને અધીન હોય તેવી મિલકત ચેરિટી કમિશનરને તબદીલ કરતો લેખ કરી આપે એટલે, એવી મિલકત ચેરિટી કમિશનરમાં નિહિત થશે અને વિલમાં દર્શાવેલા ટ્રસ્ટ તરીકે તે મિલકત તેઓ ધરાવશે :

પરંતુ સદરહુ લેખમાં ચેરિટી કમિશનરની સંમતિનો ઉલ્લેખ કરવો જોઈશે અને ચેરિટી કમિશનરે અથવા તેણે તે અર્થે યોગ્ય રીતે જેને અધિકૃત કર્યો હોય તેવા કોઈ અધિકારીએ એવો લેખ કરી આપવો જોઈશે :

યથા પ્રસંગ, નવો ટ્રસ્ટી અથવા ટ્રસ્ટીઓ નીમવાની કોર્ટની સત્તા.

૪૭.(૧) કોઈ સાર્વજનિક ટ્રસ્ટનો ટ્રસ્ટી -

(ક) અસ્વીકાર કરે અથવા મરણ પામે,

(ખ) ચેરિટી કમિશનર અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર અથવા તે અર્થે રાજય સરકારે અધિકૃત કરેલા અધિકારીની રજા સિવાય ભારતમાંથી છ મહિનાની સતત મુદત સુધી ગેરહાજર રહે,

(ગ) પરદેશ વસવાના હેતુથી, ભારત છોડે,

(ઘ) નાદાર છે એમ જાહેર થાય.

(ચ) ટ્રસ્ટમાંથી છુટો થવાની ઈચ્છા દર્શાવે,

(છ) ટ્રસ્ટી તરીકે કામ કરવાની ના પાડે,

(જ) કોર્ટના અભિપ્રાય પ્રમાણે ટ્રસ્ટમાં કામ કરવા ગેરલાયક અથવા શારીરિક રીતે અશકત ઠરે અથવા ટ્રસ્ટ સાથે અસંગત હોય તેવું સ્થાન સ્વીકારે, અથવા

(ઝ) પ્રકરણ-૩માં જણાવેલા કોઈપણ દાખલમાં, ટ્રસ્ટનો વહીવટ કરવા ટ્રસ્ટી મળતો ન હોય,

ત્યારે તે સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિ અથવા ચેરિટી કમિશનર નવો ટ્રસ્ટી નીમવા કોર્ટને અરજી કરી શકશે.

(૨) નીચેના સંજોગોમાં આવી કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહિ :-

(ક) પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઝ)માં જણાવેલ કોઈપણ કારણોને લીધે જે ટ્રસ્ટી ટ્રસ્ટનો વહીવટ કરવાને લાયક ન હોય અથવા મળતો ન હોય તે ટ્રસ્ટી એકમાત્ર ટ્રસ્ટી હોય તે સિવાય અથવા સદરહુ કોઈપણ કારણોને લીધે એક અથવા વધારે ટ્રસ્ટીઓને હોદો ખાલી કરવાથી ખત,

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૧થી ''અથવા'' એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

૨. એજનની કલમ ૧૨(૧)થઈ ''પછી'' એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

યોજના, કોર્ટના હુકમ અથવા હુકમનામા અથવા ટ્રસ્ટના રિવાજ અથવા પ્રથાથી ટ્રસ્ટનો વહીવટ કરવા માટે જોઈતી ટ્રસ્ટીઓની ઓછામાં ઓછી સંખ્યામાં ઘટાડો થાય તે સિવાય,

(ખ)(૧) ટ્રસ્ટી ટ્રસ્ટનો વહીવટ કરવાને એવી રીતે લાયક થતો બંધ થાય અથવા મળતો ન હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત પુરી થાય ત્યાં સુધી અને

(૨) સદરહુ મુદત દરમિયાન ખત, યોજના કોર્ટના હુકમ અથવા હુકમનામા અથવા ટ્રસ્ટની પ્રથા અથવા રિવાજ પ્રમાણે સદરહુ જગામાં નવો ટ્રસ્ટી આવ્યો હોય તો, તો.

(૩) તપાસ કર્યા પછી, કોર્ટ ચેરિટી કમિશનરને અથવા બીજી કોઈ વ્યક્તિને જગા પૂરવા માટે ટ્રસ્ટી તરીકે ૧ (હુકમથઈ નીમી શકશે).

(૪) પેટા-કલમ (૩) હેઠળ ટ્રસ્ટી નીમવામાં કોર્ટ નીચે જણાવેલી બાબતોને લક્ષમાં લેવી જોઈશે -

(ક) ટ્રસ્ટના કર્તાની ઈચ્છા,

(ખ) નવો ટ્રસ્ટી નીમવાની સત્તા ધરાવતી કોઈ વ્યક્તિ હોય, તો તેની ઈચ્છા,

(ગ) નિમણૂકથી ટ્રસ્ટના અમલ બાબતમાં ઉન્નતિ થશે કે તેમાં અવરોધ થશે તે પ્રશ્ન,

(ઘ) ટ્રસ્ટમાં જેમને હિતસંબંધ હોય તેવા લોકોનો અથવા લોકોના ભાગનો હિતસંબંધ, અને

(ચ) ટ્રસ્ટના રિવાજ અને પ્રથા.

(૫) ચેરિટી કમિશનરની ટ્રસ્ટી તરીકે નિમણૂક થાય ત્યારે, તે એકમાત્ર ટ્રસ્ટી થશે.

(૬) પેટા-કલમ (૩) હેઠળના કોર્ટના ૨(હુકમને) કોર્ટનું હુકમનામુ ગણવામાં આવશે અને તેના ઉપર હાઈકોર્ટને અપીલ થઈ શકશે.

૩(૪૭-કક. કોઈ સાર્વજનિક ટ્રસ્ટનો ટ્રસ્ટીઆ અધિનિયમ હેઠળ શિક્ષા થઈ શકે એવા ગુના માટે દોષિત ઠર્યો હોય ૪ (અથવા કલમ ૪૧ની પેટા-કલમ (૧) હેઠળ સરચાર્જ તરીકે કોઈ રકમ તેની પાસેથી વસૂલ કરવાનું ફરમાવવામાં આવે) ત્યારે, ચેરિટી કમિશનર, નવા ટ્રસ્ટીની નિમણૂક માટે કોર્ટને અરજી કરી શકશે અને તેમ થયે, કલમ ૪૭ની પેટા-કલમ (૩), (૪), (૫) અને (૬) ની જોગવાઈઓ, જે પ્રમાણે તે કલમની પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજીને લાગુ પડે છે તે પ્રમાણે, લાગુ પડશે.)

અધિનિયમ હેઠળ ટ્રસ્ટી દોષિત ઠર્યો હોય ત્યારે, નવા ટ્રસ્ટીન નિમણુંક કરવા માટે કોર્ટને અરજી કરવાની ચેરિટી કમિશનરની સત્તા.

નવા ટ્રસ્ટીમાં મિલ્કત નિહિત કરવાની કોર્ટની સત્તા.

૫(૪૭-ક) કલમ ૪૭ની પેટા-કલમ (૩) ૬(અથવા કલમ ૪૭-કક) હેઠળ નવા ટ્રસ્ટીની નિમણૂંક કરતો કોઈ હુકમ કોર્ટે કર્યેથી, એજ હુકમથી અથવા ત્યારપછીના કોઈ હુકમથઈ ટ્રસ્ટને આધીન હોય તેવી કોઈ મિલકત તેવી રીતે નિમણૂક કરેલી વ્યક્તિમાં નિહિત થશે એમ કોર્ટ ફરમાવે તો તે કાયદેસર ગણાશે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮ મા અધિનિયમની કલમ ૭(૧) ''નિમણુક કરી શકશે'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૭(૨)થી ''નિર્ણય'' એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૨૩ થી આ કલમ દાખલ કરી છે.

૪. સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૩ થી આ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કર્યા છે.

૫. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૮ થી કલમ ૪૭ક દાખલ કરી છે.

૬. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૨૪થી આ શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કર્યા છે.

૧(૪૭-ખ, કલમ ૪૪, ૨(૪૭ અથવા ૪૭-કક) માંના કોઈ મજકૂરથી -

કોર્ટ સખાવતી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ચેરિટી કમિશનરની નિમણૂક કરવી નહિ અને ચેરિટી કમિશનરને જો સખાવતી કામની વ્યવસ્થા કરવાની હોય તો આવા ટ્રસ્ટનો તેણે સ્વીકાર કરવો નહિ.

(ક) સખાવતી હેતુ માટેના કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ચેરિટી કમિશનરને નીમવાની કોઈ કોર્ટને સત્તા મળશે નહિ, અથવા

(ખ) કોઈ ટ્રસ્ટના સ્વીકારથી ચેરિટી કમિશનરને કોઈ ધાર્મિક પંથની બાબતોની અથવા ધર્મની બાબતમાં તેના કોઈ ભાગની વ્યવસ્થા કરવાની જરૂર પડે, તો આવા ટ્રસ્ટનો સ્વીકાર કરવા માટે ચેરિટી કમિશનર હકદાર થશે નહિ :

પરંતુ ધાર્મિક હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટનો કર્તા એમ ઈચ્છતો હોય અથવા આવા સાર્વજનિક ટ્રસ્ટની મિલકત જેનામાં નિહિતચ થઈ હોય તેવી વ્યક્તિ અથવા અધિકારીને જાહેર હિતમાં યોગ્ય જણાય, તો કોર્ટ ચેરિટી કમિશનરને આવા સાર્વજનિક ટ્રસ્ટનો એકમાત્ર ટ્રસ્ટી નીમી શકશે અને ચેરિટી કમિશનર આવા ટ્રસ્ટનો સ્વીકાર કરી શકશે.)

૪૮(૧) સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ચેરિટી કમિશનરની નિમણૂક કરવામાં આવે, ત્યારે સેંકડે અમૂક ટકા લેખે અથવા બીજી રીતે રાજય સરકાર ઠરાવે તેવો વહીવટી ખર્ચ લેવામાં આવશે.

(૨) એવી રીતે લેવાનો ખર્ચ જુદી જુદી મિલકતો અથવા મિલકતોના વર્ગો માટે અથવા જુદી જુદી ફરજો માટે જુદા જુદા દરે રહેશે.

ચેરિટી કમિશનરે મિલકતની તબદીલી કરવા બાબત.

૪૯(૧) આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી, ચેરિટી કમિશનરને ટ્રસ્ટી તરીકે, પોતામાં નિહિત થયેલી કોઈ મિલકતની તબદીલી નીચે જણાવેલી વ્યક્તિઓને કરવામાં બાધ આવે છે એમ ગણાશે નહિ :-

(ક) મૂળ ટ્રસ્ટીને (હોય તો તે)

(ખ) કાયદેસર રીતે નિમાયેલ બીજા કોઈ ટ્રસ્ટીને, અથવા

(ગ) કોર્ટ જણાવે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૨) આવી તબદીલીથી આવી મિલકત એવા ટ્રસ્ટીમાં નિહિત થશે અને તબદીલી પહેલાં મિલકત ધરાવવામાં આવતી હોય તે શરતો મુજબ તે ધરાવશે અને ચેરિટી કમિશનર તેવી મિલ્કતના ટ્રસ્ટી તરીકે આવી તબદીલી પહેલાં થયેલાં કાર્યો અંગેની જવાબદારી સિવાયની તમામ જવાબદારીમાંથી મુક્ત થશે :

પરંતુ આ કલમ હેઠળ કોઈ તબદીલી થઈ હોય તો ચેરિટી કમિશનર સદરહુ મિલકતમાંથી આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર લેવાની કોઈ ફી અને વહીવટી ચાર્જ રાખવાને હકદાર થશે.

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૪ થી કલમ ૪૭ખ દાખલ કરી છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૫થી "અથવા ૪૭" એ શબ્દ અને આંકડાને બદલે આ આંકડા, શબ્દ અને અક્ષરો મૂકયા છે.

૫૦.	કોઈપણ પ્રસંગે -

(૧)	કોઈ સાર્વજનિક ટ્રસ્ટનો ભંગ કરવામાં આવ્યો છે એમ કહેવામાં આવતુ હોય :

(૨)	કોઈ સાર્વજનિક ટ્રસ્ટ માટે પ્રતિકૂળ હોય તે રીતે મિલકત ધરાવનાર વ્યક્તિ સહિતની કોઈ વ્યક્તિ પાસેથી (તે સાર્વજનિક ટ્રસ્ટની મિલકતની ૨ (અથવા તેની આવક અથવા આવી મિલકત અથવા આવકના હિસાબનો) કબજો પાછો મેળવવા માટે હુકમની જરૂર હોય) અથવા

(૩)	કોઈ સાર્વજનિક ટ્રસ્ટના વહીવટ માટે કોર્ટનો હુકમ જરૂરી ગણવામાં આવતો હોય,

ત્યારે ૩(પોતાને જરૂર જણાય તેવી તપાસ કર્યા પછી) ચેરિટી કમિશનર અથવા ટ્રસ્ટમાં હિત સંબંધ ધરાવતા અને કલમ ૫૧માં જોગવાઈ કર્યા પ્રમાણે ચેરિટી કમિશનરની લેખિત સંમતિ મેળવી હોય તેવી બે અથવા વધુ વ્યક્તિઓ, જે કોર્ટની હકૂમતની સ્થાનિક હદની અંદર ટ્રસ્ટનો વિષય પૂર્ણતઃ અથવા અંશતઃ આવેલો હોય તે કોર્ટમાં નીચેની કોઈ દાદ માટે હુકમનામું મેળવવા વિવાદાસ્પદ હોય કે ન હોય તેવો દાવો માંડી શકશે :-

(ક)	એવી મિલકતનો (અથવા તેની આવકનો) કબજો પાછો મેળવવા માટે હુકમ :

(ખ)	કોઈપણ ટ્રસ્ટી અથવા મેનેજરને ખસેડવા બાબત :

(ગ)	નવા ટ્રસ્ટી અથવા મેનેજરની નિમણૂક :

૫(ગગ) ટ્રસ્ટીમાં કોઈ મિલકત નિહિત થવા બાબત)

(ઘ)	હિસાબો લેવા માટે અને ચોક્કસ તપાસ કરવા માટે સૂચના :

(ચ)	ટ્રસ્ટના કોઈ ચોક્કસ હેતુ માટે ટ્રસ્ટની મિલકતનો અથવા તેમાંના હિતસંબંધનો કયો ભાગ આપવો તે બાબતની જાહેરાત :

(છ)	ટ્રસ્ટની તમામ મિલકત અથવા તેનો કોઈ ભાગ ભાડે આપવાનો, વેચવાનો, ગીરો મૂકવાનો અથવા વિનિયોગ કરવાને અધિકૃત કરતી સૂચના :

(જ)	કોઈ યોજના નક્કી કરવા બાબત અથવા અત્યાર અગાઉ નક્કી કરેલી યોજનામાં ફેરફાર અથવા પરિવર્તન બાબત અથવા,

(ઝ)	કેસના પ્રકાર ઉપરથી જણાય તેવી વધુ અથવા બીજી દાદ આપવા બાબત,

પરંતુ કોઈ સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં આ કલમમાં નિર્દિષ્ટ કરેલી કોઈ દાદ માગતો દાવો તેની જોગવાઈઓ સાથે સુસંગત હોય તે સિવાય માંડી શકાશે નહિ :

૧.	સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૬(ક)થી “એવી જાહેરાત જરૂરી હોય કે”

૨.	સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨૬(ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩.	સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨૬ (ખ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪.	સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૬(૨) થી આ શબ્દો ઉમેર્યા છે.

૫.	સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૯થી ખડ(ગગ) દાખલ કર્યો છે.

(પુ)-એચ-૫૧૧-૭.

યોજનાઓ ઘડવાની, એકત્રિત કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની ચેરિટી કમિશનરની સત્તા.

૧(વધુમાં ચેરિટી કમિશનર, દાવો માંડવાને બદલે અગાઉ નક્કી કરેલી યોજનામાં ફેરફાર અથવા પરિવર્તન કરવા માટે કોર્ટને અરજી કરી શકશે.)

૨(૫૦-ક(૧) કલમ ૫૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, ચેરિટી કમિશનરને એમ માનવાને કારણ હોય કે કોઈ સાર્વજનિક ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, તેને માટે યોજના નક્કી કરવી જોઈએ ત્યારે અથવા કોઈ સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસંબંધ ધરાવતી બે અથવા વધારે વ્યક્તિઓ ઠરાવેલી રીતે તેને એવી લેખિત અરજી કરે કે સાર્વજનિક ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, તેને માટે યોજના નક્કી કરવી જોઈએ ત્યારે ચેરિટી કમિશનરને, આવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને જે કહેવું હોય તે કહેવાની વ્યાજબી તક આપ્યા પછી, એવી ખાતરી થાય કે તેમ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ છે, તો તે આવા સાર્વજનિક ટ્રસ્ટની વ્યવસ્થા અથવા વહીવટ માટે યોજના ઘડી શકશે.

(૨) ચેરિટી કમિશનરનો એવો અભિપ્રાય થાય કે યોગ્ય વ્યવસ્થા અથવા વહીવટના હિતમાં, બે અથવા વધુ સાર્વજનિક ટ્રસ્ટો માટે સામાન્ય યોજના ઘડીને આવા બે અથવા વધારે સાર્વજનિક ટ્રસ્ટો એકત્રિત કરી શકાશે તો, તે -

(ક) રાજપત્રમાં અને વળી જેમાં ટ્રસ્ટ નોંધવામાં આવ્યું હોય તે પ્રદેશમાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે વર્તમાન પત્રો (એક અંગ્રેજી અને બીજું પ્રદેશની ભાષા)માં નોટિસ પ્રસિદ્ધ કર્યા પછી, અને

(ખ) આવાં ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને અને હિતસંબંધ ધરાવતી બીજી તમામ વ્યક્તિઓને જે કંઈ કહેવું હોય તે કહેવાની યોગ્ય તક આપ્યા પછી,

તેને માટે સામાન્ય યોજના ઘડી શકશે.

૩(૨ક) આ કલમ હેઠળની યોજનામાં, ટસ્ટીઓની સંખ્યા, પ્રથમ ટ્રસ્ટીઓની નિમણૂક સહિત ટ્રસ્ટીઓની નિમણૂંક કરેલા ટ્રસ્ટીઓમાં ટ્રસ્ટની મિલકત નિહિત થવા બાબત, ટ્રસ્ટની ખાલી પડેલી કોઈ જગા ભરવાની રીત, સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી અથવા મેનેજરના મહેનતાણાં બાબત અને જરૂરી હોય, ત્યાં સાર્વજનિક ટ્રસ્ટના ઉદ્દેશો સ્પષ્ટ કરવા માટે જોગવાઈ કરી શકાશે.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા કલમ (૨) હેઠળ ઘડેલી અથવા પેટા-કલમ (૩) હેઠળ ફેરફાર કરેલી યોજનાનો અમલ, કલમ ૭૨ હેઠળ સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયને અધીન રહીને, કલમ ૫૦ હેઠળ કોર્ટના હુકમનામા હેઠળ યથાપ્રસંગ, નક્કી કરેલી અથવા ફેરફાર કરેલી યોજના તરીકે થશે).

(૪) પેટા-કલમ (૧) અથવા પેટા કલમ (૨) હેઠળ ઘડેલી પેટા-કલમ (૩) હેઠળ ફેરફાર કરેલી યોજનાનો અમલ, કલમ ૭૨ હેઠળ સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયને અધીન રહીને, કલમ ૫૦ હેઠળ કોર્ટના હુકમનામા હેઠળ યથાપ્રસંગ, નક્કી કરેલી અથવા ફેરફાર કરેલી યોજના તરીકે થશે.)

દાવો માડવાં માટે ચેરિટી કમિશનરની સંમતિ

૫.(૧) કોઈ સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓ કલમ ૫૦માં નિર્દિષ્ટ કરેલી જાતના દાવા ફાઈલ કરવા ઈચ્છતી હોય, તો તેમણે ચેરિટી કમિશનરને તેની સંમત્તિ માટે લેખિત અરજી કરવી જોઈશે. પક્ષકારોને સાંભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ચેરિટી કમિશનર, અરજી કરવામાં આવી હોય તે તારીખથી ૬ મહિનાની મુદતની અંદર એવો દાવો માંડવા માટે તેની સંમત્તિ આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે. પોતાની સંમતિ ન આપવાનો ચેરિટી કમિશનરનો હુકમ લેખિત હોવો જોઈએ અને તેમાં ના પાડવાનાં કારણો જણાવવા જોઈશે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૨૬(ક) થી આ પરંતુક ઉમેર્યો છે.

૨. એજનની કલમ ૨૭ થી આ કલમ દાખલ કરી છે.

૩. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૬થી પેટા-કલમ (૨ક) દાખલ કરી છે.

સન ૧૯૩૯નો મુંબઈનો ૧૨મો
(૨) દાવો માંડવા માટે પેટા-કલમ (૧) હેઠળ પોતાની સંમતિ આપવાની ચેરિટી કમિશનર ના પાડે, તો એવી સંમતિ માટે અરજી કરતી વ્યક્તિઓ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૩૯ હેઠળ રચેલી ★ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલમાં આ અધિનિયમથી ઠરાવેલી રીતે અપીલ દાખલ કરી શકશે.

(૩) કોઈ ટ્રસ્ટમાં હિતસંબંધ ધરાવતી વ્યક્તિએ કલમ ૫૦ હેઠળ દાખલ કરેલા દરેક દાવામાં, ચેરિટી કમિશનર આવશ્યક પક્ષકાર થશે.

(૪) કલમ ૭૧ હેઠળ કરેલી અપીલ ઉપરના મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલના નિર્ણયને આધીન રહીને, ચેરિટી કમિશનર નો પેટા-કલમ (૧) હેઠળનો નિર્ણય આખરી નિર્ણયાત્મક ગણાશે.

પ૨(૧)(૧) દીવાની કારીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકુર હોય તે છતાં, અધિનિયમની કલમો ૯૨ અને ૯૩ની જોગવાઈઓ સાર્વજનિક ટ્રસ્ટોને લાગુ પડશે નહિ.

દીવાની કાર્યરીતિ અધિનિયમ કલમ ૯૨ અને ૯૩ સાર્વજનિક ટ્રસ્ટોને લાગુ નહિ પાડવા બાબત.

૨(૨(૨) જો કોઈ સાર્વજનિક ટ્રસ્ટને આ અધિનિયમ લાગુ પડતો હોય તે તારીખે એવા ટ્રસ્ટને લગતી, કાયદેસરની કાર્યવાહીઓ, જે ૪(યોગ્ય હકૂમતવાળી કોઈ દીવાની કોર્ટ) સમક્ષ વિચારાધીન હોય અને જેમાં એડવોકેટ જનરલ અથવા એડવોટેક જનરલની સત્તા વાપરતા કલેકટર પક્ષકાર હોય, તેમાં યથાપ્રસંગ, એડવોટેક નજરલ અથવા કલેટકરને બદલે ચેરિટી કમિશનરને મૂકવામાં આવ્યો છે એમ સમજવું અને તેવી કોર્ટે તેવી કાર્યવાહીઓનો નિકાલ કરવો જોઈશે.)

૫(૩) યોગ્ય હકૂમતવાળી કોઈ દીવાની કોર્ટના કરેલા અથવા પસાર કરેલા કોઈ ખત, યોજના, હુકમ અથવા હુકમનામામાં કરેલો એડવોટેક જનરલ વિષેનો કોઈ ઉલ્લેખ, સદરહુ, તારીખ પહેલાં અથવા તે પછી કરવામાં આવે તો પણ, ચેરિટી કમિશનર વિષેનો ઉલ્લેખ હોય એમ સમજવું.

જેણે કિમતી અવેજ આપ્યો હોય તેવા એસાઈની સામેના દાવાને મુદતનો બાધ આવશે નહિ.

૧(પ૨-ક. ભારત મુદત અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, જે સાર્વજનિક ટ્રસ્ટ આ અધિનિયમ હેઠળ નોંધવામાં આવ્યું હોય અથવા નોંધવામાં આવેલું ગણાતું હોય તે સાર્વજનિક ટ્રસ્ટની કોઈ સ્થાવર મિલકતોનો જેણે કિંમતી અવેજ આપ્યો હોય તેવા કોઈ એસાઈની ઉપર તેના હાથમાંથી તે મિલકત અથવા તેની આવક લેવા માટે અથવા તેવી મિલકતનો અથવા તેવી આવકનો હિસબ લેવા માટે દાવો કરવાને, ગમે તેટલી મુદત થઈ હોય તો પણ, બાધ આવશે નહિં મ સમજવું.

પ૩(૧) કોઈ વિલથી કોઈ સાર્વજનિક ટ્રસ્ટના લાભમાં બક્ષિસ આપવામાં આવી હોય અથવા એવી બક્ષિસ જ સાર્વજનિક ટ્રસ્ટ બનતી હોય ત્યારે, જેમાં ૨ (એવું ટ્રસ્ટ) નોંધાવવામાં આવ્યું હોય અથવા નોંધાવવું જોઈએ તે મિલકત અથવા તેની આવક લેવા માટે અથવા તેવી મિલકતનો અથવા તેવી આવકનો હિસાબ લેવા માટે દાવો કરવાને, ગમે તેટલી મુદત થઈ હોય તો પણ, બાધ આવશે નહિ એમ સમજવું.)

જેણે કિમતી અવેજ આપ્યો હોય તેવા એસાઈની સામેના દાવાને મુદતનો બાધ આવશે નહિ.

સાર્વજનિક ટ્રસ્ટના લાભ માટે વિલથી આપેલી બક્ષિસ.

★ જુઓ આ અધિનિયમની કલમ ૨-ખ.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૦ (૧) થી કલમ પ૨ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૨. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૩ થી આ ભાગ ઉમેર્યો છે.

૩. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮માં અધિનિયમની કલમ ૧૦ (૧)થી "પરંતુ જો" એ શબ્દોને બદલે "(૨) જો" એ કૌંસ, આંકડો અને શબ્દ મૂકયો છે.

૪. એજનની કલમ ૧૦(૩) થી પેટા-કલમ (૩) દાખલ કરી છે.

૫. એજનની કલમ ૧૦(૩) થી પેટા-કલમ (૩) દાખલ કરી છે.

૧. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૭થી આ કલમ દાખલ કરી છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૧ થી "એવો મૃત્યુલેખ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયો છે.

(૨) આવા કોઈ વિલનું પ્રોબેટ અથવા આવા વિલ સાથે સંલગ્ન વહીવટ પત્ર કોઈ કોર્ટથી આપી શકાશે નહિ, સિવાય કે તેને એમ સંતોષ થાય કે આવા વિલની એક નકલ પેટા-કલમ (૧)માં જોગવાઈ કર્યા પ્રમાણે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને મોકલાવામાં આવી હોય.

ધર્માદા

૫૪(૧) કોઈ ધંધાના અથવા વેપારના રિવાજ અથવા પ્રથા પ્રમાણે અથવા કોઈ લેવડદેવડને લગતી પક્ષકારો વચ્ચેની કબૂલાત પ્રમાણે સદરહુ લેવડદેવડના કોઈ પક્ષકાર પાસેથી કોઈ સખાવતી અથવા ધાર્મિક હેતુ માટે વાપરવાના હેતુથી કોઈ રકમ ગમે તે નામથી લેવામાં આવે અથવા એકઠી કરવામાં આવે ત્યારે, એવી રીતે લેવામાં અથવા એકઠી કરવામાં આવતી રકમ ૩(આ અધિનિયમમાં જેને "ધર્માદા" કહેવામાં આવેલ છે. તે રકમ લેનાર અથવા એકઠી કરનાર વ્યક્તિ ટ્રસ્ટી તરીકે પોતાના કબજામાં રાખશે.

(૨) આવી રકમો લેતી અથવા એકઠી કરતી કોઈ વ્યક્તિએ, સામાન્ય રીતે તેનો હિસાબ, જે વરસ માટે તે રાખવામાં આવ્યો હોય તે પૂરું થતાં ત્રણ મહિનાની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને મોકલવો જોઈશે.

(૩) પોતાને રજુ થયેલા હિસાબ બરાબર છે કે કેમ તેની ખરાઈ કરવા માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને યોગ્ય લાગે તેવી તપાસ કરવાની સત્તા રહેશે અને ઠરાવેલી રીતે રકમનો નિકાલ કરવા માટે તે હુકમ કરી શકશે.

૪(૪) પ્રકરણ ૪ની જોગવાઈઓ ધર્માદાને લાગુ પડશે નહિ.)

૫૫(૧) પોતાને કરેલી અરજી ઉપરથી અથવા બીજી રીતે) ચેરિટી કમિશનરનો એવો અભિપ્રાય થાય કે -

(ક) અસલ હેતુ, જેને માટે સાર્વજનિક ટ્રસ્ટ રચવામાં આવ્યું હતું તે નિષ્ફળ ગયો છે,

સદ્દશ હેતુ

(ખ) કોઈ સાર્વજનિક ટ્રસ્ટની આવક અથવા વધારાની પુરાંતનો ઉપયોગ થયેલ નથી અથવા ઉપયોગ થવાનો સંભવ નથી,

(ગ) ૨ (ધાર્મિક હેતુ માટેના ટ્રસ્ટ સિવાયના સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં) સાર્વજનિક ટ્રસ્ટ કર્તાના મૂળ ઈરાદાને અથવા જે હેતુ માટટે સાર્વજનિક ટ્રસ્ટ રચવામાં આવ્યું હતું તે હેતુને પૂર્ણતઃ અથવા અંશતઃ અમલમાં મૂકવાનું (જાહેર જનતાના હિતમાં) ઈષ્ટ, વ્યવહારૂ, ઈચ્છનીય, જરૂરી અથવા યોગ્ય નથી અને સાર્વજનિક ટ્રસ્ટની મિલકત અથવા આવક અથવા તેનો કોઈ ભાગ બીજા સખાવતી અથવા ધાર્મિક હેતુ માટે ઉપયોગમાં લેવો જોઈએ.

(ઘ) કલમો ૧૦થી ૧૩માં નિર્દિષ્ટ કરેલા કોઈ દાખલમાં અથવા કલમ ૫૪ હેઠળ ટ્રસ્ટરૂપે જેનો કબજો ધરાવવામાં આવેલ હોય તે ધર્માદા રકમોના ઉપયોગના સંબંધમાં કોર્ટની સૂચનાઓ જરૂરી છે.

તો ચેરિટી કમિશનરે ૩(જેની હકૂમતના સ્થાનિક વિસ્તારમાં ટ્રસ્ટનો આખો વિષય અથવા તેનો ભાગ આવેલો હોય તે કોર્ટને સૂચનાઓ મેળવવા માટે ઠરાવેલા સમયની અંદર અરજી કરવા ટ્રસ્ટીઓને ફરમાવવું જોઈશે.)

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૪(૧) થી આ કૌંસ અને શબ્દો દાખલ કર્યા છે.

૪. એજનની કલમ ૧૪(૨) થી પેટા-કલમ (૪) ઉમેરી છે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૨(૧) થી "જો કોઈપણ સમયે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯ના અધિનિયમની કલમ ૫થી "જાહેર જનતાના હિત માટે નહિ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૨(૨) થી "તે ન્યાયાલયને સૂચનાઓ માટે ઠરાવેલા સમયની અંદર અરજી કરવા માટે ટ્રસ્ટીઓને લેખી નોટિસ આપવી." એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે અરજી કરવામાં ટ્રસ્ટીઓ નિષ્ફળ જાય અથવા ચેરિટી કમિશનર પોતે ટ્રસ્ટી હોય અથવા સાર્વજનિક ટ્રસ્ટનો કોઈ ટ્રસ્ટી ન હોય, તો ચેરિટી કમિશનરે જાતે કોર્ટને અરજી કરવી જોઈશે.

૫૬(૧) આવી અરજી કરવામાં આવ્યેથી, કોર્ટ પક્ષકારોને સાંભળ્યા પછી અને તપાસ કર્યા પછી તે બાબતનો નિર્ણય કરી સૂચનાઓ આપવી જોઈશે. જાહેર જનતાના હિતમાં ઈષ્ટ, વ્યવહારૂ, ઈચ્છનીય ૪ (જરૂરી અથવા યોગ્ય) જણાય તેટલે સુધી, કોર્ટે સૂચનાઓ આપવામાં સાર્વજનિક ટ્રસ્ટના કર્તાના મૂળ ઈરાદાને અથવા જેના માટે સાર્વજનિક ટ્રસ્ટ રચવામાં આવ્યું હતું તે હેતુને અમલમાં મૂકવો જોઈએ. કોર્ટનો એવો અભિપ્રાય થાય કે આવા ઈરાદા અથવા હેતુને અમલમાં મૂકવાનું જાહેર જનતાના હિતમાં પૂર્ણતઃ અથવા અંશતઃ ઈષ્ટ, વ્યવહારૂ, ઈચ્છનીય ૪ (જરૂરી અથવા યોગ્ય) નથી, તો કોર્ટ એવું ફરમાવી શકશે કે સદૃશ હેતુને આધારે તે સાર્વજનિક ટ્રસ્ટની મિલકત અથવા આવક અથવા તેનો કોઈ ભાગ બીજા કોઈ સખાવતી અથવા ધાર્મિક હેતુ માટે વાપરવો. એમ કરતી વખતે, કોર્ટ સાર્વજનિક ટ્રસ્ટ અંગે અગાઉ નક્કી થયેલી કોઈ યોજનામાં ફેરફાર કરે અથવા સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં અગાઉ કરેલા કોઈ હકમનામા અથવા હુકમની શરતો બદલે અથવા સાર્વજનિક ટ્રસ્ટના ખતમાં નિર્દિષ્ટ કરેલી શરતો બદલે તો તે કાયદેસર થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોર્ટે કરેલા કોઈ નિર્ણય અથવા હુકમને એવી કોર્ટનું હુકમનામું ગણવામાં આવશે અને તેના ઉપર હાઈકોર્ટને અપીલ થઈ શકશે.

સૂચનાઓ મેળવવા માટે અરજી કરવાની ટ્રસ્ટીઓની સત્તા.

૨(૫૬-ક)(૧) આ અધિનિયમમાં અગાઉ ઠરાવવામાં આવ્યું હોય તે સિવાય, સાર્વજનિક ટ્રસ્ટનો કોઈ ટ્રસ્ટી જે કોર્ટની હકૂમતના સ્થાનિક વિસ્તારમાં ટ્રસ્ટનો આખો વિષય અથવા તેનો ભાગ આવેલો હોય તે કોર્ટને ટ્રસ્ટ મિલકત અથવા તેની આવકની વ્યવસ્થા અથવા વહીવટને લગતા કોઈ પ્રશ્ન પર કોર્ટનો અભિપ્રાય, સલાહ અથવા સૂચનો મેળવવા માટે અરજી કરી શકશે અને તે કોર્ટ તે બાબત ઉપર યથાપ્રસંગ,, અભિપ્રાય, સલાહ અથવા સૂચના આપશે :

પરંતુ કોર્ટને સંક્ષિપ્ત રીતે નિકાલ કરવા યોગ્ય ન લાગે તેવા કોઈ પ્રશ્ન પર કોર્ટ આવો અભિપ્રાય, સલાહ અથવા સૂચના આપવાને બંધાયેલ નથી.

(૨) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે, કોર્ટ, ચેરિટી કમિશનરને નોટિસ આપ્યા પછી તે બાબત ઉપર પોતાનો અભિપ્રાય, સલાહ અથવા સૂચના આપી શકશે. કોઈ અભિપ્રાય, સલાહ અથવા સૂચના આપતાં પહેલાં કોર્ટે અરજી અંગે હાજર રહેતી તમામ વ્યક્તિઓને જે કહેવું હોય તે કહેવાની યોગ્ય તક આપવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ અરજીમાં લગતી કોઈ બાબતની વિગતો શુદ્ધબુદ્ધિથી જણાવનાર અને તે બાબત ઉપર આપેલો કોર્ટનો અભિપ્રાય, સલાહ અથવા સૂચના હેઠળ કાર્ય કરનાર કોઈ ટ્રસ્ટીએ તેની પોતાની જવાબદારીને લાગેવળગે છે ત્યાં સુધી, જેના સંબંધમાં અરજી કરવામાં આવી હોય તે બાબતમાં આવા ટ્રસ્ટી તરીકે પોતાની ફરજ બજાવી છે એમ ગણાશે.

(૪) આ કલમ હેઠળ આપેલ અભિપ્રાય, સલાહ અથવા સૂચના સામે કોઈપણ અપીલ થઈ શકશે નહિ.

સાર્વજનિક સખાવતી અથવા ધાર્મિક હેતુઓને અસર કરતી બાબતવાળાં કામો.

૫૬-ખ.

(૧) કોર્ટને એવું જણાય કે કોઈ દાવા અથવા કાયદેસર કાર્યવાહીમાં સાર્વજનિક, ધાર્મિક અથવા સખાવતી હેતુને અસર કરતી કોઈ બાબત સંકળાયેલી છે, તો ચેરિટી કમિશનરને નોટિસ જે આપવામાં આવે નહિ ત્યાં સુધી કોર્ટ, તેવી બાબતનો નિર્ણય કરી શકશે નહિ.

(૨) એવી નોટિસ મળ્યેથી અથવા બીજી રીતે તે અર્થે ચેરિટી કમિશનરે અરજી કર્યેથી તેવા દાવા અથવા કાર્યવાહીના કોઈપણ તબક્કે તેને પક્ષકાર તરીકે દાખલ કરવો જોઈશે.

(૩) આ કલમમાં "કોર્ટ" એટલે ૨(ગુજરાત રાજયમાંથી) યોગ્ય હકૂમતવાળી કોઈપણ દીવાની કોર્ટ.

૪. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૬ થી "અથવા જરૂરી" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૬ થી "અથવા જરૂરી" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી "મુંબઈ રાજય" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(પુ)-એચ-૫૧૧-૮.

પ્રકરણ ૭-ક

જે ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ અને દેણગીઓ રાજય સરકારમાં નિહિત થાય અથવા જેનો વહીવટ રાજય સરકારમાં નિહિત થાય તે ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ અથવા દેણગીઓ સંબંધમાં ખાસ જોગવાઈ.

પ્રકરણ-૭-કની જોગવાઈઓ કેટલીક દેણગીઓને લાગુ પાડવા બાબત.

૫૬-ગ (૧) આ પ્રકરણની જોગવાઈઓ, જાહેર, ધાર્મિક અતવા સખાવતી હેતુ માટે નિર્માણ કરેલા મંદિર, મસ્જીદ અથવા દેણગી (જેને આમાં હવે પછી આ પ્રકરણમાં ''દેણગી'' કહી છે તે જે અથવા જેનો વહીવટ રાજય સરકારમાં નિહિત થાય અને જેને -

(ક) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધવામાં આવ્યાં હોય, અથવા

(ખ) રાજય સરકારે, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને રાજપત્રમાં અગાઉથી જાહેરનામું પ્રસિદ્ધ કરીને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે જાહેર કર્યા હોય,

તે દરેક મંદિર, મસ્જીદ અથવા દેણગીને લાગુ પડશે.

આવી જાહેરાત થયેથી, આવી દેણગી આ અધિનિયમના હેતુઓ માટે નોંધાયેલ સાર્વજનિક ટ્રસ્ટ છે એમ ગણાશે અને સાર્વજનિક ટ્રસ્ટની નોંધણીને લગતા પ્રકરણ ૪ની જોગવાઈઓ, શકય હોય તેટલી સુધી, કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં નોંધો કરવાને લાગુ પડશે, પરંતુ આવી નોંધો, આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર હોવી જોઈએ. એવી રીતે કરેલી નોંધો આખરી અને નિર્ણયાત્મક રહેશે.

(૨) રાજય સરકારે, આ પ્રકરણની શરૂઆત પછી, જેમ બને તેમ જલ્દી, સાર્વજનિક ટ્રસ્ટો તરીકે નોંધાયેલી હોય અથવા જાહેર કરવામાં આવી હોય તેવી દેણગીઓ યાદી રાજપત્રમાં પ્રસિદ્ધ  કરવી જોઈશે, અને રાજય સરકાર, તેવું જાહેરનામું પ્રસિદ્ધ કરીને અને તેવી રીતે આવી યાદીમાંથી કોઈ દેણગી ઉમેરી  શકશે અથવા તેમાં દાખલ કરેલી કોઈ દેણગી કાઢી નાખી શકશે.

કેટલીક દેણગીઓ નિહિત  થવા બાબત અથવા તેનો વહીવટ સોંપવા બાબત.

૫૬-ઘ. પોતે નક્કી કરે તે તારીખથી અને આમાં હવે પછી જોગવાઈ કરેલી રીતે રાજય સરકાર કોઈ સમિતિ (જેને આમાં હવે પછી ''સમિતિ'' કહી છે તે) ને દેણગી અથવા તેનો વહીવટ સોંપશે અને તેમ થયે, તેને લગતી સ્થાવર અથવા જંગમ મિલકત સહિત આવી દેણગી અથવા યથાપ્રસંગ, તેનો વહીવટ આવી સમિતિના સભ્યોમાં નિહિત થશે, અને સમિતિના સભ્યો આ અધિનિયમના અર્થ મુજબ અને તેના હેતુઓ માટે, આવી દેણગીના ટ્રસ્ટીઓ થશે.

વહીવટ સમિતિઓ.

૫૬-ચ. (૧) કલમો-૪૭ અને ૫૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ પ્રકરણની જોગવાઈઓ હેઠળ સમિતમાં દેણગીનો વહીવટ નિહિત થવાના અથવા સોંપવાના હેતુ માટે રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, દરેક જિલ્લા માટે (જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા નામની) એક અથવા વધારે સમિતિઓ નીમવી જોઈશે.

(૨) આવી સમિતિને, ઠરાવવામાં આવે તે શરતો અને નિયંત્રણોને આધીન રહીને, અધીન રહીને, મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની સત્તા રહેશે અને સમિતિના તમામ સભ્યોના નામથી તે દાવો માંડી શકશે અને એવા નામથી તેની સામે દાવો માંડી શકાશે.

(૩) સમિતિ ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સભ્યોની બનશે અને સખાવતી દેણગીની બાબતમાં, જે ધર્મ અથવા ધાર્મિક સંપ્રદાયના હેતુઓ માટે અથવા જેના લાભ માટે દેણગી સ્થાપવામાં આવી હોય અથવા તેનો વહીવટ કરવામાં આવતો હોય તે ધર્મ પાળતી હોય અથવા તે ધાર્મિક સંપ્રદાયના (અથવા તેના કોઈ ભાગની) હોય તેવી વ્યક્તિઓમાંથી સભ્યોને નીમવામાં આવશે અને બીજી કોઈ બાબતમાં તેમને નીમી શકાશે. આવી દેણગીના વહીવટમાં રસ ધરાવતી વ્યક્તિઓની ઈચ્છા જાણી શકાતી હોય તેટલે સુધી તે પ્રમાણે સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૨૯થી આ પ્રકરણ દાખલ કર્યું છે.

૨. આવી સમિતિને, ઠરાવવામાં આવે તે શરતો અને નિયંત્રણોને અધીન રહીને, મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની સત્તા રહેશે અને સમિતિના તમામ સભ્યોના નામથી તે દાવો માંડી શકશે અને એવા નામથી તેની સામે દાવો માંડી શકાશે.

૩. સમિતિ ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સભ્યોની બનશે અને સખાવતી દેણગીના બાબતમાં, જે ધર્મ અથવા ધાર્મિક સંપ્રદાયના હેતુઓ માટે અથવા જેના લાભ માટે દેણગી સ્થાપવામાં આવી હોય અથવા તેનો વહીવટ કરવામાં આવતો હોય તે ધર્મ પાળતી હોય અથવા તે ધાર્મિક સંપ્રદાયના (અથવા તેના કોઈ ભાગની) હોય તેવી વ્યક્તિઓમાંથી સભ્યોને નીમવામાં આવશે અને બીજી કોઈ બાબતમાં તેમને નીમી શકશે. આવી દેણગીના વહીવટમાં રસ ધરાવતી વ્યક્તિઓની ઈચ્છા જાણી શકાતી હોય તેટલે સુધી તે પ્રમાણે સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

૧. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૨૯થી આ પ્રકરણ દાખલ કર્યું છે.

૫૬-છ(૧) કોઈ સભ્યને સમિતિમાં પાંચ વર્ષની મુદત માટે નીમવામાં આવશે, પરંતુ તે ફરી નીમાવા માટે લાયક થશે.
સમિતિના સભ્યોના હોદ્દાની મુદત.
(૨) કોઈ સભ્ય, રાજય સરકારને સંબોધેલ પોતાની સહી કરેલા લખાણથી સમિતિના સભ્ય તરીકે પોતાનું રાજીનામું આપી શકશે. પંરતુ આવું રાજીનામું રાજય સરકારે સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, તે રાજીનામું અમલમાં આવશે નહિ.
સભ્યપદ માટે ગેરલાયકાત
૫૬-જ. (૧) કોઈ વ્યક્તિ -
(ક) સગીર હોય,
(ખ) નૈતિક અધઃપતનવાળા કોઈ ગુના માટે ફોજદારી કોર્ટે તેને દોષિત ઠરાવી હોય,
(ગ) અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતી કોર્ટે તેવી રીતે જાહેર કરી હોય,
(ઘ) મુકત કરવામાં નહિ આવેલી નાદાર હોય,
(ચ) સમિતિમાં નિહિત થયેલી મિલકતને લગતા પટ્ટા અથવા બીજા કોઈ સોદામાં સીધો અથવા આડકતરો હિતસંબંધ હોય,
(છ) સમિતિનો પગારદાર નોકર હોય અથવા દેણગીના સંબંધમાં સમિતિને માલ પૂરો પાડવા માટેના અથવા દેણગીના સંબંધમાં સમિતિએ હાથ પર લીધેલ કોઈ કામ કરવા માટે અથવા કોઈ સેવા બજાવવા માટેના કરારમાં તેનો કોઈ હિસ્સો અથવા હિતસંબંધ હોય :
(જ) રાજય સરકારને ગેરવર્તણુંક માટે દોષિત જણાય હોય :
(ઝ) ધાર્મિક દેણગીની બાબતમાં, જે ધર્મ માટે સમિતિની નિમણૂક કરવામાં આવી હોય તે ધર્મ પાળતી બંધ થાય અથવા જે ધર્મ સંપ્રદાય માટે સમિતિની નિમણૂક કરવામાં આવી હોય તે ધર્મ સંપ્રદાય પાળતી બંધ થાય, અથવા
(ટ) બીજી રીતે અયોગ્ય હોય :
તો, તે સમિતિના સભ્ય તરીકે નિમણૂક થવા માટે અથવા સભ્ય થવા માટે ગેરલાયક થશે.
(૨) રાજય સરકારને એમ લાગે કે કોઈ સભ્ય ઉપર જણાવેલી ગેરલાયકાતોમાંની કોઈ ગેરલાયકાત ધરાવે છે, તો રાજય સરકાર તે સભ્યને કારણ દર્શાવવાની તક આપ્યા પછી અને દર્શાવેલ કોઈ કારણ ઉપર વિચારણા ચલાવ્યા પછી, આવી વ્યક્તિને સભ્યપદેથી દૂર કરી શકશે અને રાજય સરકારનો નિર્ણય આખરી ગણાશે.
(૩) તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, સમિતિના સભ્યને, તે આવી સમિતિનો સભ્ય છે તે હકીકતને કારણે જ ૧ (ગુજરાત વિધાનસભાના) અથવા કોઈ સ્થાનિક સત્તા મંડળના સભ્ય તરીકે પસંદ થવામાંથી અથવા તેના સભ્ય થવા માટે ગેરલાયક ઠરાવી શકાશે નહિ.
નવા સભ્યની નિમણૂક કરવાની સરકારની સત્તા.
૫૬-ઝ સમિતિનો કોઈ સભ્ય -
(ક) રાજીનામું આપે અથવા મૃત્યુ પામે,
(ખ) ચેરિટી કમિશનરની રજા સિવાય, ભારતમાંથી સતત છ મહિનાની મુદત માટે ગેરહાજર રહે,
(ગ) પરદેશમાં રહેવાના હેતુ માટે ભારત છોડી જતો હોય,
૧. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, પેરા-૭ થી ''મુંબઈ વિધાનસભાના અથવા મુંબઈ વિધાન પરિષદના'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.
(ઘ) છૂટો થવા માટે ઈચ્છતો હોય,
(ગ) કામ કરવાની ના પાડતો હોય, અથવા
(છ) તેને રાજય સરકાર નવા સભ્યની નિમણઊક કરી શકાશે.
સમિતિના અધ્યક્ષ અને કોષાધ્યક્ષ.
૫૬-ટ (૧) રાજય સરકાર સમિતિના સભ્યોમાંથી અધ્યક્ષ નીમશે અને કોષાધ્યક્ષ પણ નીમશે.
(૨) રાજય સરકાર એમ ફરમાવી શકશે કે અધ્યક્ષ, કોષાધ્યક્ષ અને સમિતિના બીજા સભ્યોને ઠરાવવામાં આવે તે ફંડમાંથી અને તે રીતે, ઠરાવવામાં આવે તે માનદ્વેતન અથવા ફી અને ભથ્થાં આપી શકાશે.
સમિતિની બેઠકો અને કાર્યરીતિ.
૫૬-ઠ. સમિતિ, ઠરાવવામાં આવે તેવા ગાળાએ મળશે અને તેની સત્તા વાપરવામાં અને તેની ફરજો અને કાર્યો બજાવવામાં, ઠરાવવામાં આવે તે કાર્યરીતિ અનુસરશે, પરંતુ રોજબરોજની કાર્યવાહી અને રાબેતા મુજબનાં કામકાજનો તેણે કરેલા અને રાજય સરકારે મંજૂર કરેલા વિનિયમો અનુસાર નિકાલ કરવામાં આવશે.
૫૬-ડ. સમિતિ ઠરાવ કરીને પોતાને યોગ્ય લાગે તે પેટા-સમિતિઓની નિમણૂક કરી શકશે અને ઠરાવમાં તે નિર્દિષ્ટ કરે તે સત્તા અને ફરજો તેમને સોંપી શકશે, અને સમતિ અથવા પેટા-સમિતિ, સામાન્ય રીતે અથવા કોઈ ખાસ હેતુ માટે, જે સભ્ય ન હોય, પરંતુ જેની સહાય અથળા સલાહ લેવા તે માંગતી હોય તેવી કોઈ વ્યક્તિને વિનિયમોથી નક્કી કરવામાં આવે તે રીતે, તેની સાથે

સામેલ કરી શકશે, અને ઉપર જણાવ્યા પ્રમાણે સામેલ થયેલી વ્યક્તિને તે માટેની સમિતિ અથવા પેટા-સમિતિની ચર્ચાઓમાં ભાગ લેવાનો હક રહેશે, પરંતુ તેને કોઈ સભામાં મત આપવાનો હક રહેશે નહિ.

૫૬-ઢ. (૧) રાજય સરકાર, સમિતિના સેક્રેટરીની નિમણૂક કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ સમિતિની ફરજો અને કાર્યો કાર્યસાધક રીતે બજાવવા માટે પોતાને આવશ્યક લાગે તે અધિકારીઓ (સેક્રેટરી સિવાય) અને નોકરો સમિતિ નીમી શકશે :

પરંતુ જેને દર મહિને એકસો રૂપિયા કરતાં વધારે પગાર આપવામાં આવતો હોય અથવા આપવાનો હોય તેવા કોઈ અધિકારી અથવા નોકરને સમિતિ રાજય સરકારની પૂર્વ મંજુરી સિવાય નીમી શકશે નહિ.

૫૬-ત. (૧) સેક્રેટરી, અધિકારીઓ અને નોકરોને નિયમો દ્વારા અથવા યથાપ્રસંગ સમિતિએ કરેલા વિનિયમો દ્વારા નોકરી અંગેની ઠરાવવામાં આવે તેવી શરતો પર નીમવામાં આવશે.

(૨) સમિતિના સેક્રેટરી, અધિકારીઓ અને નોકરોના પગાર અને ભથ્થાં ઠરાવવામાં આવે ફંડમાંથી આપવામાં આવશે.

૫૬-થ. (૧) રાજય સરકારના સામાન્ય અને ખાસ હુકમોને અધીન રહીને જે દેણગી તેનામાં નિહિત થઈ હોય અથવા જેની વ્યવસ્થા તેને પ્રાપ્ત થઈ હોય તે દેણગીમાં કામોની વ્યવસ્થા અને વહીવટ કરવાની સમિતિની સામાન્ય ફરજ રહેશે. આવી દેણગી યોગ્ય રીતે નિભાવવામાં આવી છે અને હેતુઓ માટે તેનું નિર્માણ કર્યું છે, તે યોજવામાં આવી છે અથવા વહીવટ કરવાનો છે ઉદેશ અને હેતુઓ માટે તેનું નિર્માણ કર્યું છે, તે યોજવામાં આવી છે અથવા વહીવટ કરવાનો છે અધિનિયમ રૂએ અથવા તે હેઠળ અથવા આવી દેણગીને લગતા તે સમયે અમલમાં હોય તેવા ટ્રસ્ટના કોઈ લેખ અથવા યોજના હેઠળ તેને સોંપેલી સત્તા વાપરવાની અને તેના પર નાંખેલી ફરજો અને કાર્યો બજાવવાની સમિતિની ફરજ રહેશે.

(૨) ખાસ કરીને પણ પૂર્વવતી જોગવાઈની વ્યાપકતાને બાધા આવ્યા સિવાય સમિતિએ -

(ક) આવી દરેક દેણગીની ઉત્પત્તિ સ્થાન, આવક, ઉદેશ અને હિતાધિકારીઓને લગતી વિગતો ધરાવતું એક રેકર્ડ રાખવું જોઈશે,

(ખ) તેની આવક અને ખર્ચનો અંદાજ દર્શાવતું અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે.

(ગ) ઠરાવવામાં આવે તે ફંડમાંથી સમિતિના સેક્રેટરી, અધિકારીઓ અને  નોકરોને આપવાના પગારો અને ભથ્થાં અને બીજી રકમો  નિયમિત આપવી જોઈશે.
(ઘ) આવી દરેક દેણગી માટે જુદા જુદા હિસાબો રાખવા જોઈશે.
(ચ) દેણગીની આવક અને મિલકત, જેના માટે આવી દેણગીનું નિર્માણ  કરવામાં આવ્યું હોય, યોજવામાં આવી હોય અથવા તેનો વહીવટ કરવાનો હોય, તે ઉદેશો અને હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવી છે તે વિશે ખાતરી કરવી જોઈશે,
(છ) આવી કોઈ દેણગીની ગુમાવેલી મિલકત પાછી મેળવવા માટે પગલાં લેવા જોઈશે,
(જ) કોર્ટમાં અવી દેણગીને લગતો કોઈ દાવો અને કાર્યવાહી માંડવી જોઈશે અને તેની સામે બચાવ કરવો જોઈશે.
(ઝ) આવી દેણગીના સંબંધમાં રાજય સરકાર, વખતોવખત ફરમાવે તે પત્રકો, આંકડા, હિસાબો અને બીજી માહિતી પૂરી પાડવી જોઈશે,
(ટ) આવી દેણગીના યોગ્ય નિયંત્રણ, નિભાવ અને વહીવટ માટે આવશ્યક હોવા તેવાં તમામ કાર્યો સામાન્ય રીતે કરવાં જોઈશે,
(ઠ) આવી દેણગીના યોગ્ય નિયંત્રણ, નિભાવ અને વહીવટ માટે આવશ્યક હોય તેવાં તમામ કાર્યો સામાન્ય રીતે કરવાં જોઈશે.
૫૬-દ. સમિતિનું કંઈપણ કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યોની કોઈ જગા ખાલી પડી હોવાને લીધે અથવા તેની રચનામાં કંઈપણ ખામી હોવાને લીધે, ગેરકાયદેસર ગણાશે નહિ.
ખાલી પડેલી જગા અથવા ખામીને કારણે સમિતિનું કાર્ય ગેરકાયદેસર ગણાશે નહિ.
૫૬-ધ. રાજય સરકાર, વખતોવખત, કોઈપણ દેણગીની સુવ્યવસ્થા અથવા વહીવટ માટે, સમિતિનિે સૂચનો આપી શકશે.
સૂચનો અપવાની રાજય સરકારની સત્તા.
૫૬-ન. ચેરિટી કમિશનર, રાજય સરકારની પૂર્વમંજૂરીથી આ અધિનિયમની જોગવાઈઓ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા આપેલાં સૂચનો હેઠળ, સમિતિ બજાવવાને બંધાયેલી હોય તેવી કોઈ ફરજની બજાવણી માટે, પ્રબંધ કરી શકશે અને આવી ફરજની બજાવણી માટેનું ખર્ચ જેની પાસે દડનો હવાલો વખતોવખત રહેતો હોય તે વ્યક્તિએ  આપવું એમ ફરમાવી શકશે. એવી ફરજ કોઈ દેણગી અંગે હોય તો સદરહુ દેણગીના ફંડમાંથી ચૂકવણી કરવામાં આવશે.
સમિતિની ફરજો બજાવવાનું ફરમાવવાની અને તેના સબંધમાં થયેલું ખર્ચ સમિતિના ફંડ માંથી આપવાનું સૂચન કરવાની ચેરીટી કમીશનની સત્તા વગેરે.
૫૬-પ. (૧) રાજય સરકારનો એવો અભિપ્રાય થાય કે, સમિતિ આ અધિનિયમથઈ અથવા તે હેઠળ તેના ઉપર નાંખેલી ફરજો બજાવવાને અસમર્થ છે અથવા તેની બજાવણી કરવામાં તેણે વારંવાર કસૂર કરી છે અથવા તેની સત્તા મર્યાદા બહાર વાપરી છે અથવા તેનો ગેરઉપયોગ કર્યો છે, તો રાજયસરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદંત માટે સમિતિને પદચ્યૂત કરી શકશે.
પરંતુ આ પેટા-કલમ હેઠળ જાહેરનામુ કાઢતાં પહેલાં, રાજય સરકારે સમિતિને, તેને શા માટે પદચ્યૂત ન કરવી જોઈએ તેનું કારણ દર્શાવવી વાજબી તક આપવી જોઈએ અને સમિતિનાા ખુલાસા અને વાંધા, હોય તો તે ઉપર વિચારણા કરવી જોઈશે.
(પુ.-એચ.-૫૧૧-૯.)

(૨) સમિતિને પદચ્યૂત કરવા અંગેનું પેટા-કલમ (૧) હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ થયેથી -

(ક) પદચ્યૂત કર્યાની તારીખથી, સમિતિના તમામ સભ્યોએ, તેવા સભ્યો તરીકેના તેમના હોદ્દા ખાલી કરવા જોઈશે.

(ખ) સમિતિ અથવા તેના વતી આ અધિનિયમની જોગવાઈઓની રૂએ અથવા તે હેઠળ વાપરી શકાય અથવા બજાવી શકાય તેવી તમામ સત્તા અથવા ફરજો અને કાર્યો, રાજય સરકાર, કલમ ૫૬-જની પેટા-કલમ (૧) ની જોગવાઈઓ ધ્યાનમાં લઈને, ફરમાવે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ પદચ્યૂત કર્યાની મુદ્દત દરમિયાન વાપરશે અને બજાવશે, અને

(ગ) સમિતિમાં, નિહિત થયેલી તમામ મિલકત, અથવા જેની વ્યવસ્થા તેમાં નિહિત થઈ હોય તે મિલકત, પદચ્યૂત કર્યાની મુદ્દત દરમિયાન, રાજય સરકારમાં નિહિત થશે.

(૩) પેટા-કલમ(૧) હેઠળ કાઢેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી પદચ્યૂત કર્યાની મુદ્દત લંબાવી શકશે અથવા

(ક) પોતાને આવશ્યક જણાય તેવી વધુ મુદ્દત સુધી પદચ્યૂત કર્યાની મુદ્દત લંબાવી શકશે, અથવા

(ખ) કલમ ૫૬-ચ માં ઠરાવેલી રીતે સમિતિને ફરી રચી શકશે.

વિનિયો કરવાની સત્તા.

૫૬-ફ. (૧) આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્યો બજાવવા માટે, સમિતિ, રાજય સરકારનો મંજૂરીથી આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને, પરંતુ પૂર્વવતી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત વિશે જોગવાઈ કરી શકશે.

(૧) કલમ ૫૬-ઠ હેઠળ સમિતિની રોજબરોજની કાર્યવાહી અને રાબેતા મુજબના કામકાજનો નિકાલ કરવા બાબત,

(૨) સમિતિ અથવા પેટા-સમિતિનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિને, કઈ રીતે, કલમ ૫૬-ડ હેઠળ, યથાપ્રસંગ, આવી સમિતિ અથવા પેટા-સમિતિમાં સામેલ કરી શકાય તે રીત બાબત,

(૩) કલમ ૫૬-ત, હેઠળ સમિતિના નોકરોની નોકરીની શરતો બાબત.

અ અધિનિયમની અમુક જોગવાઈ અને દેણગીને લાગુ પડશે નહિ.

૫૬-બ. આ પ્રકરણની જોગવાઈઓમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, કલમો ૧૮,૧૯,૨૧૪૪,૪૫૪૬,૪૭,૪૭-ક-,૪૭-ખ, ૫૦, ૧(૫૦-ક), ૫૯,૬૬ અને ૬૭માંનો કોઈ પણ મજકૂર આ પ્રકરણ જેને લાગુ પડતું હોય તે દેણગીઓને લાગુ પડશે નહિ.

૧. સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૪ થી આ આંકડા અને અક્ષરો દાખલ કર્યા છે.

## પ્રકરણ-૮
## સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડ

૫૭(૧) ૨(સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડ એ નામનું ફંડ સ્થાપવામાં આવશે, એ ફંડ ચેરિટી કમિશનરમાં નિહિત થશે.)
(૨) સદરહુ ફંડમાં નીચેની રકમો જમા કરવામાં આવશે :-
(ક) કલમ ૧૮, અને ૪૮ હેઠળ લેવાની ફી અને વહીવટી ખર્ચ,
(ખ) કલમ ૫૮ હેઠળ આપેલા ફાળા,
(ગ) કલમ ૬૧ હેઠળ ફંડમાંથી જમા કરેલી રકમ અથવા તેનો ભાગ,
(ઘ) કોઈ ખાનગી વ્યક્તિ તરફથી મળેલી કોઈ રકમ,
(ચ) રાજય સરકાર અથવા કાઈ સ્થાનિક સત્તામંડળ તરફથી આપવામાં આવેલી કોઈ રકમ અને
(છ) ૩(આ અધિનિયમ અથવા આંતર-રાજય કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૭) ૪ (અથવા મુંબઈ વૈધાનિક કોર્પોરેશન પ્રાદેશિક (પુનર્રચના), અધિનિયમ, ૧૯૬૦)ની જોગવાઈઓથી અથવા તે હેઠળ જમા કરવાનું ફરમાવવામાં આવે તેવી બીજી કોઈ રકમ.

૫૮. ૫(૧) દરેક સાર્વજનિક ટ્રસ્ટે દર વરસે ઠરાવવામાં આવે તે ફાળો ઠરાવવામાં આવે તે તારીખે અને તે રીતે સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં ભરવો જોઈશે :
સાર્વજનિક ટ્રસ્ટો તરફથી સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં ફાળો.
૬(પરંતુ આ કલમ હેઠળ ઠરાવવામાં આવેલો ફાળો -
(૧) ધર્માદાની બાબતમાં, ધર્માદાના કુલ વાર્ષિક ફાળાના આવકના પ્રમાણમાં હોય તે દરોએ ઠરાવવો જોઈશે.
(૨) બીજા સાર્વજનિક ટ્રસ્ટોની બાબતમાં, એવા સાર્વજનિક ટ્રસ્ટની કુલ વાર્ષિક આવકના પ્રમાણમાં હોય તે દરોએ ઠરાવવો જોઈશે.)
૧(સ્પષ્ટીકરણ-આ કલમના હેતુઓ માટે, કુલ વાર્ષિક આવકમાં, વર્ષ દરમિયાન તમામ સાધનોમાંથી થયેલી કુલ આવકનો સમાવેશ થશે, પરંતુ તેમાં સાર્વજનિક ટ્રસ્ટની મિલકતનો, ભાગ બનાવવો એવી સ્પષ્ટ સૂચના સાથે આપેલા દાનો અથવા કરેલી ભેટોનો સમાવેશ થતો નથી.
પરંતુ એવાં દાનો અથવા ભેટો જે વર્ષમાં આપ્યાં અથવા કરી હોય તે પછઈનાં વર્ષોમાં તેનું જે વ્યાજ અથવા આવક મળે તેને કુલ વાર્ષિક આવક ગણતી વખતે લક્ષમાં લેવું જોઈએ.

૨. સન ૧૯૬૦ના છટ્ઠા અધિનિયમની કલમ ૩૦ થી અસલને બદલે પેટા-કલમ (૧) મૂકી છે.
૩. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (કોર્પોરેશન) હુકમ, ૧૯૫૯થી ''આ અધિનિયમ'' એ શબ્દોને બદલે આ શબ્દો અને આંકડા મૂકયા છે.
૪. મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુનર્રચના) હુકમ, ૧૯૬૦, અનુસૂચિથી આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.
૫. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૬મા અધિનિયમની કલમ ૨ થી કલમ ૫૮ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.
૬. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૫(૧) ની અસલને બદલે આ પરંતુક મૂકયો છે.

૨(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર, નિયમો દ્વારા, કોઈ સાર્વજનિક ટ્રસ્ટને અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગને, પેટા-કલમ હેઠળ આપવાના પૂરેપૂરા ફાળા અથવા તેના કોઈ ભાગમાંથી ઠરાવવામાં આવે તેવી કોઈ શરતો હોય તો, તેને અધીન રહીને, મુક્તિ આપવાની જોગવાઈ કરી શકશે.

દંડ અને ફાળાની વસૂલાત.

૫૯(૧) સાર્વજનિક ટ્રસ્ટનો (ચેરિટી કમિશનર સિવાયનો બીજો) ટ્રસ્ટી ૩(અથવા ધર્માદા લેનાર અથવા ઉઘરાવનાર વ્યક્તિ) કલમ ૫૮ હેઠળ ફાળો ભરે નહિ, તો તે કલમ ૬૬માં ઠરાવેલા દંડને પાત્ર થશે.

(૨) જેમાં અથવા જેની પાસે સાર્વજનિક ટ્રસ્ટના પૈસા જમે રાખવામાં આવ્યા હોય તે બેંકને અથવા વ્યક્તિને સાર્વજનિક ટ્રસ્ટ ખાતે જેટલા પૈસા તે બેંકમાં જમા હોય અથવા તે વ્યક્તિને હસ્તક હોય તેમાંથી અથવા જે પૈસા જમા કરવા માટે વખતોવખત ટ્રસ્ટ પાસેથી અથવા ટ્રસ્ટ વતી એવી બેંક અથવા વ્યક્તિ વસૂલ કરે તેમાંથી ફાળો ભરવાનું ફરમાવતા હુકમ ચેરિટી કમિશનર કરી શકશે અને તે બેંક અથવા વ્યક્તિ એવો હુકમ માનવા બંધાયેલ છે. તે બેંક અથવા વ્યક્તિ પાસે એવી રીતે જમે રાખેલા સાર્વજનિક ટ્રસ્ટના પૈસામાંથી આ હુકમ અનુસાર ભરેલી દરેક રકમને એવી રીતે ભરેલ કોઈપણ રકમ અથવા રકમોના સંબંધમાં સાર્વજનિક ટ્રસ્ટ પ્રત્યેની તેની તમામ જવાબદારીમાંથી પૂરતી રીતે મુકત કરે છે એમ ગણાશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ રકમ માટે જેને હુકમ કરવામાં આવ્યો હોય તે કોઈ બેંક અથવા વ્યક્તિ રાજય સરકારને અપીલ કરી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી રાજય સરકાર, એવા હુકમને બહાલ રાખી શકશે, તે સુધારી અથવા રદ કરી શકશે.

સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડનો ઉપયોગ.

૬૦.૧. સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં જમા કરવાના પૈસાનો કબજો અને રોકાણ અને તેમાંથી કરવાનું ખર્ચ અને ચૂકવવાની રકમનું ઠરાવેલી રીતે નિયમન કરવું જોઈશે તથા તે ઠરાવેલી રીતે કરવામાં જોઈશે.

૬૧. ૧(અનુસૂચિક)૨ (અથવા અનુસૂચિ કક)માં જણાવેલા કોઈ અધિનિયમ હેઠળ જેને નોંધવામાં આવ્યું હોય તે કોઈ સાર્વજનિક ટ્રસ્ટને અથવા સાર્વજનિક ટ્રસ્ટના વર્ગને આ અધિનિયમ લાગુ પડેથી, ૩ (રાજય સરકાર એમ ફરમાવી શકશે કે ચેરિટી કમિશનરે આવા કોઈ અધિનિયમ હેઠળ લેણી નીકળતી બાકીની રકમ વસુલ કરીવી અને) સદરહુ અધિનિયમ હેઠળ એવું સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટનો વર્ગ જેમાં નોંધવામાં આવ્યો હોય તે પ્રદેશ અથવા પેટા-પ્રદેશ માટે રચવામાં આવેલા સાર્વજનિક ટ્રસ્ટના વહીવટ માટેના કોઈ ફંડની રકમ અથવા ૪(ચેરિટી કમિશનરે વસૂલ કરેલી બાકીની રકમ સહિત) તેનો કોઈ ભાગ આ પ્રકરણ હેઠળ રચવામાં આવેલા સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં જમે કરવામાં આવશે.

અનુસૂચિમાં જણાવેલા કોઈ અધિનિયમ હેઠળ રચેલું ફંડ આ પ્રકરણ હેઠળ રચેલા સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં જમે કરવાનું.

રાજય સરકારે ફરમાવવા બાબત.

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪માં અધિનિયમની કલમ ૧૫(૨)થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે.

૨. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૬મા અધિનિયમની કલમ ૨ થી કલમ ૫૮ની પેટા-કલમ (૨) દાખલ કરી છે અને તે હંમેશા દાખલ કરવામાં આવી છે એમ ગણાશે.

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૬થી આ શબ્દો દાખલ કર્યા છે.

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૬થી આ શબ્દો દાખલ કર્યા છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૧(ક) થી આ શબ્દો અને અક્ષરો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૩૧(ખ) થી "રાજયની સરકાર એમ ફરમાવવાને મુખ્તયાર છે કે" એ શબ્દો ને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. એજનની કલમ ૩૧(ગ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

# પ્રકરણ-૯
# એસેસરો
## એસેસરોની યાદી

૬૨.(૧) ઠરાવવામાં આવે તે તારીખે, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે એસેસર તરીકે કામ કરવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓની યાદીઓ તૈયાર કરવી જોઈશે.

(૨) આ અધિનિયમ હેઠળ ૨૫ અને ૬૫ વર્ષ વચ્ચેની ઉંમરની દરેક વ્યક્તિ, નિયમોથી ઠરાવવામાં આવે તે સિવાય, એસેસર થવાને પાત્ર બનશે અને તેણે તે રીતે, કામ કરવું જોઈશે.

(૩) યાદીઓ, તૈયાર કરતી વખતે, તેમાં જેમનાં નામો દાખલ કરવામાં આવ્યાં હોય તે વ્યક્તિઓની મિલકત, ચારિત્ર્ય, શિક્ષણ અને ધર્મને લક્ષમાં લેવામાં આવશે.

(૪) એવી રીતે તૈયાર કરેલી યાદીઓ ચેરિટી કમિશનરને સાદર કરવી જોઈશે અને તે જયારે બહાલ કરે ત્યારે, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૫) પેટા-કલમ (૪) હેઠળ પ્રસિદ્ધ કરેલી યાદીઓ ત્રણ વરસની મુદત માટે ચાલુ રહેશે :

પરંતુ સદરહુ મુદત પુરી થાય તે પહેલાં ચેરિટી કમિશનર તેમાં કોઈ વધારા અથવા ફેરફાર કરવાનું ફરમાવી શકશે.

(૬) પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૪) હેઠળ પ્રસિદ્ધ કરેલી યાદીઓ વધુ એક વરસ સુધી અથવા તેની અવેજીમાં નવી યાદીઓ તૈયાર થાય ત્યાં સુધી, એ બંનેમાં જે મુદત પહેલી પૂરી થાય ત્યાં સુધી, કાયદેસર અન ચાલુ રહેલી ગણાશે.

૬૩. ૧(ચેરિટી કમિશનર અથવા નાયબ) અથવા મદદનીશ ચેરિટી કમિશનર એસસરે તરીકે કામ કરવા માટે બોલાવવાનો હુકમ કર્યો હોય તેવી દરેક વ્યક્તિએ જયારે અને જ્યાં હાજર રહેવા માટે તેને બોલાવી હોય તે સમયે અને તે સ્થળે, તે વાજબી કારણથી એવી રીતે હાજર રહેવાને અશક્ત હોય તે સિવાય, હાજર રહેવું જોઈએ.

નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેવા માટે બોલાવેલી વ્યક્તિ.

૬૪. યથાપ્રસંગ, ચેરિટી કમિશનરને કે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને મદદ કરવા અને સલાહ આપવા એસેસરોને નીચેના કામોમાં બોલાવવા જોઈશે, એટલે કે :-

૨(ક) કલમ-૨ (૧૩)માં જણાવેલી મંડળી સિવાયના કોઈ સાર્વજનિક ટ્રસ્ટને લગતી કલમ ૧૯ હેઠળની તપાસ અથવા કલમ-૨૨ હેઠળની તપાસ)

(ખ) ૩ ★★★

(ગ) કોઈ ટ્રસ્ટી અથવા બીજી કોઈ વ્યક્તિના કાર્ય અથવા વર્ણતૂકના પરિણામે સાર્વજનિક ટ્રસ્ટને થયેલાં નુકશાન સંબંધમાં કલમ ૪૦ હેઠળની તપાસ.

(ઘ) બીજી કોઈ તપાસ, જેમાં આ અર્થે રાજય સરકારે કરેલા નિયમોથી અથવા સામાન્ય અથવા ખાસ હુકમથી, એસેસરોને ચેરિટી કમિશનરને, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને અથવા આ અધિનિયમ હેઠળ નીમેલા બીજા કોઈ અધિકારીને મદદ કરવાનું અને સલાહ આપવાનું ફરમાવવામાં આવે તેમાં.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ટ્ઠા અધિનિયમની કલમ ૩૨થી ''ડેપ્યુટી'' એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ-૧૪(૧)થી અસલને બદલે ખંડ(ક) મૂકયો છે.

૩. એજનની કલમ ૧૪(૨)થી ખંડ (ખ) કમી કર્યો છે.

(પુ.)-એચ-૫૧૧-૧૦.

૪(પરંતુ ખંડ(ક) માં નિર્દિષ્ટ કરેલી તપાસોમાં કોઈપણ તકરાર ન હોય, તો નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર, કારણોની લેખિત નોંધ કરીને એવું ફરમાવી શકશે કે એસેસરોને તે રીતે બોલાવવા નહિ.)

૬૫(૧) ૫(ચેરિટી કમિશનર, અથવા નાયબ) અથવા મદદનીશ ચેરિટી કમિશનરે પોતાને મદદ તથા સહાય કરવા માટે પોતાને યોગ્ય લાગે તેટલા ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે પાંચ એસેસરોની સંખ્યા પસંદ કરવી જોઈશે. ખઆસ ધાર્મિક પંથના સભ્યોના લાભાર્થે હોય તેવા સાર્વજનિક ટ્રસ્ટને લગતી કોઈપણ તપાસમાં, પસંદ કરેલા એસેસરો, બને ત્યાં સુધી સદરહુ ધાર્મિક પંથના હોવા જોઈશે.

બોલાવવાના એસેસરોની સંખ્યા.

(૨) તપાસ પૂરી થયેલી, તેણે તેમનો અભિપ્રાય નોંધવો જોઈશે અને તે ઉપર તેમણે સહી કરવી જોઈશે. એવી રીતે નોંધેલો અભિપ્રાય કાર્યવાહીનો ભાગ બનશે, અને કોઈ હુકમ અથવા નિર્ણય કરીત વેળા અથવા તપાસનો રિપોર્ટ કરતી વેળા તેને યોગ્ય રીતે લક્ષમાં લેવા જોઈએ.

(૩) કોઈ તપાસ ચાલતી હોય તે દરમિયાન તે પૂરી થાય તે પહેલાં કોઈપણ સમયે, કોઈ એસસર પૂરતાં કારણોને લઈને તપાસ દરમિયાન હાજર રહી શકે એમ ન હોય, અથવા ગેરહાજર રહે અને તેને હાજર રહેવાની ફરજ પાડવાનું શકય ન હોય તો બીજા એસેસર અથવા એસેસરોની મદદ વડે તપાસ આગળ ચલાવી શકાશે.

(૪) તમામ એસેસરો હાજર રહી શકે તેમ ન હોય અથવા તેઓ પૂરતાં કારણ વગર ગેરહાજર રહે, તો નવા એસેસરોની મદદથી તપાસ આગળ ચલાવવામાં આવશે :

પરંતુ તપાસ ચલાવનાર ૧(ચેરિટી કમિશનર અથવા નાયબ) અથવા મદદનીશ ચેરિટી કમિશનરને એમ સંતોષ થાય કે પૂરતાં અને યોગ્ય કારણો માટે તપાસમાં વિલંબ થવો જોઈએ નહિ, તો તેણે તે તપાસ પૂરી કરવી અને ૨(તપાસ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને કરી હોય ત્યારે, તેણે) તે બાબત વિશે ચેરિટી કમિશનરને રિપોર્ટ કરવો જોઈશે.

(૫) એસેસરોને ઠરાવવામાં આવે તે ભથ્થું મેળવવાને હક રહેશે.

૪. એજનની કલમ ૧૪(૩)થી આ પરંતુક ઉમેર્યો છે.

૫. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ-૩૩ (ક)થી ''ડેપ્યુટી''એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ-૩૩ (ખ)(૧)થી ''ડેપ્યુટી'' એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ-૩૩(ખ)(૨)થી આ શબ્દો દાખલ કર્યા છે.

## પ્રકરણ-૧૦

## ગુનાઓ અને શિક્ષાઓ.

શિક્ષા. ૬૬. જે કોઈ વ્યક્તિ નીચે જણાવેલા કોઠાના પહેલા કોલમમાં નિર્દિશ કરેલી કોઈ કલમની જોગવાઈનું ઉલ્લંઘન કરે, તેને દોષિત ઠર્યેથી એવા દરેક ગુના માટે સદરહુ કોઠાના ત્રીજા કોલમમાં એ અર્થે જણાવેલી રકમ સુધીના દંડની શિક્ષા થશે :

૩(પરંતુ જે ટ્રસ્ટી આ કલમ હેઠળ અગાઉ દોષિત ઠર્યો હોય તે ટ્રસ્ટીના કોર્ટના ફેંસલામાં નોંધેલા વિરૂદ્ધ પૂરતાં કારણો હોય તે સિવાય ઓછામાં ઓછા રૂા. ૩૦૦ સુધીના દંડની અથવા સદરહુ કોઠામાં તે અર્થે જણાવેલી રકમથી ઓછી ન હોય તેટલી રકમના દંડની, એ બેમાંથી જે ઓછી હોય તેની શિક્ષા થશે.)

સ્પષ્ટીકરણ :- સદરહુ કોઠાના બીજા કોલમમાંની ''વિષય'' એ સદર હેઠળની નોંધોનો ઈરાદો પહેલાં કોલમમાં જણાવેલી કલમોમાં વર્ણન આપેલા ગુનાઓની વ્યાખ્યા આપવાનો અથવા એ કલમોનો માત્ર સારાંશ આપવાનો પણ નથી. પરંતુ પહેલાં કોલમમાં જેના નંબર આપેલા છે તે કલમોના વિષયનો ઉલ્લેખ કરવા માટે તેમને દાખલ કરવામાં આવી છે -

### કોઠો

| કલમ | વિષય | કેટલો દંડ કરી શકાય તે. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ રૂા. |
| ૪(કલમ ૧૮ની ૧,૦૦૦ પેટા-કલમો (૧ અને) ૪ કલમ-૧૮ની પેટા-કલમ (૭) કલમ-૨૨ | સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને સમયસર અરજી કરવાનીટ્રસ્ટીની ફરજ. કેટલાક અધિકારીઓ અને સત્તા મંડળઓને સ્થાવર મિલકતની યાદી સમયસર મોકલવાની ટ્રસ્ટીની ફરજ. ફેરફાર બાબત રિપોર્ટ ન કરે તો. | ૨૦૦ |
| ૧(કલમ-૨૨-ખ | ઠરાવેલા સમયમાં અરજી ન કરે તો. | ૫૦૦ |
| કલમ-૨૨-ગ | ઠરાવેલા સમયમાં યાદી ન મોકલે તો. | ૧૦૦૨ |
| | ★★★★★ | |
| કલમ - ૨૯ | ઠરાવેલા વખત દરમિયાન સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે અરજી કરવાની વિલના એકઝીકયુટરની ફરજ. | ૧,૦૦૦ |
| કલમ-૩૨ | નિયમિત હિસાબ રાખવાની ફરજ. | ૧,૦૦૦ |
| કલમ-૩૫ | સરકારી જામીનગીરીઓમાં નાણાં ન રોકે અથવા રોકવામાં લોપ કરે. | ૧,૦૦૦ |
| કલમ-૫૯ | (ચેરિટી કમિશનર સિવાયના) ટ્રસ્ટીની ૩(અથવા ધર્માદા લેનાર અથવા ઉઘરાવનાર વ્યક્તિ) કલમ-૫૮ હેઠળ ફાળો ન ભરે. | ૧,૦૦૦ |
| કલમ-૬૩ | એસેસરને હાજર રહેવા ફરમાવવા બાબત. | ૫૦૦ |

સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ-૫થી આ પરંતુક ઉમેર્યો છે.

૪. સન ૧૯૫૫ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ-૮(૧)થી અસલને બદલે આ નોંધો મૂકી છે.

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ-૮(૨) થી આ નોંધો દાખલ કરી છે.

૨. સન ૧૯૫૧ના મુંબઈના ૩૯મા અધિનિયમની કલમ-૨, પહેલી અનુસૂચિથી કલમ-૨૭ને લગતી નોંધો કાઢી નાંખી છે.

૩. એજનના ૧૪મા અધિનિયમની કલમ ૧૮થી આ શબ્દો દાખલ કર્યા છે.

૬૭. જે કોઈ વ્યક્તિ આ અધિનિયમની અથવા નિયમોની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરે ૪(અથવા ચેરિટી કમિશનરે, સંયુક્ત ચેરિટી કમિશનરે અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ કરેલા કોઈ હુકમ અથવા સૂચનાનું વાજબી કારણ સિવાય પાલન ન કરે. અને તેને માટે આ અધિનિયમમાં કોઈ ખાસ શિક્ષાની જોગવાઈ કરી ન હોય, તો તેને, દોષિત ઠર્યે થી રૂા. ૫૦૦ સુધીના દંડની શિક્ષા થશે :

૧(પરંતુ કોર્ટના ફેંસલામાં જણાવવાં જોઈએ તેવાં વિરુધ્ધનાં ખાસ અને પૂરતાં કારણો ન હોય, તો જે વ્યક્તિ આ કલમ હેઠળ અગાઉ દોષિત કરી હોય તેવી કોઈ વ્યક્તિને, રૂા. ૩૦૦ કરતાં ઓછો ન હોય તેટલા દંડની શિક્ષા થશે.)

૪. સન ૧૯૬૦ના મુંબઈના ૬૪ા અધઈનિયમની કલમ-૩૪થી આ શબ્દો દાખલ કર્યા છે.

૧. સન ૧૯૬૩ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૬થી આ પરંતુક ઉમેર્યો છે.

## પ્રકરણ-૧૧
## ચેરીટી કમિશનરોનાં કાર્યો, કાર્યરીતિ, હકૂમત અને અપીલ
## નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની ફરજો કાર્યો અને સત્તા.

૬૮. આ અધિનિયમના હેતુઓ માટે, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને જે પ્રદેશ અથવા પેટા-પ્રદેશ માટે નીમવામાં આવ્યો હોય તેમાં તેમને બજાવવાની ફરજો અને કાર્યો અને વાપરવાની સત્તા નીચે મુજબ રહેશે.

(ક) કલમ ૧૭ હેઠળ ઠરાવવામાં આવે તે ચોપડાઓ, નોંધો અને બીજા દસ્તાવેજો રાખવા અને જાળવવા.

(ખ) કલમ-૧૯ અથવા ૨૨ હેઠળની તપાસ સદરહુ કલમમાં જણાવેલા કોઈ હેતુ માટે કરવી.

(ગ) કલમ-૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં નોંધો દાખલ કરવી અને કલમ-૨૨ હેઠળ સદરહુ નોંધોમાં સુધારા કરવા.

૨)(ગગ) કલમ-૨૮-ક હેઠળ યાદી મોકલવી.

(ઘ) કલમ ૩૭ હેઠળ કોઈ ટ્રસ્ટની મિલકતમાં દાખલ થવું અને તપાસ કરવી, ટ્રસ્ટીની કોઈ કાર્યવાહી મંગાવવી તથા તપાસવી અને ટ્રસ્ટીઓ અથવા સાર્વજનિક ટ્રસ્ટ સાથે સંબંધ ધરાવતી, કોઈ વ્યક્તિ પાસેથી કોઈ પત્રક, નિવેદન, હિસાબ અથવા રિપોર્ટ મંગાવવો.

(ચ) કોઈ પત્રક, નોટિસ, ખબર, હિસાબ, ઓડિટ નોંધ અથવા કોઈ બીજા દસ્તાવેજની તપાસણી માટે પરવાનગી આપવી.

(છ) કલમ-૬૨ હેઠળ એસેસરોની યાદી તૈયાર કરવી અને આ અધિનિયમ હેઠળની તપાસના હેતુ માટે કલમ-૬૩ અને ૬૫ હેઠળ તેમને પસંદ કરવા તથા બોલાવવા.

(જ) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો અને વાપરવાની સત્તા નીચે મુજબ રહેશે :-

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૩૫થી આ ખંડ દાખલ કર્યો છે.

(પુ.) -એચ-૫૧૧-૧૧.

(ઝ) કલમ-૩૭ હેઠળ કોઈપણ ટ્રસ્ટની મિલકતમાં દાખલ થવા અને તપાસ કરવાનો, ટ્રસ્ટીનું કોઈપણ ચાલેલું કામ મંગાવવા તથા તપાસવાનો અને ટ્રસ્ટીઓ અથવા સાર્વજનિક ટ્રસ્ટ સાથે સંબંધ ધરાવતી કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈપણ પત્રક, નિવેદન, ૧(હિસાબના ચોપડા, દસ્તાવેજ ૪૧ મુજબ સરચાર્જ લેવાનું ફરમાવવાની સત્તા.

(ડ) સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરવાની સત્તા.

૩(ઢઢ) કલમ-૫૦-ક હેઠળ યોજના ઘડવાની અથવા તેમાં ફેરફાર કરવાની સત્તા.)

(ત) કલમ-૫૧ હેઠળ દાવો માંડવા માટે મંજૂરી આપવાની અથવા તેની ના પાડવાની સત્તા.

(થ) કલમ-૫૫ હેઠળ ટ્રસ્ટનાં નાણાં સદંશ હેતુ માટે વાપરવા ટ્રસ્ટીઓને નોટિસ આપવાની અને કોર્ટને અરજી કરવાની સત્તા.

(દ) કલમ-૬૨ હેઠળ એસેસરોની યાદી પ્રસિદ્ધ કરવાની સત્તા.

(ધ) ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો અને કાર્યો બજાવવા.

નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના નિર્ણય ઉપર અપીલ.

૭૦.(૧) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના ૧(નિર્ણય અથવા હુકમ ઉપર) નીચેના પ્રસંગે, ચેરિટી કમિશનરને અપીલ થઈ શકશે :-

(ક) કલમ-૨૦ હેઠળનો નિર્ણય ૨(અને હુકમ હોય, તો તેઃ)

(ખ) કલમ-૨૨ હેઠળનો નિર્ણય :

૩(ખ-૧)કલમ ૨૨-ક હેઠળનો ચૂકાદો :)

(ગ) કલમ ૨૮ હેઠળનો નિર્ણય.

(ઘ) કલમ ૫૪ની પેટા-કલમ (૩) હેઠળનો હુકમ :

(૨) યથા પ્રસંગ, નિર્ણય નોંધાયા અથવા હુકમ કર્યા પછી સાઠ દિવસ પૂરા થયા પછી અપીલ ચાલશે નહિ.

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૭થી "હિસાબ અથવા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. મુંબઈ ચેરિટી કમિશનર (પ્રાદેશિક પુનર્રચના) હુકમ, ૧૯૬૦, અનુસુચિથી "કૃત્ય કરવા અધિકાર"એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ-૩૬થી આ ખંડ દાખલ કર્યો છે.

(૩) ચેરિટી કમિશનર, અપીલ કરનારને અથવા તેના વતી હાજર થયેલી કોઈ વ્યક્તિને સાંભળ્યા પછી, કારણોની લેખિત નોંધ કરીને, જેના ઉપરથી અપીલ રદ થઈ હોય તે નિર્ણયને અથવા હુકમને રદ કરવા, ફેરવવા, સુધારવા અથવા બહાલી આપવાને અથવા તેને જરૂરી લાગે તેવી વધુ તપાસ કરવા માટે અથવા તેવો વધારાનો પુરાવો લેવા માટે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને ફરમાવી શકશે અથવા પોતે જાતે એવા વધારાનો પુરાવો લઈ શકશે.

ચેરિટી કમિશનરે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સમક્ષના રેકર્ડો અને કાર્યવાહી મંગાવવી અને તપાસવી.

(૪) (૭૦-ક) (૧) કલમ-૭૦માં જણાવેલા સંજોગોમાં ચેરિટી કમિશનરે નોંધેલા ચુકાદા અથવા કરેલા હુકમના ખરાપણા બાબત પોતે ખાતરી કરવાના હેતુ માટે કોઈ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સમક્ષના આવા કેસનાં દફતર અને કાર્યવાહી મંગાવી શકશે અને તપાસી શકશે અને સદરહુ ચુકાદો અથવા હુકમ રદ કરી શકશે, તે ફેરવી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે બહાલ રાખી શકશે અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કરવાનું અથવા તેવી વધારાની જુબાની લેવાનું ફરમાવી શકશે અથવા તે પોતે આવી વધારાની જુબાની લઈ શકશે.

પરંતુ, ચેરિટી કમિશનર, તેનાથી અસર પહોંચેલા પક્ષકારને જે કહેવું હોય તે કહેવાની તક આપ્યા સિવાય, કોઈ હુકમ નોંધી શકશે નહિ અથવા હુકમ કરી શકશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈપણ મજકૂરથી -

(ક) કલમ ૭૦ હેઠળની અપીલ એવા કોઈ કેસમાં મદદનીશ અથવા નાયબ ચેરિટી કમિશનરે નોંધેલા કોઈ ચૂકાદા સામે થઈ શકે તે મુદત દરમિયાન, આવા કોઈ કેસનું દફતર મંગાવવાને અન તપાસવાને, અથવા

(ખ) કલમ-૭૦ અથવા ૭૧ હેઠળ કરેલી અપીલમાં અથવા કલમ-૭૨ હેઠળની અરજી ઉપરથી હુકમ કરવામાં આવ્યો હોય તેવા કોઈ કેસનું દફતર મંગાવવાને અને તપાસવાને,

ચેરિટી કમિશનર હકદાર થશે નહિ.)

૭૧.(૧) દાવો માંડવાની સંમતિ નહિ આપવાના ચેરિટી કમિશનરના નિર્ણય વિરૂદ્ધ કલમ-૫૧ની પેટા-કલમ (૨) હેઠળ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલને કરવાની અપીલ, એવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી ફી સાથે કરવી જોઈશે.

★ મુંબઈ મહેસુલ ટ્રિબ્યુનલને અપીલ.

(૨) પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, ★ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ, ચેરિટી કમિશનરના નિર્ણયને બહાલ કરી શકશે, તે રદ કરી શકશે અથવા તેમાં સુધારો કરી શકશે.

(૩) ★ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી અને નિર્ણયાત્મક ગણાશે.

૭૨.(૧) કલમ ૪૦, ૪૧ અથવા ૨(૫૦ક), ૩(૭૦ અથવા ૭૦-ક) હેઠળના અથવા ૪(ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે કેમ અને એવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે કેમ) અથવા કોઈ મિલકત ૫ ★★★ એવા ટ્રસ્ટની મિલકત છે કે નહિ તે પ્રશ્નો અંગે ચેરિટી કમિશનરના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ તે નિર્ણયની તારીખથી સાઠ દિવસની અંદર, સદરહુ નિર્ણય રદ કરવા માટે કોર્ટને અરજી કરી શકશે.

૬(૧-ક) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે અથવા કમિશનરે જે પુરાવા સ્વીકારવા જોઈએ તે સ્વીકારવાની ના પાડી હોય અથવા કોર્ટ ફેંસલો આપી શકે તે માટે તે કોર્ટ કોઈ દસ્તાવેજ રજૂ કરવાનું અથવા કોઈ સાક્ષીની જુબાની લેવાનું ફરમાવે અથવા બીજા કોઈ મહત્વના કારણ માટે કોર્ટને આવો વધારાનો પુરાવો આપવા દેવાનું જરૂરી લાગે તે સિવાય, આવી અરજીના કોઈ પત્રકાર કોર્ટ સમક્ષ વધારાની જુબાની, પછી તે મૌખિક હોય કે દસ્તાવેજી હોય તો પણ, રજૂ કરવાને હકદાર થશે નહિ :

★ જુઓ આ અધઈનિયમની કલમ-૨.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૯ા અધિનિયમની કલમ ૩૭(ગ) થી “૪૧ અથવા ૭૦” એ આંકડા અને શબ્દને બદલે આ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકયા છે.

૨. એજનની કલમ ૩૭(ક) થી આ આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.

૩. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૯(૧)થી “અથવા ૭૦” એ શબ્દ અને આંકડાને બદલે આ આંકડા, શબ્દો અને અક્ષર મૂકયા છે.

૪. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૧૯ (૧)થી “ટ્રસ્ટ એ સાર્વજનિક ટ્રસ્ટ છે કે કેમ” એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫. એજનની કલમ ૧૯(૨) થી “પ્રકરણ-૪ અન્વયે” એ શબ્દો અને આંકડા કાઢી નાખ્યા છે.

૬. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૯(૨) થી આ પેટા-કલમ દાખલ કરી છે.

પરંતુ કોર્ટ વધારાની જુબાની રજુ કરવા દે ત્યારે કોર્ટે તેના સ્વીકારવાનાં કારણો નોંધવાં જોઈશે.)

(૨) કોર્ટ, ૧(કોઈ પુરાવો હોય તો તે લીધા પછી) તે નિર્ણય બહાલ રાખી શકશે, તે રદ કરી શકશે અથવા સરચાર્જની રકમ માફ કરી શકશે અને ખર્ચ સંબંધમાં સંજોગો મુજબ તેને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે.

(૩) નારાજ થયેલી વ્યક્તિ મનાઈ હુકમ માટે પ્રથમ દર્શનીય હકીકત રજૂ કરે તો, પેટા-કલમ (૨) હેઠળની અરજીનો નિકાલ થાય ત્યાં સુધી, સરચાર્જ માટેની તમામ કાર્યવાહીઓ તહકૂબ રાખવી જોઈશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળના કોર્ટના નિર્ણય વિરૂદ્ધ, એવો નિર્ણય જેની પર સામાન્ય રીતે અપીલ થઈ શકે એવું હુકમનામું હોય તેમ, હાઈકોર્ટને અપીલ થઈ શકશે.

૨(સ્પષ્ટીકરણ- આ કલમમાં “નિર્ણય” એ શબ્દમાં કલમ ૫૦-ક હેઠળ ઘડેલી અથવા ફેરફાર કરેલી યોજનાનો સમાવેશ થશે.)

તપાસ કરતા અધિકારીને દીવાની કોર્ટની સત્તા રહેશે.

૭૩. આ અધિનિયમ હેઠળ તપાસ કરતી વેળા, તપાસ અધિકારીને, દીવાની કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ મુજબ નીચેની બાબતોના સંબંધમાં દાવાનો ઈન્સાફ કરતી વખતે કોર્ટને જે સત્તા હોય છે. તે જ સત્તા રહેશે :-

(ક) સોગનનામાની હકીકત પૂરવાર કરવી,

(ખ) કોઈ વ્યક્તિને બોલાવવા અને હાજર થવાની ફરજ પાડવી તથા સોગન ઉપર તેની જુબાની લેવી,

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવી,

(ઘ) કમિશન કાઢવું.

તપાસ ન્યાયિક તપાસ ગણાશે.

૭૪. આ અધિનિયમ હેઠળ કરવામાં આળેલી તમામ તપાસ અને અપીલો ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહીઓ ગણાશે.

૭૫. આ પ્રકરણ હેઠળ કરવાની અપીલની ૩(અથવા કલમ ૭૨ હેઠળ કરવાની અરજીની) મુદ્દત ગણવામાં ભારત મુદ્દત અધિનિયમ, ૧૯૦૮ની કલમ ૪,૫,૧૨ અને ૧૪ની જોગવાઈઓ ૪ (આવી અપીલો અને અરજીઓ) ફાઈલ લાગુ પડશે.

તપાસ કરતા અધિકારીને દીવાની કોર્ટની સત્તા રહેશે.

૭૬. આ અધિનિયમમાંના કોઈપણ મજકૂર સાથે અસંગત હોય તે સિવાય, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળ કોર્ટ સમક્ષ આવેલી તમામ કાર્યવાહીઓને લાગુ પડશે.

૭૭. કલમ ૧૮,૨(૨૦), ૪૧, ૩(૪૮, ૭૯-ગ અથવા ૭૯-ગગ) હેઠળ અથવા કોઈ નિયમ હેઠળ ભરવાની તમામ રકમ ન ભરી હોય, તો કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેને છતાં, જમીન મહેસૂલની બાકી તરીકે તે વસૂલ કરવામાં આવશે.

કલમ ૧૮, ૧(૨૦,૪૧,૪૮, ૭૯-ક, ૭૯-ગગ, અથવા ૭૯-ગ) હેઠળ અથવા નિયમો હેઠળ લેણી થતી રકમ વસૂલ કરવા બાબત.

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૯(૩) થી ''તે જરૂરી ગણે તેવા પુરાવા'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૬૦ના મુંબઈના ૬૭૭ા અધિનિયમની કલમ-૩૭(ખ) થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યુ છે.

૩. સન ૧૯૬૨ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૮થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪. એજનથી ''આવી અપીલો'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫. સન ૧૯૬૦ના મુંબઈના ૬૭૭ા અધિનિયમની કલમ ૩૮ થી આ શબ્દો દાખલ કર્યા છે.

## પ્રકરણ-૧૨
## પરચૂરણ

સન ૧૮૬૦નો ૪૫મો

ચેરિટી કમિશનર અને બીજા અધિકારીઓ અને એસેસરો રાજય સેવકો ગણાશે.

૭૮. આ અધિનિયમ હેઠળ નીમેલા ચેરિટી કમિશનર, નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનર, ઈન્સપેકટરો અને બીજા હાથ નીચેના અધિકારીઓ અને એસેસરો ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

કોઈ મિલકત સાર્વજનિક ટ્રસ્ટની મિલકત છે કે નહિ તેનો નિર્ણય.

૭૯. (૧) ૫(કોઈ ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે નહિ અને એવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે નહિ) અથવા અમુક મિલકત એવા ટ્રસ્ટની મિલકત છે કે નહિ અથવા એવા કોઈ પ્રશ્નનો નિર્ણય નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે અથવા ચેરિટી કમિશનરે આ અધિનિયમથી ઠરાવ્યા પ્રમાણેની અપીલમાં કરવો જોઈએ.

(૨) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરનો અથવા ચેરિટી કમિશનરનો અપીલ ઉપરનો નિર્ણય, યથાપ્રસંગ, કોર્ટને કરેલી ૬(અરજી) ઉપરના નિર્ણયથી અથવા હાઈકોર્ટને કરેલી ૭ અપીલ ઉપરના નિર્ણયથી રદ કરવામાં આવે તે સિવાય, આખરી અને નિર્ણાયક ગણાશે.

૧. સન ૧૯૫૪ના મુંબઈના ૨૧મા અધિનિયમની કલમ ૩, બીજી અનુસૂચિથી ''૪૧, ૪૮, ૭૯-અ અથવા ૭૯-ક'' એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે આ આંકડા અને અક્ષરો મૂકયા છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૬(ક) થી આ આંકડા દાખલ કર્યા છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૨૦થી ''અથવા ૪૮''એ શબ્દ અને આંકડાને બદલે આ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકયા છે.

૪. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૬(ખ) થી ''અથવા ૭૯-ક એ શબ્દ આંકડા અને અક્ષરોને બદલે આ આંકડા અને અક્ષરો મૂકયા છે.

૫. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૨૧(૧)થી અસલને બદલે આ શબ્દો મૂકયા છે.

૬. એજનની કલમ ૨૧(૨૨)(૧)થી ''અપીલમાં'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૭. એજનની કલમ ૨૧(૨) (૨) થી ''વધુમાં'' એ શબ્દ કમી કર્યો છે.

કાયદેસર કાર્યવાહીઓ અંગે ચેરિટી કમિશનર વગેરેએ કરેલું તમામ પ્રકારનું ખર્ચ વસૂલ કરવા બાબત.

૧(૭૯-ક. કોઈ સાર્વજનિક ટ્રસ્ટને લગતી કોઈ કાયદેસર કાર્યવાહીમાં અથવા તેના સંબંધમાં પક્ષકાર તરીકે ચેરિટી કમિશનરને અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કરેલું તમામ પ્રકારનું ખર્ચ અને ચાર્જ, કલમ ૭૯-ખ, માં ગમે તે મજકૂર હોય તે છતાં, તે આપવાની જવાબદારી કોઈ પક્ષકાર અથવા બીજી વ્યક્તિની પોતાની ઉપર નાખવામાં આવી હોય અને આ કલમ હેઠળ ભરપાઈ કરવાનો હક સ્પષ્ટ શબ્દોમાં નકારવામાં આવ્યો હોય તે સિવાય, સાર્વજનિક ટ્રસ્ટની મિલકત અથવા ફંડમાંથી આપવા પાત્ર થશે.

હાઈકોર્ટ સહિત કોર્ટો સમક્ષનિ કાર્યવાહીઓનું ખર્ચ.

૭૯-ખ. હાઈકોર્ટ સહિતની કોઈ કોર્ટને આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલો કોઈ દાવો, અપીલ અથવા અરજીનું અને તેને આનુષંગિક તમામ ખર્ચ અને ચાર્જ કોટની વિવેકબુદ્ધિ પ્રમાણે રહેશે, અને તે કોર્ટ કલમ ૭૯-કની જોગવાઈઓને અધીન રહીને, એવું ખર્ચ અને ચાર્જ પૂરેપૂરો અથવા અંશતઃ સંબંધમાં ધરાવતા સાર્વજનિક ટ્રસ્ટની મિલકત અથવા ફંડમાંથી આપવાનું અથવા તેને યોગ્ય લાગે તેવી રીતે અને તેવી વ્યક્તિઓએ માથે લેવાનું અને આપવાનું ફરમાવી શકશે.

ચેરિટી કમિશનર વગેરે સમક્ષના ક્ષુલ્લક અથવા ત્રાસદાયક કામ માટે વળતરનું ખર્ચ.

૭૯-ગ. ચેરિટી કમિશનર અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર સમક્ષની કોઈ અપીલ, અરજી અથવા બીજી કાર્યવાહીનું ખર્ચ અને ચાર્જ તેની વિવેકબુદ્ધિ પ્રમાણે રહેશે અને આવો ખર્ચ અને ચાર્જ કોણે આપવો અથવા કઈ મિલકત અથવા ફંડમાંથી આપવો અને કેટલી હદ સુધી આપવો તે નક્કી કરવાની તેને પૂરી સત્તા રહેશે.

કચેરી કમિશનર વગેરે સમક્ષના ક્ષુલ્લક અથવા ત્રાસદાયક કામ માટે વળતરનું ખર્ચ.

૨(૭૯-ગગ. (૧) કલમ ૧૯ હેઠળની તપાસનાં નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરનો અથવા કલમ ૫૧ હેઠળની તપાસમાં ચેરિટી કમિશનરનો એવો અભિપ્રાય થાય કે જે અરજી ઉપર એવી તપાસ કરવામાં આવી હોય તે અરજી ક્ષુલ્લક અથવા ત્રાસદાયક હતી, તો યથાપ્રસંગ, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર અથવા ચેરિટી

કમિશનરનો એવો અભિપ્રાય થાય કે જે અરજી ઉપર એવી તપાસ કરવામાં આવી હોય તે અરજી ક્ષુલ્લક અથવા ત્રાસદાયક હતી, તો યથાપ્રસંગ, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનર અથવા ચેરિટી કમિશનર, જેની સામે તેવી અરજી કરવામાં આવી હોય તે વ્યક્તિ (જેને આમાં હવે પછી ''અરજદાર'' કહ્યો છે તે) ને, શા માટે તે અરજદારે પ્રતિવાદીને વળતર આપવું નહિ તેનું કારણ દર્શાવવા માટે બોલાવી શકશે અને તે અરજદાર હાજર ન હોય તો તેના ઉપર હાજર રહેવા માટે સમન કાઢવાનું તથા ઉપર્યુક્ત કારણ દર્શાવવાનું ફરમાવી શકશે.

(૨) યથાપ્રસંગ, નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને એવી ખાતરી થાય કે, અરજી ક્ષુલ્લક અથવા ત્રાસદાયક છે તો તે કારણોની નોંધ ભરીને એવો હુકમ કરી શકશે કે, અરજીદારો પ્રતિવાદીને વધારેમા વધારે બસો પચાસ રૂપિયા સુધીની પોતે નક્કી કરે તેટલી રકમનું વળતર આપવું.

(૩) પેટા-કલમ (૨) હેઠળ વળતરનો ચૂકાદો આપતો હુકમ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કર્યો હોય, તો તેની વિરૂદ્ધ અપીલ ચેરિટી કમિશનરને થઈ શકશે અને તેવો હુકમ ચેરિટી કમિશનરે કર્યો હોય, તો તેની વિરૂદ્ધ અપીલ ચેરિટી કમિશનરને થઈ શકશે અને તેવો હુકમ ચેરિટી કમિશનરે કર્યો હોય, તો તેની વિરૂદ્ધ અપીલ મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલને ★ થઈ શકશે અને તે અપીલને કલમો ૭૦ તથા ૭૧ની જોગવાઈઓ, જોઈતા ફેરફાર સાથે લાગુ પડશે.

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪માં અધિનિયમની કલમ ૨૨થી કલમો ૭૯-ક થી ૭૯-ઘ કરી છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૭ થી ૭૯-ગગ દાખલ કરી છે. ★ જુઓ આ અધિનિયમની કલમ ૨-ખ.

સન ૧૮૭૦નો ૭મો

૭૯-ઘ, કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦માં ગમે તે મજકૂર હોય તે છતાં અધિનિયમ, ૧૮૭૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, આને જોડેલી અનુસૂચિ ખના કોલમો ૧ અને ૨માં વર્ણવેલા દસ્તાવેજો પર તેના કોલમ ૩ માં નિર્દિષ્ટ કરેલ કિંમતના કોર્ટ-ફી સ્ટેમ્પો લગાડવા જોઈએ.)

અનુસૂચિ ખ થી ઠરાવેલી કોર્ટ ફી આપવી.

૮૦. આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સિવાય, અધિનિયમથી અથવા તે હેઠળ કોઈ અધિકારીએ અથવા સત્તામંડળે આ અધિનિયમ હેઠળ જેનો નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય અથવા જેના સંબંધમાં એવા અધિકારી અથવા સત્તામંડળનો નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય અથવા જેના સંબંધમાં એવા અધિકારી અથવા સત્તામંડળનો નિર્ણય અથવા હુકમ આખરી અને નિર્ણાયક ગણવાનો હોય તેવા કોઈ પ્રશ્નનો નિર્ણય અથવા નિકાલ કરવાની હકૂમત કોઈપણ દીવાની કોર્ટને રહેશે નહિ.

૮૧.(૧) આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય અંગે રાજય સરકાર અથવા કોઈ અધિકારી અથવા સત્તામંડળનો નિર્ણય અથવા હુકમ આખરી અને નિર્ણાયક ગણવાનો હોય તેવા કોઈ પ્રશ્નનો નિર્ણય અથવા નિકાલ કરવાની હકૂમત કોઈપણ દીવાની કોર્ટને રહેશે નહિ.

દાવા અને કાર્યવાહીમાંથી ક્ષતિપૂર્તિ.

૮૧.(૧) આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા ધારેલા કોઈ કાર્ય અંગે રાજય સરકાર અથવા કોઈ અધિકારી અથવા સત્તા મંડળ સામે કોઈ દિવાની, ફોજદારી અથવા બીજી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી શકશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓને અધીન રહીને, જેના ટ્રસ્ટી તરીકે કામ કરવાને ચેરિટી કમિશનરને અધિકાર મળ્યો હોય તે સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં ચેરિટી કમિશનર સામે રાજય સરકારની અગાઉથી સંમતિ લીધા સિવાય, કલમ ૫૦ હેઠળ કોઈ દાવો માંડી શકાશે નહિ.

આ અધિનિયમ હેઠળના ગુનાનો ઈન્સાફ કરવા બાબત.

૮૨. પેસિડેન્સી મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજજાની કોઈપણ કોર્ટથી આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનો ઈન્સાફ કરી શકાશે નહિ.

ફોજદારી કાર્યવાહી માટે ચેરિટી કમિશનરની અગાઉથી સંમતિ લેવી જરૂરી છે.

૮૩. આ અધિનિયમ હેઠલ શિક્ષાપાત્ર ગુના માટે કોઈ ફોજદારી કાર્યવાહી ચેરિટી કમિશનરની અગાઉથી સંમતિ લીધા સિવાય, કરી શકાશે નહિ.

૮૪(૧) આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવાના હેતુ માટે રાજય સરકાર નિયમો કરી શકશે.

(૨) વિશેષ કરીને અને ઉપરની જોગવાઈઓ અમલમાં લાવવાના હેતુ માટે રાજય સરકાર નિયમો કરી શકશે.

(ક) કલમ ૧ની પેટા-કલમ (૪) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવાની રીત.

૧(કક) કલમ ૬ હેઠળ નીમેલા હિસાબ જાહેરનામું પ્રસિદ્ધ કરવાની રીત.

(ખ) આ અધિનિયમ હેઠળ નીમેલા ચેરિટી કમિશનર, નાયબ અને મદદનીશ ચેરિટી કમિશનરો સિવાયના બીજા અધિકારી વતી આ અધિનિયમ હેઠળ ઠરાવી હોય તે ઉપરાંતની સત્તા, ફરજો અને કાર્યો.

(ગ) એસેસરોનાં, આ અધિનિયમમાં ઠરાવી હોય તે ઉપરાંતની સત્તા, ફરજો અને કાર્યો.

(ઘ) કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવવાની પ્રદેશો અને પેટા-પ્રદેશોની મર્યાદા.

૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા આધનિયમની કલમ-૩૯(ક) થી આ ખંડ દાખલ કર્યો છે.

(ચ) કલમ ૧૭ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી ઓફિસમાં રાખવાના ચોપડાઓ, સૂચિઓ, અને રજિસ્ટરો અને એવા ચોપડા, સૂચિઓ અને રજિસ્ટારોમાં નોંધવાની વિગતો,

(છ) કલમ ૧૮ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટેની અરજી કયા નમૂનામાં કરવી તે અને તેને માટે આપવાની ફી, તેમાં નોંધવાની બીજી વિગતો, અને એવી નોંધણી માટેની અરજી ઉપર સહી કરવાની તથા તેની ખરાઈનો એકરાર કરવાની રીત અને જે ટ્રસ્ટની મિલકતના સંબંધમાં વિગતો આપવાનું જરૂરી ન હોય તે ટ્રસ્ટની મિલકતની કિંમત અને પ્રકાર.

(જ) કલમો ૧૯ અને ૩૯ હેઠળ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કઈ રીતે તપાસ કરવી તે.

(ઝ) કલમ ૨૨ હેઠળ ૨(ટ્રસ્ટીએ) ફેરફાર અંગે કયા નમૂનામાં રિપોર્ટ કરવો તે.

(ટ) કલમ ૨૩ હેઠળ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કઈ રીતે તપાસ કરવી તે.

૩(ઠ) નોંધણી માટે ટ્રસ્ટીઓને અને નાયબ મદદનીશ ચેરિટી કમિશનરે કઈ ચોપડીમાં નોંધ કરવી તે રીત.

(ડ) કલમ ૩૨ની પેટા-કલમ (૨) હેઠળ હિસાબોમાં કઈ વિગતો નોંધવી તે અને કલમ-૩૩ હેઠળ ખાસ ઓડિટ માટે ભરવાની ફી.

(ઢ) કલમ ૪૬ હેઠળ વિલની વિગતો નોંધવાની રીત.

(ત) કલમ ૪૮ની પેટા-કલમ (૧) હેઠળ લેવાના વહીવટી ચાર્જો.

૫(કલમ ૫૦ ની પેટા-કલમ (૧) હેઠળ અરજી કરવાની રીત)

(થ) કલમ ૫૪ ની પેટા-કલમ (૨) હેઠળ રજુ કરવાના હિસાબના નમૂના અને પેટા-કલમ (૩) હેઠળ હુકમ કરવાની રીત.

(દ) કલમ ૫૫ની પેટા-કલમ (૧) હેઠળ સૂચનો માટે ટ્રસ્ટીઓને કોર્ટને કેટલા સમયની અંદર અરજી કરવી તે.

૧(દ-૧) કઈ શરતો અને નિયંત્રણોને અધીન રહીને સમિતિએ કલમ ૫૬-ચની પેટા-કલમ(૨) હેઠળ મિલકતની વ્યવસ્થા કરવી તે.

(દ-૨) કલમ ૫૬-ટની પેટા-કલમ (૨) હેઠળ સમિતિના અધ્યક્ષ, કોષાધ્યક્ષ અને સભ્યોને આપવાના માનવેતન અથવા ફી અને ભથ્થાં અને કયા ફંડમાંથી આવા માનવેતન અથવા ફી અને ભથ્થાં આપવાં તે.

(દ-૩) કેટલા ગાળા એ સમિતિએ મળવું તે અને કલમ ૫૬-ઠ હેઠળ તેણે અનુસરવાની કાર્યરીતિ.

૨. સન ૧૯૫૦ના મુંબઈના ૪૭મા અધિનિયમની  કલમ ૪ થી ''ડેપ્યુટી અથવા એસિસ્ટન્ટ ચેરિટી કમિશનર'' એ શબ્દોને બદલે આ શબ્દ મૂકયો છે.
૩. સન ૧૯૫૫ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૯થી ખંડ (ઠ) દાખલ કર્યો છે.
૪. સન ૧૯૬૦ના મુંબઈના ૬૬ા અધિનિયમની કલમ ૩૯ (ખ) થી ''કલમ ૨૮-ખ અન્વયે નિભાવેલા નોંધપત્રકોમાં'' એ શબ્દોથી શરૂ થતા અને ''આવાં નોંધ-પત્રકો નિભાવવાની રીત અને આવાં નોંધપત્રકોના નિરીક્ષણ માટે અને તેમાંથી ઉતારા કરવા માટે આપવાની ફી'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે આ શબ્દો મૂકયા છે.
૫. એજનની કલમ ૩૯(ક) થ. આ ખંડ દાખલ કર્યો છે.
૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬૬ા અધિનિયમની કલમ ૩૯(ઘ) થી આ ખંડો દાખલ કર્યા છે.

(દ-૪) નોકરી અંગેની કઈ શરતોએ સમિતિના સેક્રેટરીએ અને અધિકારીઓને કલમ ૫૬-ત હેઠળ નિમણૂંક કરવામાં આવે તે અને કયા ફંડમાંથી તેમના પગાર અન ભથ્થાં આપવાં તે.)

(ધ) કલમ ૫૮ હેઠળ દરેક સાર્વજનિક ટ્રસ્ટે કઈ તારીખે અને કઈ રીતે કેટલી રકમનો ફાળો દર વર્ષે આપવો તે અને કલમ ૬૦ હેઠળ એવા ફંડનો હવાલો રાખવાની અને તેનું રોકાણ કરવાની રીત તેમાંથી વાપરવાનાં અને આપવાનાં નાણાંની રીત.

૨(ધ-૧) કલમ ૫૮ની પેટા-કલમ (૨) હેઠળ કોઈ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના કોઈ વર્ગને મુક્તિ આપવા બાબત અને આવી મુક્તિની શરતો.)

(ન) કલમ ૬૨ ની પેટા-કલમ (૧) હેઠળ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે એસેસરોની યાદી કઈ તારીખે તૈયાર કરવી તે અને પેટા-કલમ (૨) હેઠળ કઈ વ્યક્તિઓને એસેસરો તરીકે કામ કરવામાંથી મુકત કરવા તે.

(પ) કલમ ૬૫ ની પેટા-કલમ (૫) હેઠળ એસેસરોને આપવાનું ભથ્થું.

(ફ) કલમ ૬૮ હેઠળ ચેરિટી કમિશનરે વાપરવાની સત્તા અને બજાવવાની ફરજો અને કાર્યો.

(બ) કલમ ૭૧ હેઠળ ચેરિટી કમિશનરે વાપરવાની સત્તા અને બજાવવાની સત્તા અને બજાવવાની ફરજો અને કાર્યો.

(ભ) કલમ ૭૧ હેઠળ કરવાની અપીલનો નમૂનો અને એવી અપીલ કરવા માટે ભરવાની ફી.

(મ) સાર્વજનિક ટ્રસ્ટ વહીવટ ફંડમાં જમા કરવાના નાણાંનો હવાલો અને તેનું રોકાણ અને તેમાંથી વાપરવાનાં અને આપવાનાં નાણાં.

(ય) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી કોઈ બીજી બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનત ત્વરાએ, રાજય વિધાનમંળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ માટે મૂકવા જોઈશે અને જે બેઠકમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે બેઠક અથવા ત્યારપછી તરતની બેઠક દરમિયાન રાજય વિધાનમંડળ. તેમાં જે ફેરફારો કરે તેને અધિન રહેશે. તેવી રીતે કરેલા ફેરફારો રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે અને તે પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવશે.)

રદ કરવા બાબત.

૮૫(૧) ધાર્મિક દેણગી અધિનિયમ, ૧૮૬૩ આથી રદ કરવામાં આવે છે.

(૨) કોઈ સાર્વજનિક ટ્રસ્ટ અથવા સાર્વજનિક ટ્રસ્ટોના વર્ગને આ અધિનિયમની જોગવાઈઓ કલમ ૧ની પેટા-કલમ (૪) હેઠળ ૨(લાગુ પડે તે તારીખ) ૩(આ કલમમાં હવે પછી જેને સદરહુ તારીખ કહી છે તે તારીખ) ૪(અનુસૂચિ-ક) માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમની એવા ટ્રસ્ટને અથવા ટ્રસ્ટોના વર્ગને લાગુ પડતી જોગવાઈઓ એવા ટ્રસ્ટ અથવા ટ્રસ્ટોના વર્ગને લાગુ પડતી બંધ થશે.

(૩) ૫(આ કલમમાં બીજી રીતે જોગવાઈઓ કરી હોય તે સિવાય, એવી રીતે અધિનિયમ રદ કરકવાથી) અથવા લાગુ પડતો બંધ થવાથી નીચેની બાબતોને કોઈ રીતે અસર થશે નહિ :-

૨. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૬મા અધિનિયમની કલમ ૩(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈ ૨૮મા અધિનિયમની કલમ ૧૮(૧) ''લાગુ પડે તે''એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. એજનથી આ કૌંસ અને શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪માં અધિનિયમની કલમ ૧૭થી ''અનુસૂચિ'' એ શબ્દને બદલે આ શબ્દો અને અક્ષર મૂકયા છે.

૫. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮માં અધિનિયમની કલમ ૧૮(૨)થી ''વી રીતે રદ કરવાથી'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(ક) ૧(સદરહુ તારીખ) પહેલાં મેળવેલ અથવા ઉત્પન્ન થયેલ કોઈ હક, માલિકી, હિત ફરજ અથવા જવાબદારીને,
(ખ) એવા હક, માલિકી, હિત, ફરજ, અથવા જવાબદારી અંગેની કોઈ કાયદેસર કાર્યવાહી અથવા ઉપાયને, અથવા
(ગ) ૧(સદરહુ તારીખ) પહેલાં યોગ્ય રીતે કરેલા અથવા કરવા દીધેલા કોઈ કાર્યને.
સન ૧૯૨૩નો ૫૨મો. સન ૧૯૩૫મો મુંબઈનો ૧૮મો. સન ૧૯૩૫મો મુંબઈનો ૨૫મો. સન ૧૯૩૬મો મુંબઈનો ૨૩મો. સન ૧૯૨૩મો મુંબઈનો ૪૨મો. સન ૧૯૩૫મો મુંબઈનો ૧૮મો. સન ૧૯૩૫મો મુંબઈનો ૨૫મો. સન ૧૯૩મો મુંબઈનો ૨૩મો.
સન ૧૯૬૦નો મુંબઈનો ૬ટ્ઠો.
(૫) પેટા-કલમ (૪)માં જણાવેલા અધિનિયમો પૈકી કોઈ અધિનિયમ હેઠલ સત્તા મંડળે અથવા કોર્ટે રાખેલાં તમામ દફતરો ચેરિટી કમિશનરને અથવા ચેરિટી કમિશનર ફરમાવે તેવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને મોકલવામાં આવશે.
૧(૮૬(૧) રાજયના જે વિસ્તારમાં મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (એકીકરણ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૯થી આ અધિનિયમ લાગુ પાડવામાં આવ્યો હોય તે વિસ્તારમાં આ અધિનિયમનો આરંભ થયેથી -
રાજયના બીજા વિસ્તારોમાં સન ૧૯૫૦ના મુંબઈના ૨૯માં અધિનિયમ ના
૬. એજનથી ''આ અધિનિયમ લાગુ પડે તે તારીખે'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.
૭. એજનની કલમ ૧૮(૩)થી પેટા-કલમો (૪) અને (૫) ઉમેરી છે.
૧. સન ૧૯૬૦ના મુંબઈના છટ્ઠા અધિનિયમની કલમ ૪૦થી આ કલમો ઉમેરી છે.

સન ૧૮૬૩નો ૨૦મો.
આરંભ થયાના પરિણામે વધુ અધિનિયમો રદ કરવા બાબત અને અપવાદ રૂપ ઠરાવ.
(૧) રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં અમલમાં હોય તે પ્રમાણેનો ધાર્મિક દેણગા અધિનિયમ, ૧૮૬૩.
(૨) રાજયના વિદર્ભ પ્રદેશમાં અમલમાં હોય તે પ્રમાણેનો મધ્ય પ્રદેશ ધર્માદા ફંડ અધિનિયમ, ૧૯૫૧, અને
(૩) જેને પ્રકરણ ૭-ક લાગુ પડતું હોય તે સાર્વજનિક ટ્રસ્ટોને લગતો કોઈ કાયદો, તે આ અધિનિયમની જોગવાઈઓને મળતો આવતો હોય તેટલે સુધી રદ, થયેલો ગણાશે.
૧૯૫૧નો મધ્યપ્રદેશને ૧૮મો,
(ક) સદરહુ તારીખ પહેલાં આથી રદ થયેલા અથવા લાગુ પડતા બંધ થયેલા કાયદાઓ હેઠળ યોગ્ય રીતે કરેલા અથવા કરવા દીધેલા કોઈ કાર્યને,
(ખ) આથી રદ કરેલા અથવા લાગુ પડતા બંધ થયેલા કાયદાઓ હેઠળ સદરહુ તારીખ પહેલાં અગાઉ સંપાદન કરેલા, પ્રાપ્ત થયેલા અથવા ઉદ્‌ભવેલા કોઈપણ હક, ઈલાખા, હિતસંબંધ, ફરજ અથવા જવાબદારીને.
(ગ) આવા હક, ઈલાખા, હિતસંબંધ, બંધન અથવા જવાબદારીના સંબંધમાં કોઈપણ કાયદા અંગે કાર્યવાહી અથવા ઉપાયને.
અસર કરશે નહિ :-
પરંતુ સદરહુ તારીખે કોઈ સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં જે કોઈપણ કાયદેસર કાર્યવાહીમાં રાજય સરકાર, કમિશનર, નિયામક અથવા રાજય સરકારનો કોઈ અધિકારી પક્ષકાર હોય તે કાર્યવાહી અનુસૂચિ-કકમાં નિર્દિષ્ટ કરેલ કોઈ અધિનિયમ કોઈ કોર્ટ સમક્ષ અનિર્ણિત હોય તો, ચેરિટી કમિશનર રાજય સરકારને, કમિશનરને, નિયામકને અથવા યથાપ્રસંગ, અધિકારીને બદલે તે કાર્યવાહીઓમાં દાખલ થયેલા ગણાશે અને આવી કોર્ટે આવી કાર્યવાહીનો નિકાલ કરવો જોઈશે.
વધુમાં મધ્યપ્રદેશ ધર્માદા ફંડ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ કોઈ ફોજદારી કોર્ટ સમક્ષ અનિર્ણિત હોય તેવી દરેક કાર્યવાહી પેટા-કલમ (૧) હેઠળ તે અધિનિયમ રદ થયેલી રદ થશે.
સન ૧૯૫૧નો મધ્યપ્રદેશનો ૧૭મો.
(૪) પેટા-કલમ (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં, અનુસૂચિ-કકમાં નિર્દિષ્ટ કરેલ કોઈ અધિનિયમ હેઠળ (કોર્ટ સિવાયના) કોઈ સત્તા મંડળ સમક્ષ સદરહુ તારીખની તરતજ પહેલાં હોય તેવી તમામ કાર્યવાહીઓ, મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (એકીકરણ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૯ પસાર ન થયો હોય તેમ, તે અધિનિયમ હેઠળ ચાલુ રહેશે અને તેનો નિકાલ થશે.
(૫) અનુસૂચિ-કકમાં નિર્દિષ્ટ કરેલ કોઈ અધિનિયમ લાગુ પડતો બંધ થાય તે છતાં, આવા કોઈ અધિનિયમ હેઠળ આપવાની ફાળાની તમામ બાકી ને બીજી રકમો, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ વસૂલ કરવામાં આવી હોત, તેમ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ વસૂલ કરવાજોગ થશે.
(૬) મધ્યપ્રદેશ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ નિયામકોએ રાખેલા તમામ દફતરો, ચેરિટી કમિશનરને અથવા ચેરિટી કમિશનર ફરમાવે તે પ્રમાણે નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને વર્ગ થશે.
............

સન ૧૯૫૧ને મધ્યપ્રદેશનો ૩૦મો.
સન ૧૯૫૪નો ૨૯મો અધિનિયમ લાગુ પડતો હોય તેવા કેટલાક વકફોને અથવા સન ૧૯૫૬નો હૈદરાબાદનો ૩૭મો અધિનિયમ લાગુ પડતો હોય તેવા ગુરૂદ્વારોને આ અધિનિયમ લાગુ પડશે નહિ.
મુશ્કેલી નિવારવા માટે જોગવાઈ.
૮૭. આ અધિનિયમમાંનો કોઈપણ મજકૂર -
(ક) રાજયમાં કેટલાક વિસ્તારોમાં જે વકફોને વકફ અધિનિયમ, ૧૯૫૪ની જોગવાઈઓ લાગુ પાડવાનું ચાલુ રહ્યું હોય તે વકફોને, અથવા.
(ખ) નાન્દેદ, ગુરૂદ્વારા જેનો વહીવટ નાન્દેદ શીખ ગુરૂદ્વારા સરખંડ શ્રી હજુર અપચલનગર સાહેબ અધિનિયમ, ૧૯૫૬થી ચાલતો હોય તેને લાગુ પડશે નહિ.
૮૮. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈપણ મુશ્કેલી ઉપસ્થિત થાય તો, રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય અને મુશ્કેલી નિવારવાના હેતુ માટે તેને આવશ્યક અથવા ઈષ્ટ લાગે તેવું કાર્ય કરી શકશે.
૧ (અનુસૂચિ-ક)
(જુઓ કલમો ૨૮, ૬૧ ૨ અને ૮૫)
સન ૧૯૨૦નો ૧૪મો સન ૧૯૨૩નો ૫૨મો.
૧. સખાવતી તથા ધાર્મિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૨૦.
૨. સન ૧૯૩૫ના મુંબઈના ૧૮મા અધિનિયમની સુધાર્યા મુજબ મુસલમાન વકફ અધિનિયમ, ૧૯૨૩.
સન ૧૯૩૫નો મુંબઈનો ૨૫મો.
૩. મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી અધિનિયમ, ૧૯૩૫.
૪. પારસી સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી અધિનિયમ, ૧૯૩૫.
૫. વડોદરા સાર્વજનિક સંસ્થા (સંવત ૧૯૯૧નો વડોદરાનો ૬ઠ્ઠા) અધિનિયમ.
૬. સન ૧૮૯૦માં જમખંડી રાજયને લાગુ પાડયા પ્રમાણનો ધાર્મિક દેણગી અધિનિયમ, ૧૮૬૩.
સન ૧૯૩૬નો મુંબઈનો ૨૩મો.
સન ૧૮૩૬નો ૨૦મો.
૭. સન ૧૯૪૮ના જમખંડીના ૧લા અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના જમખંડી રાજયના દેવસ્થાન નિયમો, ૧૯૧૨.
૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ ૨૩થી ''અનુસૂચિ'' એ શબ્દને બદલે આ શબ્દ અને અક્ષર મૂકયો છે.
૨. સન ૧૯૫૪ના મુંબઈના ૨૧મા અધિનિયમની કલમ-૩, બીજી અનુસૂચિ થી ''કોમા અને આંકડા ''૬૪'' કમી કર્યા છે.

૧ (અનુસૂચિ-કક)
૧. પુનરચના પહેલાંના મુંબઈ રાજયમાં સમાવિષ્ટ થયેલા વિસ્તાર સિવાયના રાજયમાં વિસ્તારો પૂરતો સખાવતી અને ધાર્મિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૨૦.
૨. સાવંતવાડી દેવસ્થાન અધિનિયમ, ૧૯૩૨.
૩. (હૈદરાબાદ) દેણગી વિનિમય, ૧૩૪૯, ફસલી.
૪. મધ્યપ્રદેશ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૧)
૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ-૪૧થી આ અનુસૂચિ દાખલ કરી છે.
(પુ)-એચ-૫૧૧-૧૪.

૧ (અનુસૂચિ-ખ

| કલમ | દસ્તાવેજનું વર્ણન | કિંમત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| રૂા. | | |
| ૧૮(૧) | સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટેની અરજી. | ૨ |
| ૨૨(૧) | કલમ ૧૭ હેઠળ રાખેલા રજિસ્ટરમાં કરેલી નોંધોમાંની કોઈ નોંધમાં કરેલા કોઈ ફેરફાર અથવા ધારેલા ફેરફાર વિશે રિપોર્ટ. | ૧ |
| ૨૫(૧) | કોઈ સાર્વજનિક ટ્રસ્ટના સંબંધમાં કલમ ૧૯ અથવા ૨૨ હેઠળની તપાસ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરોમાંથી કયા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરે કરવી, તેનો નિર્ણય કરવા માટે સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવતી કોઈ વ્યક્તિની ચેરિટી કમિશનરને અરજી. | ૨ |
| | ૨૯. વિલના એકઝીકયુટરે આવા વિલથી કરેલા સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી કરવા માટેની અરજી. | ૨ |

૨(૩૬) નીચેની બાબત માટે ચેરિટી કમિશનરની મંજુરી માટે અરજી.

(ક) સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, વિનિમય અથવા ભેટ-

(૧) તેમાં રહેલી મિલકતની કિંમત રૂા. ૨,૦૦૦ કરતાં વધારે ન હોય ત્યારે ૨

(૨) તેમાં રહેલી મિલકતની કિંમત રૂા. ૨,૦૦૦ કરતાં વધારે હોય પરંતુ રૂા. ૧૦,૦૦૦ કરતાં વધારે ન હોય ત્યારે. ૫

(૩) બીજા કોઈપણ દાખલમાં

(ખ) સ્થાવર મિલકત પેટે આપવા માટે

(૧) ઠરાવેલું સરેરાશ વાર્ષિક ભાડું રૂા. ૧૦૦ કરતાં વધે નહિ, ત્યારે ૨

(૨) ઠરાવેલું સરેરાશ વાર્ષિક ભાડું રૂા. ૧૦૦ કરતાં વધારે હોય પણ રૂા. ૫૦૦ કરતાં વધારે ન હોય ત્યારે. ૫

(૩) બીજા કોઈપણ દાખલામાં ૧૦

૪૪ સાર્વજનિક ટ્રસ્ટના કર્તાએ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરવા માટે ચેરિટી કમિશનરને તેની સંમત્તિ આપવા માટે અરજી. ૧૦

૪૫. સાર્વજનિક ટ્રસ્ટ રચવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિએ, આવા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરવા માટે ચેરિટી કમિશનરને તેની સંમત્તિ આપવા માટે અરજી ૧૦

૪૬. વિલ કરનારનું વિલના એકઝીકયુટરે અથવા તે એસ્ટેટના વહીવટદારે ૧૦

ચેરિટી કમિશનરને તેને જે વિલ ઉપરથી ટ્રસ્ટી નિમવામાં આવ્યો હોય તે વિલની વિગતો જાહેર કરતો પત્ર વ્યવહાર. ૧૦

૩(૪૭(૧) ચેરિટી કમિશનરે અથવા સાર્વજનિક ટ્રસ્ટમાં હિતસંબંધ ધરાવનાર કોઈ વ્યક્તિએ ૧૦

૪(૪૭-કક) અથવા સાર્વજનિક ટ્રસ્ટના કોઈ ટ્રસ્ટીએ નવા ટ્રસ્ટીની નિમણૂંક કરવા માટે

અને ૪૭-ક અથવા મિલકત સોંપવા માટે અથવા બંને માટે કોર્ટને અરજી કરવા માટે.

૪૭(૬) કલમ ૪૭ની પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજીમાં કોર્ટે કરેલા નિર્ણય ઉપરથી ૧૦

હાઈકોર્ટને અપીલ.

૫(૫૦-ક) યોજના ઘડવા અથવા તેમાં ફેરફાર કરવા માટે ચેરિટી કમિશનરને અરજી.) ૫૦

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૧૪મા અધિનિયમની કલમ૨૩થી આ અનુસૂચિ દાખલ કરી છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ ૧૯(૧) થી અસલને બદલે આ નોંધ દાખલ કરી છે.

૩. એજનની કલમ ૧૯(૨)થઈ અસલને બદલે આ નોંધ મૂકી છે.

૪. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૪૨(ક) થી આ આંકડા અને અક્ષરો દાખલ કર્યા છે.

૫. એજનની કલમ ૪૨(ખ) થી આ નોંધ દાખલ કરી છે.

કલમ દસ્તાવેજનું વર્ણન કિંમત
૧ ૨ ૩
રૂા.
૫૧(૧) કલમ ૫૦માં નિર્દિષ્ટ કરેલી જાતનો દાવો માંડવાની મંજુરી આપવા માટે ચેરિટી કમિશનરને
કરવાની અરજી. ૧૦
૧(૫૫ સૂચનો માટે કોર્ટને અરજી ૧૦
૫૬-ક અભિપ્રાય, સલાહ અથવા સૂચનો માટે અરજી. ૧૦
૫૬-ક અભિપ્રાય, સલાહ અથવા સૂચનો માટે અરજી. ૧૨-૫૦
૫૯(૩) જે બેન્ક અથવા વ્યક્તિ પાસે સાર્વજનિક ટ્રસ્ટના પૈસા જમે રાખવામાં આવ્યા હોય તે બેન્કને
અથવા વ્યક્તિને સાર્વજનિક ટ્રસ્ટ ખાતે જમે હોય તે પૈસામાંથી ફાળો ભરવા માટે ચેરિટી કમિશનરે કરેલા હુકમ સામે રાજય સરકારને અપીલ.
૭૦(૧) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના કલમ ૨૦,૨૨ અથવા ૨૮ હેઠળના
નિર્ણય સામે અથવા કલમ ૫૪ની પેટા-કલમ(૩) હેઠળના હુકમ સામે ચેરિટી કમિશનરને અપીલ.
૭૧(૧) દાવો માંડવાની સંમતિ નહિ આપવાના ચેરિટી કમિશનરના નિર્ણય સામે મુંબઈ મહેસૂલ
ટ્રિબ્યુનલને કરેલી અપીલ.
૭૨(૧) કલમ-૪૦,૪૧ અથવા ૭૦ હેઠળના નિર્ણય અથવા કોઈ ટ્રસ્ટ અસ્તિત્વમાં
છે કે નહિ અથવા આવું ટ્રસ્ટ સાર્વજનિક ટ્રસ્ટ છે કે નહિ અથવા કોઈ મિલકત આવા ટ્રસ્ટની મિલકત છે કે નહિ તે પ્રશ્નો અંગે ચેરિટી કમિશનરના નિર્ણય
સામે કોર્ટને અરજી. ૧૦
૭૨(૪) કલમ ૭૨ની પેટા-કલમ (૨) હેઠળ કોર્ટના નિર્ણય સામે હાઈકોર્ટને અપીલ ૧૦
ચેરિટી કમિશનરને અથવા નાયબ કે મદદનીશ ચેરિટી કમિશનરને કોઈ તપાસ અપીલ અથવા બીજી કાર્યવાહી કરવા માટે રજૂ કરેલું મુખત્યારનામું
અથવા વકીલાતનામું. ૧
૨ (અધિનિયમ હેઠળ નકલો માટે ચેરિટી કમિશનરને અથવા અથવા બીજી કાર્યવાહી કરવા માટે રજૂ કરેલું મુખત્યારનામું અથવા વકીલાતનામું.
૨ (અધિનિયમ હેઠળ નકલો માટે ચેરિટી કમિશનરને અથવા નાયબ અથવા ૩
મદદનીશ ચેરિટી કમિશનરને અરજી કરવા માટે.
ચેરિટી કમિશનરને અથવા નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરને રજૂ કરેલી ૧
બીજી કોઈપણ અથવ અરજી.
૧. સન ૧૯૬૦ના મુંબઈના ૬ઠ્ઠા અધિનિયમની કલમ-૪૨ (ગ) થી આ નોંધો દાખલ કરી છે.
૨. સન ૧૯૫૩ના મુંબઈના ૨૮મા અધિનિયમની કલમ-૧૯ (૩) થી આ નોંધ દાખલ કરી છે.
જુઓ આ અધિનિયમની કલમ ૨-ખ.
સરકારી પ્રેસ, ભાવનગર.